સાબરકાંઠાની વનૌષધિઓ


ભાગ સાતમો



કેસુડો

કેસુડાનાં ફુલ પોપટની ચાંચ જેવાં હોય છે. તે ફૂલ ચામડીના રોગો અને મૂત્રપિંડના રોગો મટાડે છે.


રાજવૈદ્ય રસિકલાલ પરીખ
સંજીવની હૉસ્પીટલ, અમદાવાદ-૭



સાબરમતીનો મૂળથી મુખ સુધીનો ભાગ. સાબરમતીની મેઇન ટ્રીબ્યુટરી વાકળ નામની નદી છે તેને આગળ પનારી મળે છે. ત્યા તે વાકળ નદી ચિત્ર-વિચીત્ર આગળ આકડને મળી સાબરનું નામ ધારણ કરે છે. આગળ તેને શેઈ, હરણાવ, મળી કાટવાડ હાથમતી તેમાં ઠલવાય છે ત્યાર પછી તેનું નામ સાબરમતી થાય છે. વૌઠા પાસે વાત્રક મળે છે જ્યાં એક સંગમધરો આવેલ ત્યાંથી આગળ ખૂબ મોટો પટ થઇ આગળ ખંભાતના અખાતને મળે છે.

સાબરકાંઠાની વનૌષધિઓ

[ભાગ ૭ મો]



કાંચનાર

લેખક :

રાજવૈદ્ય રસિકલાલ પરીખ

સંજીવની હોસ્પિટલ, અમદાવાદ-૭.

જયેન્દ્ર સાંઢીરાલ્કી

પ્રકાશક :
રાજવૈદ્ય રસિકલાલ પરીખ
સંજીવની હોસ્પિટલ
સંજીવની રોડ, અમદાવાદ–૭.
ટે. નં. ૮૫૧૩૮

સંવત ૨૦૩૧ : આવૃત્તિ પહેલી
એપ્રિલ ૧૯૭૫

[redacted]

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.

પ્રસ્તાવના

આયુર્વેદની ઇમારત ત્રણ સ્કંધ ઉપર નિર્ભર છે: એક પંચકર્મ, બીજું નિદાન અને ત્રીજું ઔષધિઓનું જ્ઞાન. માધવનિદાન ઉપર સંપૂર્ણ મધુકોષીની ટીકાનું મેં ભાષાંતર કર્યું છે, જેની ત્રણ એડીશન બહાર પડી ચૂકી છે. જ્યારે પંચકર્મ એ ક્રિયાનો વિષય છે અને ઘરે વિદ્યાર્થીઓ રાખી ૫૦૦ ઉપરાંત શિષ્યોને તે ક્રિયાઓ શીખવાડી મેં સંતોષ અનુભવ્યો છે. ઔષધીવિજ્ઞાન વિષે ખોટો ખ્યાલ દૂર કરવા મારો એક દૃઢ સંકલ્પ હતો કે સમગ્ર પ્રજા માનવોપયોગી વનૌષધીની ઓળખ અને તેના ઉપયોગોથી પરિચિત થાય, એ માટે ૧૯૪૭થી ઔષધીનું જૂનામાં જૂનું સર્વોત્તમ પરમ ધામ અરવલ્લીને મેં પસંદ કર્યું હતું. ભગવાન–ચરક, ગુરુ આત્રેય અને ધન્વન્તરિજીની કૃપાથી આજે આ સાતમા ભાગમાં તે કામ પૂરું થાય છે. આ ભાગમાં અમીમંજૂષ, ધોળો ખાખરો, બીસ, મૃણાલ, મુચુકુંદ, ઢેડ ઉમરડો, જીરુ, અજમો, વછનાગ, ચાંગેરી, તાડ, રાજગરો, વાંદો, ટીટોડી, સકરટેટી, પીળો રગતરોહીડો, ઊભી ભોરીંગણીનું ફ્લાવરીંગ, વાણિયા વહેરા પાસે પીળા ફૂલથી લચપચતું રગત–રોહીડાનું વૃક્ષ, વેલંતરાનું ફ્લાવરીંગ, મધેશ્રી, ઈંગોરિયાનું ફ્લાવરીંગ, ધવનું ફ્લાવરીંગ, ડુંગળીનું ફ્લાવરીંગ, ચાસપક્ષી, પાલખની ભાજીનું ફ્લાવરીંગ, લીંડીપીપર, કાળીજીરી, મીઠીઆવળનું

ફલાવરીંગ; આ રીતે ઘણી નવી વસ્તુઓ આ સાતમા ભાગમાં આપી છે. સાથે સાથે ૧૨૦૦ માઇલની મારી મુસાફરી પૂરી થાય છે. મારે તો એ કહેવું છે કે આ જમીન અને પાણીનું સત્વ એટલું બધું છે કે સાબરના તટની લાકરોડાની ટેટી, સાકર કરતાં પણ ગળી લાગે છે. અને આ અરવલ્લીની વનસ્પતિનું જે ઓજસ મેં જોયું છે તેનું વર્ણન કરી શકાય તેમ નથી. પ્રથમ ભાગમાં ફૂલવાડી પાસે પાનરવા નજીક સાબરની મેઈન ટ્રીબ્યુટરી વાત્રક જેને સામે કિનારે માલપુર ગામ છે અને જ્યાં કોટડા છાવણીમાં પોલીસનું થાણું છે ત્યાં શીલવાડના છગનભાઈ આદિવાસી સાથે હું ખૂબ ફરેલો. એ ફૂલવાડીનું જંગલ આ સાબરનાં મૂળ તરફ આવેલું છે. તે વખતે મારો નાઈટહોલ્ટ પરોસડા ગામમાં હતો.જ્યાં ઈંગોરિયાનું મોટું વૃક્ષ હતું. ટીપુરથી લવારી જઈ આ વાત્રકના કિનારે અનેકવાર પાનીચું ખાધું. લવારીથી આગળ ઘોર જંગલમાં ૧૯૪૭ થી ૧૯૫૬ સુધી હું ખૂબ ફર્યો. ફૂલવાડીનું આ જંગલ ત્રણેય બાજુના પહાડોથી રક્ષાયેલું છે. આ રીતે છેક ઉદેપુર સુધીનો મહિમા પહેલા ભાગમાં વર્ણવ્યો છે. બીજા ભાગમાં ધોળવન, કાળવન, શેઈ નદીનો કાંઠો ગણવા પાસે માણસની આકૃતિવાળું સદનનું વૃક્ષ અને પોશીનાનો આખો ભાગ લઈ લીધો છે. ત્રીજા ભાગમાં રાયગઢનું જંગલ, આડા ફોરેસ્ટ, ભીલોડા વિસ્તાર, પાલપટ્ટો અને પોસીના પટ્ટો આટલું આવરી લીધું છે. ચોથા ભાગમાં કોસંબીનો આખો કાંઠો, વાલરણનો વિસ્તાર આપણને ખૂબ જ મુગ્ધ કરી દે છે. જ્યારે પાંચમા ભાગમાં માહીષ્મતી, માલપુર, વેત્રવતી, કલેશરી, લાખો-વણઝારો, કીસનગઢ, ઘઉઆવ, સદેવંત સાવળીંગા, સપ્ત ધારેશ્વર, ગુહાવી આગળનું ભદ્રેસર, વાલ્મીકિ ઋષિનો આશ્રમ, મેઘરજ, મોટી મોરીનું જંગલ, વાંસવાડા, ડુંગરપુર, મહિસગારનું મૂળ આમઝેરા, મુબેટી, ઝાંઝરી, જેસોર અને દાંતાનાં જંગલો, સોન-ગઢનો પહાડ વગેરે અનેક તીર્થોનું પર્યટન આવી જાય છે.

જ્યારે છઠ્ઠા ભાગમાં વિજાપુર, મહેશ્વરપુરા, મહુડી, મોયદ, કાટવાડા, ગાંભોઈ, ઈન્દ્રાસી અને ભવનાથનો વિસ્તાર, હરણાવ-વેલી, સોમનદીનો કાંઠો અને બાવળવાડાનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે. હવે આ સાતમા ભાગમાં સાબરના કાંઠે મહોર નામની પુરાણી નગરીનો વિસ્તાર, ગુમસરનું તળાવ, વરતોલનું તળાવ, મટોડાનું તળાવ, આગિયાનું તળાવ, મુનાઈની સાત માતાઓ, મલ્લાસા, સાબર જ્યાં ખંભાતના અખાતને મળે છે તે આખો સંગમનો ધરો, વૌઠાનો આખો વિસ્તાર, સાબરના કિનારે પાંડવોની વિરાટ નગરી, આ બધું આવરી લઈ આખા સાબરકાંઠાની વનૌષધિઓનું આબેહૂબ ચિત્ર આ સાતમા ભાગ સાથે પૂરું થાય છે. આપણા માણસો, આપણી સંસ્કૃતિ, આપણી નદીઓ, આપણા ભીલો, આપણા ભોમિયાનું આગવું ચારિત્ર્ય તથા રીતભાત અને આપણી વનસ્પતિની ખૂબીઓ, ગુણધર્મ એ મારે મન સર્વોત્તમ આયુર્વેદની ભક્તિ છે. જે ચિકિત્સા વડે ચિત્ત-શુદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

આ સાત ભાગ જે કોઈ વાંચશે અને તેમાં ડૂબકી મારશે તો તેનો દેહ તથા મન પાવન થઈ જશે. અને હસ્તામલકવત્ આ વનૌષધીઓનું જીવતું જાગતું દર્શન જનમોજનમ કાયમ રહેશે. તેનું કરોડોગણું ગૌરવ વધશે. તે અનેક રોગોમાંથી બચી જશે. સાઈડ ઈફેક્ટસ અને ઉપદ્રવોનો ભોગ નહીં બને. આ સાતેય ભાગમાં વાકળનાં મૂળથી પાનેરી નદી જ્યાં મળે છે ત્યાંથી આગળ કોસંબીનો કાંઠો પાર કરી લવારીથી આગળ છેક ચિત્ર-વિચિત્ર આગળ આકળનો સંગમ થાય છે તે સાબર છે. આગળ ખેડ-બ્રહ્મામાં કોસંબી મળે છે તે સમગ્ર કાંઠો અને હરણાવ જે કાછરોટીયા પહાડથી નીકળે છે, ત્યાંથી સાબરને મળે છે તે સંગમ આગળ, ત્યાંથી જ્યાં દાંતાના ડુંગરોની કીડી મંકોડીની નદીઓ મળે છે તે સંગમથી આગળ, જાદરથી આગળ, સપ્ત

ધારેશ્વર, ત્યાંથી આગળ મહુડી અને મહોર નગરીથી આગળ, આખો હાથમતીનો કાંઠો જ્યાં કાટવાડા પાસે નેતરનું વન છે તે ચુલીયા ધરાથી આગળ કર્ણાવતી ઉપર થઈ છેક વૌઠા આગળ સંગમ ધરા સુધી અને ત્યાંથી નાનીબોરુ મોટીબોરુ થઈ ખંભાતના અખાતને મળે છે. તે સાબરનાં બંને કાંઠાની પરિક્રમા ૨૭ વર્ષે પૂરી કરવાનું જે પુણ્ય મળ્યું છે તે આ સાત ભાગમાં મૂકી સાબરનું યત્કિંચિત્ ઋણ આમાં હું અદા કરું છું. આશા છે કે આયુર્વેદપ્રેમીઓ રોજ આ વાંચશે તો ઘણું બધું જાણવા મળશે.

આભાર

શ્રી નટુભાઈ સી. ઓઝાએ આ પુસ્તકના ફોટા પાડવામાં સહૃદયથી સહકાર આપ્યો છે. અને આ પુસ્તકનું ઝડપી અને સારા પ્રિન્ટિંગ માટે નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસના માલિક શ્રી મણિભાઈ શાહ તથા તેમના સ્ટાફમાં કમ્પોઝનું કામ કરતા મુરબ્બી શ્રી મોહનલાલ ભાવસાર, જેસીંગભાઈ એમ. સોઢા, ફરીદભાઈ આઈ. એરીવાલા તથા રમણભાઈ પી. પારેખનો સહૃદયપૂર્વક આભાર માનું છું.

સાબરતટે, કર્ણાવતી, સંજીવની હોસ્પિટલ
ફાગણ વદ ૮, સં. ૨૦૩૧,

રાજવૈદ્ય
રસિકલાલ પરીખ

કુમારિકા ખંડ

જેમ નર્મદા નદીના આજુબાજુના ક્ષેત્રને રેવા ખંડ કહે છે તેમ સાબરમતીના આજુબાજુના ક્ષેત્રને કુમારિકા ખંડ કહે છે. આ કુમારિકા ખંડમાં આયુર્વેદની માનવ ઉપયોગી હજારેક વનૌષધિઓ સદાય સજીવન લાગે છે. ખાસ કરીને હરણાવ, સાબર, આકળ-વાકળ, કોશંબી, પનારી, માહિમ્મતી, મેશ્વો, મહોર, ખારી, વાત્રક, શેઈ, હાથમતી, ભેંસકા, ગુહાવી અને ઇંદ્રાસી નદીઓની આજુબાજુનો પ્રદેશ કુમારિકા ખંડ કહેવાય છે. આર્યોએ ખાસ આ ખંડ પસંદ કર્યો હતો. આયુર્વેદનો આ બગીચો અને સ્કંદપુરાણમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. કુમારિકા ખંડમાં રહેતાં જ નીરવ શાંતિ મળે છે. અરવલ્લીનો આ ઉત્તરાખંડ પ્રદેશ આયુર્વેદની તીર્થયાત્રાનો પ્રદેશ છે,




હળદર




નેપાળો

સાબરકાંઠે સમૃદ્ધ નગરીઓ

હરણાવના કાંઠે પોળો નગરી હતી અને બીજી ખેડબ્રહ્મા. જ્યારે વટપલ્લીએ, હરણાવ અને સાબરની વચ્ચે હતી. 'મહોર', મધુંપુરી (મહુડી), ગદ્ધાપુરી, (સૂર્યકુંડની લાઈનમાં) કર્ણાવતી, અને વૌઠાના ભાગમાં વિરાટ સાબરને કાંઠે ભવ્ય અને સમૃદ્ધ નગરીઓ હતી. જેના અવશેષોએ મને મુગ્ધ કરી નાખ્યો છે. તેમાં આયુર્વેદ એ રાજ્ય માન્ય તબીબી શાસ્ત્ર અને પદ્ધતિસરનું વનૌષધિઓનું વાવેતર હતું. આ સાતમા ભાગમાં 'મહોર' અને 'વૌઠા'નું વર્ણન આપવામાં આવ્યું છે. વૌઠામાં સાત નદીઓનો સંગમનો "સંગમ ધરો" ખાસ મહત્ત્વનો છે.




નાગરમોથ



હસ્તીદંતી

સજીવન "સંગમ" ધરો

વૌઠા એ સાબરમતી ઉપરનું ગોકુળિયું ગામ છે ત્યાં વાત્રક અને સાબરનો સંગમ છે. ત્યાં એક મોટો ઊંડો લાંબો પહોળો વિશાળ ધરો છે. ત્યાં સ્નાન કરવાનું ખૂબ જ મહત્ત્વ છે. પિતૃ-ઋણમાંથી છૂટવા માટે આ સ્નાન કરવા ભારત ભરમાંથી લોકો અહીં આવે છે અને કારતક સુદ પૂનમે ત્રણથી ચાર લાખની વસ્તીવાળો મેળો આ સંગમ ધરામાં નાહવા માટે ભરાય છે. ગધેડા-ઓનું વેચાણ અહીં થાય છે અને સરતાકાળમાં પણ એક ગધેડું ૨૫૦૦ રૂપિયામાં વેચાયું છે. સાબરમાં હાથમતી અને ખારી અને વાત્રકમાં શેઢી, મેશ્વો, માહિષ્મતી એમ સાતનો સંગમ થાય છે. ૫ટ માઈલેક લાંબો છે. આ વિરાટ નગરી હતી અને આજે પણ પાંડવોનો આરો આ નદી ઉપર મોજુદ છે. સાબરનું આ મુખ ભવ્ય છે. આ ધરાનું ઊંડાણ કોઈ કાઢી શક્યું નથી. આ રીતે સાબરનું મૂળ પણ વિશાળ છે અને મુખ પણ વિશાળ છે. સાબરમતીની આ પુષ્કર સરોવર જેવી યાત્રા છે. આખો સાબર તટ ફરી આ "સંગમ" ધરામાં નાહ્યા પછીથી જ સાબર યાત્રાની પરિક્રમા સફળ થાય છે.



કરિયાતું



ચિત્રક

વટપલ્લીની મહાન વિદ્યાપીઠ

હુએનસંગ બે એક હજાર વર્ષ ઉપર ખંભાતના બંદરેથી ઊતરી, ચંદ્રગુપ્ત રાજાના રૂક્કા સાથે આવેલો ત્યારે ઘોડા ઉપર મુસાફરી કરી આ વડાલી ગામમાં એક દિવસ અને રાત રોકાયેલો.. એવી ભવ્ય આ વિદ્યાપીઠ હતી અને આવા સમયે આયુર્વેદની વિદ્યાશાખા ખૂબ જ વિકસેલી હતી. ચામુંડા માતાનું મંદિર ૧૦૦ વર્ષ પુરાણું છે. અને સૂર્યમંદિરનો પડછાયો સમળેશ્વર તળાવમાં પડતો હતો. તેટલી ઊંચાઈએ આ સૂર્યમંદિર બાંધેલું હતું. ગામમાં આચાર્ય વલ્લભાચાર્યજીની બેઠક શ્યામસુંદરના મંદિરમાં છે. વલ્લભાચાર્યજી જેવા આચાર્ય જેઓ શ્રીનાથજી સાથે સીધી વાતચીત કરી શકતા હતા. તેઓ આ વટપલ્લી શહેરમાં આવી ગયા છે. એ વાતને આજે ૪૫૦ થી ૫૦૦ વર્ષ થયાં. એટલે છેક સુધી તેની જાહોજલાલી જળવાઈ રહી હતી. પણ અત્યારે એ સાવ ગામડા જેવું થઈ ગયું છે. મોગલોએ આ વટપલ્લીની વિદ્યાપીઠ તોડી હતી. અને એવો તેનો ઐતિહાસિક ઉલ્લેખ મળે છે. શીતળા, ઉંટાટિયું વગેરે રોગવાર (સેપરેટ) અલગ અલગ વિદ્યાશાખાઓ ચાલતી હતી.



અમર ફળ



આદું

ભીલોની તંદુરસ્તી રોજ તાજી ચટણીને આભારી છે

ભીલ પ્રજા રોજ જીરું, લસણ, ડુંગળી, મરચું અને મીઠાની તાજી ચટણી બનાવીને ખાય છે. જીરું અગ્નિમાંદ્યને દૂર કરે છે, મોંઢાની દુર્ગંધીનો નાશ કરે છે. ખાવાની રુચિ પેદા કરે છે. ખોરાકનું પાચન કરે છે. માથામાંથી નાક–આંખમાંથી પાણી કાઢી શીરો-વિરેચન ક્રિયા કરાવે છે. આ રીતે સાબરકાંઠામાં જીરું, કડવી જીરી. એમ બન્ને જીરાની ખેતી થાય છે. અને નદીના પથરા ઉપર પણ અનેક છોકરીઓને આ ચટણી વાટતાં મેં અનેકવાર જોઈ છે. આ રીતે રસોડામાં આયુર્વેદ સચવાયો છે. પાઉં, ડબ્બલ રોટી નહીં પણ મેંદા જેવી રોજ ને રોજ તાજી જીરું, ડુંગળી, લસણ, અને મરચાંની ચટણી અને થેપલા, એ આર્યોની તંદુરસ્તીનું મૂળ હતું. આ પુસ્તકમાં જીરાનું ચિત્ર પણ છે. મોટા ભાગમાં ભીલ લોકો આ ચટણીમાં રોજ તાજું આદું પોતાના ખેતરમાંથી ખેતી કરેલું લાવી ચટણીમાં નાંખે છે. આ રીતે આદું, કોથમીર, જીરું, લસણ અને મીઠાની ચટણી હોજરીના બોઈલરમાં અગ્નિ પેદા કરી, ખાવાની રુચિ પેદા કરે છે. મોંની દુર્ગંધી દૂર કરે છે, દીપન–પાચન ગુણ વડે આંતરડાને હાલતાં – ચાલતાં સતેજ અને ક્રિયાશીલ રાખે છે અને આર્યોનાં આ જીવતા–જાગતા એન્જાઈમ્સ ખોરાકમાંથી લોહી બનાવે છે. કફ બનાવતું નથી. તેથી આર્યોને તો એન્જાઈમસની ટીકડીઓ લેવાની જરૂર પડતી નથી. જીરું એ જ એન્જાઈમ છે.

આ અરવલ્લી એ દૈવી ભૂમિ છે

અહિંના લોકો આ ઔષધિઓનું સેવન કરી રોગમુક્ત થાય છે. પૂજ્ય રેવાનંદતિર્થજી કહે છે કે અહિંની ભૂમિ બધાને સમાવે છે. રોગીનો રોગ મટાડે છે. ભોગીને ત્યાગ અને તપશ્ચર્યા શીખવે છે. સંન્યાસીઓ પણ આત્મજ્ઞાન અહિં જ મેળવે છે અને સ્વર્ગમાંથી પતિત થયેલાઓ પણ અહિં જ જન્મે છે. રાણા પ્રતાપ જેવાને પણ અહિં જ સ્થાન મળ્યું હતું અને મીરાં જેવાએ પણ પાનરવાની જ જગ્યા પસંદ કરી હતી. ગુહાદિત્યનો જન્મ પણ અહિંની જ ગુફામાં થયો હતો. આયુર્વેદના પિતામહ આત્રેય તથા ચ્યવનઋષિ અને ચરકનો પણ અહિં જ વાસ હતો. આ ભોળી–ભાલી પ્રજા બધાને જ અહિં સમાવે છે. તેઓ પછાત નથી પણ ઘણી જ આગળ વધેલી દૈવી અને ઉચ્ચ કોટીની પ્રજા છે.




કાસુંદરાની શીંગ અને પાન

અરવલ્લીનો વિશાળ વિસ્તાર

અરવલ્લીની હારમાળામાં વેલા, વેલીઓ, ઔષધિઓ વૃક્ષો જે માનવ ઉપયોગી હોય તેવી જ જડીબુટ્ટીઓનું દર્શન ત્યાં થાય છે. તેમાંથી નીકળતી મહિસાગર, સાબર, વાત્રક, માહિષ્મતિ, મેશ્વો, હરણાવ (હિરણ્ય ગંગા) સોમ, ઇંદ્રાસી, હાથમતિ, શેઈનાં કાંઠે અનેક રોગો મટાડનારી બહુ પ્રભાવવાળી દિવ્ય ઔષધિઓનું દર્શન થાય છે. તેમાં પિલ્લક, સદણુ, બસંતિ, પાતાળકોળું, ચાંગેરી, રૂખડો, વિકળો, ઇંગુદી, મીંઢીઆવળ જેવી અનેક વનૌષધિઓ દોષો પકાવનારી, કાઢનારી અને સમગ્ર પંચકર્મ કરનારી માલુમ પડે છે.




કડો-ઇંદ્રજવની શીંગ અને પાન.



ભેંસકા નદી ગુહાવીને અને ગુહાવી નદી હાથમતિને અને હાથમતિ સાબરને મળે છે.
આ ત્રણેયનો કાંઠો જડીબુટ્ટીઓથી છવાયેલો છે.

અનુક્રમણિકા




પિલક્ક

કોસંબીની ખીણુમાં પીલક્કનું રક્તશુદ્ધિ કરનારૂં વૃક્ષ

પુરાતન "મહોર" નગરી : વનૌષધિઓનું પરમ ધામ અને સોનામુખીનું નર્યું વન

"મહોર" એક પુરાતન નગરી સાબરને કાંઠે હતી. ધરોઈ બંધથી તદ્દન નજીક આજે તેનાં ખંડિયેરો જણાય છે.




મહોર ડુંગરની નીચે

બખોલોમાં મધ્ય પ્રસરતું સુંદર ગારી મહોર,
થાકેલાને અતિથિ ગણીને આસપાસ ભૂમિમાં,
જૂના પહાડ સ્મરી ગરીબ જો પ્રીતથી આસરો લે,
સ્નેહી આવે ઔષધી જોઈ, થાય સ્વસ્થ મનુષ્ય.

દટાયેલાં ઘર અને મંદિરોના અવશેષો મેં જોયા અને બે ફૂટ બાય બે ફૂટની ઈંટો પણ જોઈ. સાબરનાં શુભ્ર કાંઠે અહીં મોટી વસ્તી હતી. આજે તે મહોર નગરી તૂટી હતી, પણ નવી મહોર એક ગામડું જ રહ્યું છે. ત્યાં હું ગયો. મહોરનો ડુંગર ત્રણ માઈલ લાંબો અને દોઢ માઈલ પહોળો પડેલો છે. તેના ઉપર થોરનાં ઝુંડ જોયાં, પણ તે ઉપરાંત પહાડ ઉપર અને તેની બખોલોમાં ધોળો ધવ, હાલરડી, ધોલૂડાનાં મોટાં વૃક્ષો, ઓંઝી, કડાયો, કટારી, કાંટાવાળો ધવ અને અરણીનાં વૃક્ષો જોયાં. આ પહાડની બખોલોમાં મધ-ભમરિયું મધ-પણ બાઝેલું હતું-આ પહાડોના કાળા પથ્થરો ઉપર શિલાજિતના રેલાઓ ઊતરતા દેખાતા હતા, પરંતુ સાથે એટલા બધા વાંદરા હતા કે તે ખાઈ જતા હતા. કાછશેટિયા પહાડથી નીકળેલી હરણાવ છેક ચાંપલપુર પાસે દેલવાડા નજીક સાબરને મળે છે. તે સાબર હવે આગળ જઈ વળાંક લઈ છેક ધરોઈ આગળ આવી. ત્યાંથી આ મહોર નગરી અને આગળ મધુપુરી તથા ગદ્ધાપુરી જેવી નગરીઓનાં ખંડેરો પણ મેં જોયાં. આ સાબરના કાંઠે સોનામુખી પુષ્કળ પ્રમાણમાં ઊગેલી હતી અને ત્યાંના લોકોને તેની શીંગ-નંગ ત્રણથી ચાર રાત્રે પાણીમાં પલાળી તે પાણી પીવાથી દસ્ત સાફ આવી જતો હતો અને મહોર ગામના લોકો તો તેના પાંદડાં ફાંસી લાવી તેનું ચૂર્ણ કરી ઉપયોગમાં લેતા હતા. દોઢ માઈલની પહોળાઈ અને ત્રણેક માઈલની લંબાઈ અને હજારેક ફૂટની ઊંચાઈનો આ મહોરનો ડુંગર પુરાતન કાળમાં એક ભવ્ય વનસ્પતિનું, ઉદ્યોગનું, ધર્મનું અને સંસ્કૃતિનું કેન્દ્ર હતું.

શ્રી ચુનીભાઈના કંપેથી ટ્રેકટરમાં આ વખતે દસેક માઈલની મુસાફરી કરી. કારણ કે રસ્તો પથ્થરિયાળ અને પહાડ ઉપરથી નીકળવું પડતું હતું. રસ્તામાં કેરડાનાં ઝાડ ઉપર કેસરિયા ફૂલની ચાદર પથરાયેલી દેખાતી હતી. આ લોકો આ કેરડાનાં



તારે આધીન ફળ ફૂપીનું,
નેણુ લીલા અજાણ્યાં,
પીવા તો તું જન પદ બહુ,
લોચને પ્રીતિ હેતે,
જ લ દી હો રે,
ચા ડ સુ ર ભી છે,
ખેતરો ખૂબ ખેડ્યાં,
થોડી ।।રે હળવા ગતિથી,
મહોર તો ઉત્તરા દો.

ખડકાળ રસ્તા હોવાથી મોગલોએ તોડેલું મહોર સંસ્કૃતિનું
પરમ ધામ અમે ટ્રેક્ટરમાં બેસી મુસાફરી કરીને જોયું.

ફૂલ તથા ફળને ચાર દિવસ–છાસ તથા મીઠામાં પલાળી રાખી–રોજ છાસ બદલી ચોથે દિવસે અથવા પાંચમા દિવસે કાઢી સાધારણ તાપમાં સહેજ સૂકવી નાંખે છે. પછી રાઈની દાળ,


હળદર, મીઠું અને થોડુંક તલનું તેલ તે બધું ભેગું કરીને ચઢાવી અને ભેળવી દે છે. આજે શિવરાત્રી હતી. બીલી ઉપર પાકટ પીળાં પાન દેખાતાં હતાં. આખો રસ્તો ઇંગોરિયાના છોડ તથા વૃક્ષોથી છવાયેલો હતો. સાબરકાંઠામાં ઇંગોરિયાના છોડ ઘણા છે. ઇંગુદીનું એક નામ "તાપસ વૃક્ષ" છે. તેને "તેલ ફલા" અને "દીર્ઘકંટા" પણ કહે છે. ઇંગુદીનાં લીલાંછમ વૃક્ષો લીલાશ લેતાં સફેદ રંગનાં ઝીણાં–ઝીણાં પુષ્પો સફેદ થડ, મોટા કાંટાવાળી શાખાઓ, અંડાકાર અખંડિત પાન અને તેની વચ્ચે મોટા આવેલા ઇંડા જેવા ફળો જોઈ હું ખૂબ જ હરખાયો છું. ઇંગોરિયાનાં ફળ જ્યારે કાચાં હોય છે ત્યારે (લીલા રંગનાં) પરંતુ પાકે છે ત્યારે તે લીંબુની જેમ પીળા રંગનાં થઈ જાય છે. આ ફળ ઉપર પાંચ સ્પષ્ટ રેખાઓ દેખાય છે. આ ફળ ઉપરની છાલ નરમ હોય છે, અને તે દૂર કરવાથી અંદર ગોટલા ઉપર ચળકતા ભૂરા રંગનો ચીકણો ગર હોય છે. જેની વાસ બહુ ઉગ્ર હોય છે. આ ગરને દૂર કરતાં અંદર ઈંડા આકારનો ગોટલો આપણા જોવામાં આવે છે. એ સખત પથ્થર જેવો હોય છે. તેને ભાંગતાં અંદરની મીંજ–મજ્જા આપણને મળે છે. આ મજ્જામાં ખૂબ જ તેલ હોય છે. મેં આ કાંઠામાં જોયું કે સાબરનો કિનારો આ ઇંગોરીયાથી ખૂબ જ છવાયેલો છે. જ્યારે વાત્રકનો કિનારો અરણીથી ખૂબ જ છવાયેલો છે. પહેલાં અહીંના લોકો ઇંગોરિયાની અંદરની મીજનું અંજન આંજતા હતા. વાગવા–ભાંગવામાં અને ઘા રૂઝવવામાં આ તેલ ખૂબ વપરાતું. પણ હવે આજે કાળ એવો આવ્યો છે કે તે દેખાતું જ નથી. કારણ કે આજે જંગલોમાં પણ અહીં અંગ્રેજોએ મીશનરી નાંખી છે. અને ટીંકચર બેન્ઝાઈનનો ખૂબ જ પ્રચાર કર્યો છે. તો પછી ઇંગોરિયાનો ભાવ કોણ પૂછે? સંદેશરાના ધોળા–પીળા ફૂલનો ઢગલો દેખાતો હતો. અને અમે મહીપાસુરી માતાના મંદિર પાસે એટલે મહોર ડુંગરની તળેટીમાં આવ્યા. મોગલોએ કરેલા ખંડેરોના અવશેષો

જોયા. તેમાંના એક પીલર ઉપર દેવનાગરી લિપિ જોઈ. તેમાં સંવત ૧૫૨ લખેલું હતું.



સંવત ૧૫૨ નો છે આ શિલાલેખ,
૧૮૦૦ વીતી ગયા, તોય તેજ એનું એજ.
ઊભું આવી ઓજવાળી બુદ્ધીઓની,
સાગર તટે આ નગરીઓ ભાખતી કાળ મોગલોનો.

આ મહીષઃસુરી માતાનું પુરાણું મંદિર રહ્યું સહ્યું પણ ઊભું છે અને પૂર્વની સંસ્કૃતિનો પ્રકાશ દેખાડે છે. કમ્પાઉન્ડમાં એક મહાદેવનું પણ મંદિર છે.




ત્વં મર્દિની શક્તિરનન્તવીર્યા,
વિશ્વસ્ય બીજં પરમાસિ માયા !
સમ્મોહિતં દેવી સમસ્તમેતત્
ત્વં વૈ પ્રસન્ના ભુવિ મુક્તિહેતુઃ

આ મહિષાસુરમર્દિની માતા મને અનેક ભૂતકાળનાં સંસ્મરણો આપતી હતી કે મોગલ સંસ્કૃતિને કાઢી આર્યસંસ્કૃતિને પાછી લાવો. આ મહિષાસુરમર્દિની દેવીનું મુખ શંકરના તેજથી પ્રગટ થયેલું છે. યમરાજના તેજથી તેમની ભુજાઓ, ચંદ્રમાના તેજથી તેમના બે સ્તનો, ઇન્દ્રના તેજથી તેમનો કટીપ્રદેશ, વરુણના તેજથી તેમની જાંઘ અને પીંડલી તથા પૃથ્વીના તેજથી તેમનો નિતંબ ભાગ, બ્રહ્માના તેજથી બંને ચરણ, સૂર્યના તેજથી આંગળીઓ, કુબેરના તેજથી આંખ, દાંત પ્રજાપતિનાં તેજથી; ત્રણેય

નેત્રો અગ્નિના તેજથી પ્રગટ થયેલા છે. બેલુર મઠમાં દશેરાને દિવસે આ મહિષાસુરમર્દિનીની મોટી પૂજા થાય છે. એવી પૂજા અહીં મોગલ આવ્યા પહેલાં થતી હતી તે ખંડેરો જોઈ મારી આંખમાં આંસુ સર્યાં છે અને આ સંસ્કૃતિ તાજી કરવાનો કાળ પાકી ગયો છે.

અહીં અવશેષોમાં પડેલી ખંડિત મૂર્તિઓ ઘણી જોઈ. જેમાં મહીષાસુરી તેના રુદ્ર સ્વરૂપમાં પણ જોઈ. આ માતાના હાથમાં ડમરું હતું. એક કાળ એવો હતો કે ધર્મનું આ પણ કેન્દ્ર હતું. અને આ મૂર્તિઓ આપણને એ બતાવતી હતી કે ભારતના લોકો નાસ્તિક ન હતા. મહોર ડુંગરના નદી ઉપરના ભાગ ઉપર જ્યાં મહોર ગામ છે ત્યાં જૂના મંદિરનાં ખંડેરો જોયાં.



કાંઠે તેને ખડખડ થતું પીસતું મીષ્ટ પાણી
મસ્તર ગૃહે પિધુ અમૃતમય પાણી સાબરમતીનું.

ત્યાંના પથ્થરો અને સ્થાપત્યો જોતાં આર્યોની જૂનામાં જૂની સંસ્કૃતિ આ હતી તેમ લાગ્યું. આ મહોર ગામ અને ડુંગર બિલકુલ સાબરના કિનારે છે. અને આ લોકો તેનું પાણી પીએ

છે તેથી ખૂબ જ સશક્ત રહે છે. આ મહોરની એક પાંખ આંબાવાળા ડુંગરને મળે છે તથા બીજી પાંખ વીંછી ડુંગરને મળે છે. ચેતનધન આ પહાડની આજુબાજુની જમીનમાં મહોર જેવી પેદાશ આપે છે. અમે ત્યાં જીરું જોયું. જીરાનો છોડ જોતાં મને ખૂબ જ આનંદ થયો. અને સુવાની ભાજીની જેમ કાચી ને કાચી તેની કૂણી ડાંડલીઓ ખાવા મંડી ગયો.

આદીવાસીઓ પોતાની ૪ થી ૬ ગૂંઠાની જમીનમાં ડોલર પકવતા નથી. દેવને રહેવાના ઘર શરીરને સાચવવા માટે જીરું, આદું, કોથમીર અને લસણની ખેતી કરે છે. ભગવાન ચરકની



જીરું, વર્ષાળિ, શુંઠી, ત્રિલવણ, હિંગશેકેલિ - બેખર ભેગી,
પીંપરો, ચવ્ય, ચિત્રામૂલ, મરિ, પિપરીમૂલ, અજમોદમેલી,
નિત્યે જે ચૂર્ણ સેવે ગરમ સલિલમાં, છાશમાં, કાંજીમાં કે-
કે દહીમાં ખોરાકીના અહણી, હરસને, આમ ગોળો તજે તે.

"ગરમી કા ઈલાજ મુઠ્ઠી ભર જીરા,
શરદી કા ઈલાજ મુઠ્ઠા ભર હીરા".

ચિકિત્સા દુનિયામાં સર્વ સામાન્ય થયેલી છે. તેમણે "યવાની ષાડવ" ખૂબ પ્રચલિત કર્યો હતો તે હવે આપણે ઘેર ઘેર પ્રચાર કરવાની જરૂર છે. જેમાં નીચે પ્રમાણે દ્રવ્યો આવે છે. અજમો, આમલી, સૂંઠ, અમ્લવેતસ, દાડમ, ખાટાંબેર એ દરેક એક એક તોલો. ધાણા, સંચળ, જીરું, તજ એ બધાં અડધો અડધો તોલો, પીપર નંગ ૧૦૦, મરી નંગ ૨૦૦, સાકર તોલા ૧૬, એ બધાનું સાથે ચૂર્ણ કરવું. તે ચૂર્ણ જીભને સાફ કરનારું, હૃદયને હિતકારી, ખોરાકમાં રુચિ કરનારું, હૃદય, પ્લીહા અને પડખાનાં શૂલનો નાશ કરનાર, કબજીઆત અને આનાહનો નાશ કરનાર, ઉધરસ અને શ્વાસનું હરણ કરનાર, ગ્રાહી અને ગ્રહણી તથા હરસના વિકારને દૂર કરનારું છે. (ચ. ચિ.અ. ૮) ચરકની ચિકિત્સા જગજાહેર વખણાય છે. અને આજકાલ લોકોને ભાલા જેવાં ભોંકાતાં જે શૂલો પેદા થાય છે, તેમાં જીરાનો ઉપયોગ સર્વશ્રેષ્ઠ છે. આર્યો જીરાનો ઉપયોગ ખૂબ કરતા. આજકાલ જીરાનો ઉપયોગ બિલકુલ ઓછો થઈ ગયો છે. ધંતૂરાની પરદેશી બનાવટો તથા ઈન્જેકશનો કરતાં જીરું શૂળ મટાડવામાં ઉત્તમ છે. ૬૪ તોલા જીરું, ૨૫૬ તોલા ગાયના દૂધમાં બાફી તેનો માવો કરવો. તે માવો થઈ જાય તે પછી ૧૬ તોલા ગાયના ઘીમાં તે માવાને શેકવો. ત્યારપછી ૧૨૮ તોલા સાકરની બેતારી ચાસણી કરીને તેમાં એ માવો મેળવવો. ત્યારબાદ દરરોજ સવાર–સાંજ ચાર તોલા ખાવો. અમે અહીં ખેતરોમાં જીરાની ખેતી જોઈ; તે અજમાના છોડ જેવી લાગતી હતી. અજમાની પેઠે જ જીરાના છોડ જેવા આ છોડ દેખાય છે. અજમાની પેઠે જ જીરાના છોડ ઉપર જીરું આવે છે. આ ખુશબોદાર ઔષધ, રૂક્ષ હોવાથી હોજરીના કફને પહેલાં સાફ કરી દે છે. કૃમિઓનો નાશ કરે છે. આંખોને તેજ આપવામાં આ જીરાની ચટણી ભીલ લોકોને મોતીઆ આવવા દેતી નથી. જીરાની ગ્રાહી અસર જોઈ, આર્ય પ્રજા મરડામાં છાસનો ઉપયોગ કરે છે. તેમાં ભારોભાર જીરું નાંખે છે; તે ગ્રાહી છે.

વઘાર એ આર્યોનું મોટામાં મોટું ડીસઈન્ફેકટન્ટ દ્રવ્ય છે કારણ કે જે કોઈ રસોઈ થઈ હોય તેમાં આ જીરાનો વઘાર નાખો ત્યારે જ આ ખાવામાં યોગ્ય થાય છે. આ રીતે રસોડામાં આયુ-ર્વેદ જળવાઈ રહ્યો છે. જીરા ઉપરાંત અમે ત્યાં અજમો, ઈસબગુલ, સોનામુખી, પીપરમીન્ટનો ફુદીનો, મીઠી તુલસી, કપૂર તુલસી, ઊભી ભોંયરીંગણી તથા ડુંગળીનું સુંદર ફ્લાવરીંગ આ મહા માસમાં જોયું. જીરાની જોડે જ દીપન ઔષધ વરિયાળીનું રીતસરનું વાવેતર હતું. વરિયાળી ખૂબ ખાધી અને બપૈયા પણ ખાધા. ગઈ વખતે હું આવ્યો ત્યારે અહીં બોર ઢગલાબંધ લાગેલાં હતાં. આ વખતે શેતુરનું વન જોયું. અહીં મીઠાં શેતુર થાય છે. અહીં કૂવા બનાવવા માટે ઊંડાણમાં ખૂબ પથ્થર તોડવા પડે છે. પાણી ખૂબ પાચક અને મીઠું છે. આ પાણી સહેજપણ કબજીઆત રાખતું નથી. આવળ પણ તેના પીળાં ફૂલ સાથે દેખાતી હતી. મીંઢિયાવળનું ફ્લાવરીંગ પણ આવળના જેવું હતું. મીંઢિયાવળનાં પાન સરપંખા જેવાં હતાં.

મીંઢિયાવળ તીખી, કડવી, અગ્નિદીપક; મૃદુ રેચક તથા દેહશોધક છે. અને અહીંના લોકો, તે નદીકિનારે એટલી બધી થતી હોવાથી તેની શીંગો તથા પાન ફાંસી લાવી ચૂર્ણ કરી વિરેચન તરીકે વાપરે છે. અહીં વેલંતરો તથા ઇંગોરિયાનું નર્યું વન છે. આયુર્વેદમાં ઇંગુદી તેલ શોધન રોપણ માટે છે. ઠેર ઠેર ઇંગુદીનાં પાન મેં જોયાં. તથા ઊભી ભોંયરીંગણી પણ સારા પ્રમાણમાં જોઈ.

અહીંના ભીલ લોકો દાંત દુખે ત્યારે આ ભોંયરીંગણીનાં ફળોથી દાંતમાંના કીડા કાઢે છે. તે લોકો એક સહેજ પહોળા મોઢાનો માટીનો ઘડો લે છે તેના પડખે ઉપરનો વળાંક આવે છે ત્યાં એક ઈંચ પહોળો અને ત્રણ ઈંચ લાંબું કાણું પાડવું, જેમાં સહેલાઈથી તાવેથો આવી શકે. આ છેદ આડો પાડવો

અને આ ઘડાને એક થાળીમાં પાણી ભર્યા પછી ઊંધો પાડવો અને તેના તળિયે એક પૈસા જેટલું ગોળ કાણું પાડવું પછી




મીંઢિયાવળના છોડવા આવળના જેવા તથા ૨ ફૂટથી ૨॥ ફૂટ ઊંચા હોય છે. ઔષધમાં પાન ફૂલ એ જ ઉપયોગમાં આવે છે.

" रूक्षोष्णं शोधनी वाढ वातश्लेष्मविरोधिनी ।
शस्तां सनामकी नाम मनाक् पीततनुच्छदा ॥
मार्कण्डिका कुष्ठहरी ऊर्ध्वाधः कायशोधिनी ।
वातरुक्कृमिकासघ्नी गुल्मोदरविनाशिनी ॥ "

સોનામુખી વિરેચક, વામક, વાતરોગ, કૃમિ, ખાંસી, ગુલ્મ અને ઉદરરોગને હરનાર છે. ચામડીના વિકારોમાં એ ઉપયોગી છે.


તાવેથો ખૂબ લાલચોળ ગરમ કરવો. તેના ઉપર ૮ થી ૧૦ ફળના બીજને સરસવનું તેલ તથા ગોળ મૂકી કાણામાં તે તાવેથો



અહીં તેના અસામાન્ય મોટાં પાન તથા ફળ આ છબીમાં દેખાય છે. તેના ફળની પીળાશ હળદરને પણ આંટ મારે તેવી હોય છે. તેનો તાજો સ્વરસ પીવાથી દમ–ખાંસી તાત્કાલિક મટાડે છે. તેના મૂળનો ઉકાળો અપાનવાયુને ફુચ્ચુસ કરી સરાવી નાંખે છે. આ જાતની રીંગણીમાં મ્હોરથી થોડેક દૂર ધોળા ફૂલવાળા છોડ જોવા જેને આયુર્વેદમાં લક્ષ્મણા કહે છે. આ લક્ષ્મણાનાં મૂળને પુષ્યનક્ષત્રમાં લાવી તેને કુમારિકા પાસે દૂધમાં વટાવીને ઋતુસ્નાન કરેલી સ્ત્રીને ખવડાવવાથી ગર્ભાધાન થાય છે. રસ અને પાક કડવો તથા તેમાં તીખો અનુરસ રહ્યો છે.

રાખવો. તથા તળિયાના ગોળ કાણા ઉપર મોઢું રાખવું જેથી મોંમાંની લાળ થાળીમાં પડશે. આનાથી બાળકોને જે થ્રેડ વર્મ્સ દોરા જેવા કૃમિ પડે છે તેવા દાંતમાંથી કૃમિ પડશે. આ એક અદ્ભુત પ્રયોગ આ ભીલ પ્રજામાં પ્રચલિત છે. અને મને આસ્સો ગમે છે. અહીં વજ્રદંતી પણ સારા પ્રમાણમાં જોવામાં આવતી હતી. વજ્રદંતીની કાંટી તથા જાંબુડિયા રંગની દાંડી દેખાતી હતી. વેલંતરા ઉપર ત્રણ રંગનાં ફૂલ હતાં. જાંબુડિયાં, ધોળાં અને પીળાં. અહીં સાબરનો પટ સારો એવો પહોળો છે. અને આ મહોરની સામે બાજુ તારંગાના પહાડો દેખાય છે.

જેના ઉપર પ્રભાસપાટણ જેવું શિવમંદિર અનેક કલાત્મક મૂર્તિઓ સાથેનું તે બતાવે છે કે એકવાર આર્ય સંસ્કૃતિનો વસવાટ અહીં જ હતો. તારંગા પણ વનૌષધીઓનું ધામ છે. જેઠીમધના વેલા રસ્તામાં ખૂબ જ આવતા હતા. જેને અહીંના



જ્યાં વૈદ્યોનાં ઔષધ મુખનો થાક ઉતારતો એ,
તારંગા તુ પ્રિયતમ સમો, ટાળતો થાક મારો.

લોકો મધેશ્રી કહે છે. ઝીંઝીં ઠેર-ઠેર દેખાતી હતી. ટ્રેકટરમાં આ બધી મુસાફરી કરવી તે પણ જીવનનો લહાવો છે. આ ટ્રેકટરમાં અમારું ગૃપ ખૂબ જ રમૂજી હતું અને હાંકનાર પણ ખૂબ જ સારો હતો. સુલેહ કંપેથી અમે સવારે નીકળ્યા ત્યારે રસ્તામાં રંગબેરંગી મોટા ચાસ પક્ષીનાં દર્શન થયાં. જેની સુંદરતા તે ઊડે ત્યારે ખૂબ જ સરસ લાગતી હતી.



કડવા સરઘવા ઉપર ચાસ પક્ષી


ટ્રેકટરોમાં ફરી બુટ્ટીઓ ખૂંદી મહોરને પર્વતોમાં,
ભૂરો, આસમાની ને મેઘધનુષ્ય જેવો,
ડાબી બાજુ ચાસ પક્ષી, ઝંડી લીલી દેતો એ,
વિચરો તમે સુખપૂર્વક બુટ્ટીઓની શોધમાં.

ઊડતા-ઊડતા તે કડવા સરગવાના વૃક્ષ ઉપર બેઠું હતું. અને પાછા વળ્યા ત્યારે પણ તે ત્યાં જ બેઠું હતું. અમારી આ યાત્રા વગર વિઘ્ને પૂરી થઈ. ફળફળાદિ પણ ખૂબ ખાધાં. ઘઉંના તાજો પોંક તથા મકાઈ શેકીને ખાધાં તથા પપૈયાં કાચાં-પાકાં ખૂબ ખાધાં; કારણ કે કાચાં પપૈયાં પણ ખૂબ જ મીઠાં હતાં. થોડાં ડુંગળીનાં ફૂલ મેં સીસકારતાં-સીસકારતાં ખાધાં તથા મુખવાસમાં વરિયાળી ખૂબ જ ખાધી. અજમા-જીરાની દાંડલીઓ પણ ચાવી. તમે નહીં માનો પણ અજમા-જીરાનાં છોડ તથા ઈસબગુલ પણ મેં પહેલી જ વખત જોયા.



ચીકણું લાટ હોવાથી તે પાણી સંગ્રહી ફૂલે છે અને પોતાના ભાર અને સંગ્રહથી મિકેનિકલી ઝાડો લાવે છે. આ ગુંદર જેવી ચિકાશ છિદ્રોને પૂરી અગ્નિને મંદ કરે છે. લાંબો ટાઈમ લેનારનું લીવર પણ બગડે છે. આ ઈસબગુલનાં ખેતરો મને એમ કહેતાં હતાં કે આ મારી પવિત્ર ભૂમિમાંથી મકાઈ, ઈસબગુલ, બટાટા આ બધું પાછું કાઢો અને જ્યાંથી આવ્યાં ત્યાં ધકેલી દો.

જેમ કોટેશ્વર પાસે એડબ્રહ્મા નજીક નસોતરનો વેલો પહેલી જ વખત જોયો હતો તેમ આ ઈસબગુલના છોડ એકાદ હાથ ઊંચા ખેતરમાં દેખાતા હતા અને ઘઉંની જેમ તેને ઊંબી આવે છે. તેમાં દાણા આવેલા હતા અને ચાંચડ જેવાં તેનાં બીજ હતાં. અને લાંબી ઘાસ જેવી પાંદડી હતી અને વચ્ચેથી ઊંબીઓ નીકળતી હતી. આયુર્વેદમાં આ છોડનો બહુ ઉલ્લેખ નહોતો પણ મોગલ આવ્યા પછી તેનો વપરાશ વધ્યો છે તેથી.




પૂર્વે આપણા દેશમાં મકાઈનો પાક થતો ન હતો. પંચમહાલ, સાબરકાંઠા તથા ડાંગમાં જે પાક ઘુસાડ્યો છે તે કાઢવા જેવો છે. કારણ કે તે આંતરડાને નુકસાન કરનાર છે.

હિંદમાં પણ આ ઊમતુંબ્રુ વપરાય છે. પરંતુ આયુર્વેદના આર્ષ ગ્રંથોમાં મેં તેનો ઉલ્લેખ જોયો નથી. અમારે ત્યાં સોના-મુખી તથા ગરમાળો થાય છે, તો ભીલો ઈસબગુલ શા માટે વાપરે? કારણ કે તે ચીકણું હોવાથી જઠરાગ્નિને મંદ કરી દે છે, તે તેઓ જાણે છે. ભલે ઉત્તર ગુજરાતમાં તે મણબંધી વેચાતું હોય આ લોકોની અંધશ્રદ્ધા ભલે હોય પણ તે અંધ-અનુકરણ કરતાં અંધશ્રદ્ધા કરોડો દરજ્જે ઉત્તમ છે. દેવોમાં કાળા બાપજી અપનાવ્યા છે. અને દેવીઓમાં મહિષાસૂરી, ચામુંડા, મહાકાલી, અંબાજી તેઓની પૂજા કરી છે. અહીં લાલ ફૂલનો રગતરોહીડો પણ ડોકીયાં કરતો હતો. બધા જ આ પાચક પાણી ગટગટાવે જતા હતા. અને મકાઈ દોડા શેકીને પણ તાજાતાજા ખાઈ ગયા.

આદિવાસીઓની મકાઈનું ફલાવરીંગ તથા મકાઈ દોડા જણાતા હતા. અહીંના લોકો આખા ચોખાનું ઢાંચલું તથા મકાઈનું ઢાંચલું ખાય છે. તેમાં છાસ નંખાય છે. આપણા લોકોએ મહેમાનને ઢાંચલા ખવડાવવાવું આ ભીલ પ્રજા પાસેથી શીખ-વાનું છે એક માટલામાં સારા પ્રમાણમાં પાણી લઈ મકાઈનો લોટ ભેળવી ઉકાળે છે. તથા મીઠું નાંખે છે ઊકળતાં-ઊકળતાં રાબ જેવું થાય ત્યારે ઊતારી દે છે. ખરેખર તો ભીલો મકાઈ ખાતા ન હતા. પણ પોર્ચુગીઝોએ આ મકાઈનાં મૂળ ઊંડાં નાંખ્યાં છે તે કાઢવાં પડશે. મકાઈ તંદુરસ્તી માટે સારી નથી પણ આ પ્રજા કાઠી તથા પ્રદીપ્ત જઠરાગ્નિવાળી છે, તેથી તે પચાવી શકે છે.

આપણા લોકો ચાસ પક્ષીને સારા શુકન માને છે અને


કોઈને આપણે કહેવતમાં કહીએ છીએ કે ચાસીયો મલ્યો હતો ? તેમ જેને ચાસીયા મળે તેનું કામ ફત્તેહ થાય છે. અને તે ચાસ પક્ષી પણ અમારી સાથે પાછળ પાછળ ઊડવા માંડયું અને ચાસીયાના આ સંકેતથી અમોને સ્વામીજીનાં દર્શન તેમ જ શામળાજીનાં દર્શન થયાં.



ચાસપક્ષી શુકનિયાળ પક્ષી છે તે ઊડે ત્યારે તેના મેઘધનુષ્ય જેવા રંગ દિલને ખૂબ આકર્ષે છે. પહાડોના ખડકાળ રસ્તામાં આ ચાસે જ્યારે અમને શુકન આપ્યા ત્યારે નિર્વિઘ્ને અમો પાછા ફર્યા.


મારી સાથે મારા મિત્ર કપડવંજવાળા હિમાંશુ ટ્રેડર્સવાળા શ્રી બુદ્ધિધન મણિલાલ શાહ અને મારા શિષ્ય શ્રી કીરીટસિંહજી

અને રમેશભાઈ ઉપરાંત બન્ને સ્નેહીઓ તથા રીસર્ચ ખેડૂતશ્રી ચુનીભાઈએ ઘણી વનસ્પતિઓ ઓળખાવી અમે જે જીરાના છોડ જોયા તેને સુવાની ભાજી જેવી પાંદડી હતી. જીરાની પાંદડી અજમા જેવી દેખાતી હતી. જ્યારે ઈસબગુલની પાંદડી જુદી પડતી હતી ઈસબગુલના ૦ાા ફૂટથી ૧ ફૂટ જેટલા છોડ



શામળાજીમાં ગ્રુપ ફોટો
મારા અરવલ્લીના પર્યટનમાં આ કાલા બાપજીએ અનેકવાર આશીર્વાદ આપ્યા છે; જેથી હેમ-ખેમ હું ડુંગરા અને ખીણોમાં ભમી શક્યો છું.

હતાં. અજમાના છોડ હાથેક જેટલા ઊંચા જોયા અને જીરાના છોડ પણ તેને જ મળતા હતા.



આયુર્વેદમાં અજમાનું નામ કૃપોદરા આપ્યું છે. ઉદર એટલે પેટને કૃપ કરે છે. અજમાનું સેવન કરનારનું પેટ વધતું નથી.


પણ ઈસબગુલનાં પાન તથા તેની ઉપરનું લીરીયું, જુદું પડતું હતું. જીરું વાતહર છે. ક્ષુધા પ્રદીપ્ત કરનારું, રુચિકારક અને ઠંડું છે. શરીરમાંથી ગરમી કાઢવાને જીરું એ ઉત્તમ ઔષધ છે. તેની ખુશબો જોઈ હું કેટલાય છોડ ચાવી ખાઈ ગયો.

"ગરમીકા જીરા ઔર
ઠંડી કા હીરા."

અહીં ઘોળું જીરું જોયું તે આંખને માટે સારું છે.


વટપલ્લી

હજારો વાર વડાલીથી હું પસાર થયો છું પણ આ વખતે ગામમાં પ્રવેશ કર્યો અને ચામુંડા માતામાં પ્રતિષ્ઠા થતી હતી ત્યાં ગયો.



ત્રણવાર મોગલોએ આ મંદિર તોડયું અને આ મંદિરની પ્રતિષ્ઠા ચોથી વખત કરવામાં આવી છે.

સ્વામીજીએ કહ્યું કે અહીં જે મરડાશીંગી થાય છે તેનું દાતણ કરતાં તેના ઉપરની છાલનો ભાગ ચવાઈ ગયા પછી તેનો કૂચો વડની વડવાઈઓનો કૂચો પોચો રેશમ જેવો હોય છે તેમ રેશમ જેવો થઈ જાય છે. બીજી વાત સ્વામીજીએ એ કહી કે અત્યારે મહારાજા દલજીતસિંહજી છે. તેમના પિતાશ્રી હિંમતસિંહજી, તેમના પિતા દોલતસિંહજી અને તેમના પિતા કેસરીસિંહજી જેમને હથેળીમાં સાતપડો થયેલો. તેઓ અહીં વડાલી આવેલા ત્યારે અહીંના વૈદ્યરાજે આજુ–બાજુથી વનૌષધિઓ લાવીને લુગદી બાંધી તરત જ પીડા બંધ કરી નાખેલી. ચાર દિવસ બાંધી તો પસ બધું જ નીકળી ગયું અને મહારાજાએ ખુશ થઈ કંઈક માંગવાનું કહ્યું ત્યારે તેમણે દવા બનાવવા માટે પાશેર અફીણ માગ્યું. આવા નિઃસ્પૃહી વૈદ્યો વટપલ્લીમાં હતા. સ્વામીજીએ કહ્યું



૫. પૂજ્ય સ્વામીજીએ આ કાંઠામાં ભક્તિ, ધર્મ, નીતિ અને આ સંસ્કૃતિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

કે ઇન્દ્રધનુષ્યના બે છેડાને જોડતી લીંટી દોરો તો તે બે છેડાના વચ્ચેના ભાગમાં પાતાળકોણું થાય છે. આ વટપલ્લીમાં બે હજારથી બાવીસો વર્ષ ઉપર ચીની મુસાફર હુ–એનઉસંગ આવેલા તે એક રાત અહીં રોકાયેલા.


ચંદ્રગુપ્તના વખતમાં પાટલીપુત્રથી ચંદ્રગુપ્તનો રૂક્કો લઈ આ રાજાઓને બતાડતાં જ ઘોડા વગેરેની વ્યવસ્થા લોકોએ કરી આપેલી તે વખતે અહીં ખૂબ જ મોટી સંસ્કૃત અને સંસ્કૃતિની વિદ્યાપીઠ ચાલતી. આયુર્વેદની વિદ્યાપીઠનું આ મહાન ક્ષેત્ર હતું.



ચમુંડામાતા રુદ્રસ્વરૂપમાં દેખાય છે. સત્યનું રક્ષણ કરવામાં ગમે તેટલા લોકો કપાય તો પણ તે અહિંસા છે તેમ આ મૂર્તિઓ વેદની ભાષા પ્રદર્શિત કરે છે.

અહીં ચામુંડા મંદિરમાં ચામુંડા માતાના રુદ્રસ્વરૂપની મૂર્તિનાં દર્શન કર્યાં.

અહીં ગઢીયા ઉપર મોટું સૂર્યમંદિર હતુ જેનું પ્રતિબિંબ સમળેશ્વર તળાવમાં પડતું. આચાર્ય મહાપ્રભુ વલ્લભાચાર્યજી અહીં વટપલ્લીમાં આવેલા તે વાતને આજે ૫૦૦ વર્ષ થઈ ગયાં.



શ્યામસુંદરનું મંદિર

આ સુંદરવર શામળિયાનું તેજ જેમ શામળાજીમાં છે તેમ શ્યામસુંદરમાં આવેલું છે. અહીં આચાર્ય મહાપ્રભુજી ખાસ પધાર્યા હતા એ વાતને ૫૦૦ વર્ષ થઈ ગયાં. તે ખરેખર ઐતિહાસિક ઘટના છે. આખા કાંઠામાં આ એક જ મહાપ્રભુજીની બેઠક છે.

શ્યામપુંદિરનું મંદિર બહુ જ સુંદર છે ત્યાં વલ્લભાચાર્યજીના પગલાં પડેલાં છે. બીજું વૈજનાથ મહાદેવ છે. ત્રીજું રૂપ-ચતુર્ભુજ મહાદેવનાં દર્શન કર્યાં તે પણ ગામમાં જ છે.




"શંકર તેરી જટામેં ચલે ગંગધાર હૈ,
ઊઠતે હૈં બારબાર બારિક તરંગે."

સ્વામીજીએ કહ્યું કે મેં પણ એક પાર્વતીજીની મૂર્તિ એવી જોઈ હતી કે જેના ઉપર સંવત ૨ લખેલું હતું એ ઉપરથી જણાય છે કે આર્યોની જૂનામાં જૂની સંસ્કૃતિ આજ હતી અને અહીં હતી. અહીં વૈદિક સંસ્કૃતિનાં, તાંત્રિક સંસ્કૃતિનાં, પૌરાણિક સંસ્કૃતિનાં અને ધરોઈ બંધ જેવાં આધુનિક સંસ્કૃતિના સ્થાપત્યો પણ મેં જોયાં. સ્વામીજીએ કહ્યું કે ઊંદર કરડયો હોય તો ઊંદરની લીંડીઓને લસોટીને બાંધવી. વા થયો હોય તો માલકાંગણીનું તેલ વા ઉપર લગાડવું. અને ભિલામાં, ગંધક અને લોબાનના ચુવાની પણ તેમણે વાત કરી. અહીં અમે પ્રસાદી લીધી ત્યારે

તેમણે કહ્યું કે પહેલા મધુર રસ, પછી લવણ રસ અને છેવટે રૂક્ષ ભોજન કરવું જોઇએ. અને જમ્યા પછી ડાબો હાથ પેટ ઉપર ફેરવવો જેથી અજીર્ણ થાય નહીં તથા ભીમ અને વિષ્ણુનું સ્મરણ કરવું. આ વટપલ્લીની પાસે એક મોટું લાખેરા તળાવ છે અને ત્યાં લાખા વણજારાની મૂર્તિ છે જે હું પાંચમા ભાગમાં આપી ગયો છું. આ રીતે વટપલ્લી એટલે વડાલી, એ મોટું વિદ્યાપીઠનું કેન્દ્ર હતું. ઈડરથી વટપલ્લી જતા ડાબે હાથે વાણિયા વહેરાનું એક નાનુંશું નાળું જોયું તો તેની ધાંસ ઉપર મહા મહિનામાં ફુલબહારમાં ખીલેલો રગતરોહીડો જોયો. અમે તેનાં ફૂલ વીણી લીધાં અને ઘેર છાંયે સૂકવ્યાં.

આ બાજુના લોકો ડુંગળીનું વાવેતર ખૂબ કરે છે. મહુવાથી



ડુંગળીના બીજનું ફ્લાવરીંગ
સાબરકાંઠામાં લસણ-ડુંગળી સારા પ્રમાણમાં ખવાય છે. ભીલ પ્રજાની આ કસ્તુરી છે. ફાગણમાં આ ડુંગળીનું ફ્લાવરીંગ જોવાની ખૂબ મજા આવે છે.

જાફરાબાદ સુધી જેમ ખેતરોમાં ડુંગળીનું વાવેતર દેખાય છે તેમ અહીંની ભીલ પ્રજા આદું અને ડુંગળીની સુંદર ખેતી કરે છે. તેમને બધા જ એન્ઝાઇમ્સ આ ડુંગળીમાંથી મળે છે તેને ભીલ પ્રજાની કસ્તુરી કહી છે. ડુંગળીના બટકા સાથે રોટલો ખવાતો હોય. અહીંના લોકો નાળાની ભાજી ખૂબ ખાય છે, પણ સાથે સાથે ચાંગેરી જેવી ખાટી ભાજી પણ ખૂબ ખાય છે.



ખાટી ભાજી

આયુર્વેદમાં આને ચાંગેરી કહે છે. ખાટો રસ હૃદયને ખૂબ હિતકર છે. અવાર-નવાર ખાટી ભાજીઓ ખાવાથી હૃદયરોગ થતો નથી કારણ કે ખાટો રસ વાયુનું શમન કરનાર છે. દક્ષિણમાં આ ભાજી દાળ-શાકમા ખવાય છે.

આ ચાંગેરી ઉપરાંત લાલ દાંડીનો તાંદળજો તેઓ અવાર-નવાર ખાય છે તેથી કબજિયાત રહેતી નથી અને આંખો સારી રહે છે. પાલખની ભાજીનું સારા પ્રમાણમાં વાવેતર કરે છે તે ભારે છે, છતાં સારક હોવાથી ગેસ થવા દેતી નથી. મગની દાળ સાથે પાલખનું શાક સારું બને છે. આ વખતે તેનું ફ્લાવરીંગ જોવા મળ્યું.



પાલખની ભાજીનું ફ્લાવરીંગ


પાલખ પચવામાં ભારે છે, સારક છે, સિંધી સમાજ આનો વધુ ઉપયોગ કરે છે.

અમારા ચુનીભાઈએ અમીમંજુસનો છોડ બતાવ્યો તે અહીં સારા પ્રમાણમાં થાય છે. કોઢની તે સુંદર દવા છે.



અમીમંજુસ

આવા કેટલાય છોડ આ કાંઠામાં દવા તરીકે વપરાય છે.



દશમૂળમાંનું એક "ટેંટુ" ની તલવાર જેવી શીંગ અંદર એસ્પ્રો જેવું પેકીંગ છે.

વટપલ્લીથી ભીલોડા થઈ શામળાજી

અહીંથી ઈડર થઈ ગુહાવી નદીના પુલ ઉપર થઈ, ત્યાંથી ભેંસકા નદીના પુલ ઉપર થઈ, મુળેટીનો રસ્તો મૂકી આગળ કીશનગઢનાં મંદિર વટાવી અને ભીલોડા પહોંચ્યા. આ ભીલ રાજાની નગરી હતી. ત્યાંથી અમે શામળાજી ગયા. અને શામળાજીના મંદિર પાછળની દીવાલોની કોતરણીમાં પુરુષ અને



'કિશનગઢના મંદિરમાં માનાસા પાસે પાંચમા ભાગમાં હું આપી ગયો છું તેવું જ છાસનું વલોણું આ સત્ યુગના શામળાજીના મંદિરમાં એમ કહે છે કે દેવને પણ દુર્લભ એવી છાસ રોજ વલોણાથી તૈયાર કરી પાવો.

આ છાસ વલોવતી કોતરણી તથા વનસ્પતિની કોતરણી જોઈ હું ખૂબ જ ખુશી થયો. કાળા બાપજીનાં શામળાજીમાં દર્શન કર્યાં.



અને ખાક ચોકના મોટા મહંતશ્રીને મળ્યા. મેં સાબરકાંઠાની વનૌષધીનો છઠ્ઠો ભાગ તેમને અર્પણ કર્યો. એમણે અહીં પુરાણું સૂર્યમંદિર દેખાડયું. અને સૂર્ય ભગવાનની મૂર્તિનો ફોટો લીધો.

મેં અહીંના પર્યટનમાં જોયું કે સૂર્યમંદિરો તથા તેની મૂર્તિઓ વધુ પ્રમાણમાં છે. લુણાવાડામાં જે સાત ઘોડા અને રથવાળી મૂર્તિ જોઈ તેને બદલે અહીં ઊભેલા સૂર્યનારાયણ દેખાય છે, આ ઉપરથી ફલિત થાય છે કે મોટા ભાગના આર્યો તે સૂર્યના ઉપાસક હતા. અહીં લીંડીપીપરના વેલા જોયા.



સ્થાવર અને જંગમનો આત્મા સૂર્ય છે. આખા સાબરકાંઠામાં એક કાળ એવો હતો કે જ્યારે સમગ્ર પ્રજા સૂર્યની ઉપાસક હતી.



લીંડીપીપર–લીંડીપીપર તીક્ષ્ણ યોગવાહી તરીકે વપરાય છે. પરંતુ વધુ પ્રમાણમાં વાપરવી હિતાવહ નથી.

તથા નાગકેસર પણ જોયું. શામળાજીનો નીલમ હીરો ખૂબ જ ચમકતો હતો. અમે સૌ અહીં તેમનાં દર્શન કરી તથા કાલા બાપજીનાં દર્શન કરી પાવન થયા. ત્યાંથી અમે પાછા હિંમતનગર સંજીવની આવ્યા. અને ઊર્જાપ્રદમ્ સ્નાન કરી ધૂળ કાઢી અને તપેલી ભરીને ખૂબ લીમડો ઉકાળીને હું કઢી પી ગયો. અને અમારા શ્રી દવે સાહેબ તો જોતા જ રહ્યા કે આ કેટલી કઢી પીવે છે. અહીં મારા શિષ્ય શ્રી સુરેન્દ્રભાઇ જોષી મળવા આવ્યા. અને તેમને પણ સાબરકાંઠાનો વનૌષધિનો છઠ્ઠો ભાગ અર્પણ કર્યો. આ છઠ્ઠા ભાગનું ઉદ્દ્ઘાટન અહીંના જિલ્લા પંચાયતના સભાગૃહમાં અનેક માણસોના આશીર્વાદ સાથે વિક્રમ સંવત ૨૦૩૧ ના મહા સુદ દશમ તા. ૭–૩–૭૫ ના રોજ વનસ્પતિ પ્રદર્શન, પ્રજા હિતાર્થે ભરી, અનેક પ્રેસ રિપોર્ટર્સની હાજરીમાં એક મોટો ઉત્સવ ઊજવ્યો હતો.

કર્ણાવતી

સાબરના કાંઠે ધરોઈ ડેમથી આગળ મહોરનગરીનાં ખંડેર જોયાં અને ત્યાં થતી વનૌષધિઓ જોઈ આગળ જતાં મોયદ પાસે હાથમતીનો લાંબો સંગમ જોયો. તે નદી આગળ જતા આવી જ્યાં કર્ણાવતી નામની મોટી નગરી હતી. જેનું વખત જતાં અમદાવાદ નામ થઈ ગયું છે. આ કર્ણાવતી સાબરના કિનારે મોટામાં મોટી નગરી ચાલી આવી છે જેની અત્યારે ૧૯ લાખની વસ્તી છે. જેને કિનારે આજે પણ દધીચિ ઋષિનો આશ્રમ અને સપ્તર્ષિના આરા દેખાય છે. દધીચિ ઋષિના આશ્રમ પાસે મારા



ગુરુવર્ય શ્રી પ્રભાશંકરભાઈ

અમે આયુર્વેદથી સુખી થયા છીએ અને તમારે પણ જો સુખી થવું હોય તો આયુર્વેદ તરફ પાછા ફરો એ સંદેશો ઘેર-ઘેર પહોંચાડનાર આ યુગપુરુષને કરોડો વંદન.

ગુરુનો અગ્નિદાહ કર્યો હતો, તે મારે મન એક પવિત્ર તીર્થધામ બની રહ્યું છે જ્યાંથી આજે પણ હું પવિત્ર આયુર્વેદની પ્રેરણા લઈ રહ્યો છું.

અંગ્રેજી કાળમાં વ્યવસ્થિત રીતે આયુર્વેદને નિર્મૂળ કરવાનું કાવતરું તે સમયના ત્યાંના પોલીટીશીયનોએ ઘડેલું. વાઈસિરોયો દ્વારા મોટા પાયા ઉપર સર્વનાશ કરનારી યોજના ઘડાઈ તેનો અમલ કરવામાં આવ્યો હતો તે અરસામાં ઝઝૂમનાર આ શ્રી પ્રભાશંકરભાઈને ત્યાં બાર વર્ષ એ મારા જીવનના પરિવર્તનના દિવસો ગયા છે. આ ગુરુએ મારું આખું જીવન બદલી નાંખ્યું છે અને આયુર્વેદને મીશ્ર કોર્સમાં નાંખી નહીં અભડાવવામાં તેમનો મોટો હિસ્સો રહેલો છે.

"હાક સુની હનુમાનની,
જેમ ઝોડિયું ભાગી જાય,
રોગ માતર જાતો રહે,
તારી વાતુમાં વૈદરાજ.
કંચન વરણી ભૂમિકા,
નરવો સાલે માર,
નર પટા નર નીપજે,
પટ જુઓ પાંચાલ."

આ પાંચાલ દેશમાં આ એક સિંહ પાકી ગયો જેને આયુર્વેદ ક્ષેત્રે સમૂળી ક્રાંતિ કરી જેની જીવનરેખા મેં લખી છે.

ત્યાં ચંદ્રભાગા નામની નાની નદી મળે છે. અહીં નદીના અંદરના ભાગમાં કોટથી બાંધેલી આ કર્ણાવતી માણેકબાવાના નામ ઉપરથી માણેકચોક ઓળખાય છે. અને નદીની બીજી બાજુ જ બાગાયત જમીન હતી ત્યાં મેં સંજીવનીનો ડેરો નાંખી આ સાબરની આખી પરિકમ્મા પૂરી કરી છે અને સાબરનું પાણી જે


વર્ષો સુધી પી-પી કર્યું તેનું યત્કિંચિત્ ઋણ અદા કર્યું છે. જેમ દ્રોણે જે ડેરા નાંખ્યો તેના ઉપરથી દહેરાદુન કહેવાય છે. એવો જ ડેરો આ સંજીવનીનો એટલા માટે છે કે અહીં ડેરો નાંખી ૧૯૪૭ થી સાબરનાં કાંઠે ફર્યા જ કરું છું. સાબરના કિનારે મોટામાં મોટી નગરી આ કર્ણાવતીની છે. ત્યાંથી ફત્તેહવાડી કેનાલથી વીસલપુર, કાંસીદરા, ભાત, બદરખા અને કાવિઠા આગળ થઈ ધોલકાથી પાંચ-સાત માઈલ થઈ વૌઠા પાસે આવે છે. અહીં મારે એક વાત એ કહેવી છે કે જેમ અરવલ્લીમાં મોટું સરોવર જય-સમુદ્ર છે તેમ સાબરને માટે નજીકમાં મોટું સરોવર નળસરોવર છે. નળસરોવર ૨૫ થી ૩૦ માઈલ લાંબું અને ૩ માઈલ પહોળું છે. આવું સરોવર કાંકરોલીમાં છે જેનું નામ રાઈસરોવર છે. અહીંના પઢાર લોકો બે વનૌષધિનો ખોરાકમાં ઉપયોગ કરે છે. એક થેગ જેને સંસ્કૃતમાં ગવેધુકા અગર થેગી કહે છે. બીજું બીડ જેના કંદ જમીનમાં લાગે છે અને ઉપર ઘાસ થાય છે. બીડના રોટલા બનાવી ખાય છે. થેગ મેદ ઉતારનારી પચવામાં હલકી અને ચરકે તેને પ્રમેહ, મેદરોગ અને વાતવ્યાધિઓમાં વાપરી છે. આ થેગ એક મોટામાં મોટું ટૉનિક છે. તેની રાબ પણ સારી થાય છે. નળસરોવરની આજુ-બાજુ તેની પેદાશ વધારે પ્રમાણમાં છે. સાબરના ઉપલા ભાગમાં જેમ વનૌષધિનો ભંડાર છે તેમ નીચલા ભાગમાં ધોળકા બાજુ આદુ અને દાડમની ખેતી વધારે છે. આદુની ખેતી એકતો શામળાજીમાં સર્વશ્રેષ્ઠ થાય છે અને બીજે નંબરે ધોળકામાં થાય છે. તેથી ધોળકાની સૂંઠ ખૂબ જ વખણાય છે, નીચલા ભાગમાં વર્ષોથી જૂની ક્યારીઓમાં ડાંગરની ખેતી વધારે પ્રમાણમાં થાય છે. ભગવાન ચરકે ડાંગરની ૬૪ જાતો કહી છે. આજે તે લગભગ બધાં જ નામો ભૂંસાઈ ગયાં છે. આજે અમો ખેતરો ખૂંદતા હતા ત્યારે ભાલા જેવા કાંટાવાળો ધમાસો જોયો. સંસ્કૃતમાં તેને ધન્વયવાસ કહે છે. જવાસાને કાંટા હોતા નથી, જ્યારે ધમાસાને કાંટા હોય છે. આ ધન્વયવાસ પેશાબ લાવનાર છે.

હવે અમે વૌઠા ગામમાં આવ્યા. ત્યાં અમો ઉદેસીંગભાઈને ત્યાં આવ્યા. અમારી સાથે અડાસના દરબાર શ્રી કિરીટસિંહજી તથા મારા જૂના મિત્ર શ્રી અંબાલાલભાઈ તથા કીસાનગૃહવાળા શ્રી અરવિંદભાઈ જાની તથા અમારાં શિષ્યા શ્રી તરુલતાબહેન પણ સાથે હતાં. ધોળકા એ વિરાટનગરી હતી અને અહીં પાંડવોની નિશાળ આજે પણ મોજૂદ છે. જેમાં મીનળદેવીનું તળાવ આજે પણ પથ્થરનું બનાવેલું મોજુદ છે. સાબરના કાંઠે મોટામાં મોટી નગરી આ વિરાટનગરી જ હતી અને પાંડવોનો ત્યાં વાસ હતો. પાંડવોની ઘણી સ્મૃતિઓ સાબરતટની આસપાસ મળે છે. ધોળ-



સંગમ ઘાટ જોવા જતી વખતે અડાસના દરબાર, મારા સાથી શ્રી અંબાલાલભાઈ તલાટી અને વૌઠાના રહેવાસી વગેરે સાથેનો ગ્રુપ ફોટો, પટ ખૂબ જ પહોળો હતો અને રેતી ખૂબ ઊડતી હતી.


કાથી ત્રણ માઈલ દૂર પીસાવાડા ગામ છે. ત્યાં પાંડવોનું તળાવ છે. ત્યાં પાંચેય પાંડવોના પાંચ આરા છે. જે નહાતા એકબીજાને જોઈ ન શકાય તેવા છે. એટલે પહેલા નંબરની વિરાટનગરી આ કાંઠે હતી. બીજા નંબરની નગરી કર્ણાવતી, ત્રીજા નંબરની મધુપુરી, ચોથા નંબરની મહોર અને હરણાવ ઉપર પોળો નામની મોટી નગરી હતી. આ બધાંનાં ખંડેરો જોઈ સાબરના વહેતા પાણીનો ઇતિહાસ મારી આંખમાં આંસુ લાવતો હતો. અને ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જાવ.



ઇંદ્રજવ-કડો.


સાબરના કાંઠે ગોકુળ : વૌઠા ગામ

આ વૌઠા ગામમાં સિદ્ધેશ્વર મહાદેવ છે અને ચક્લેશ્વર મહાદેવ છે. અહીં અમે વાઘેલા દરબાર ઉદયસિંહજી અને વીરુભા સાહેબને ત્યાં ઊતર્યા અને તરત જ બધાયે અમૃત જેવી છાસ પીધી અને ત્યાંથી અમે સાબરમતી નદીના ભાઠામાં ઉતર્યાં



વાત્રક અને સાબરનો અહીં સંગમ થાય છે તેથી. તેનું નામ સંગમ ધરો આપેલું છે. દર વર્ષે ચાર-ચાર લાખ માણસો અહીં સ્નાન કરે છે તેજ આ ધરાની ખાસ મહત્તા છે.

કર્ણાવતીથી ફત્તેહવાડી થઈ ધોળકા બાજુથી વળી આ નદી વૌઠા આવે છે. અહીં તેનો એકાદ માઈલ જેટલો પહોળો પટ છે. મોયદ કાટવાડ પાસે હાથમતી તો સાબરને મળી ગઈ હતી. જેનું વર્ણન મેં ભાગ છઠ્ઠામાં કર્યું છે અને જ્યાં બે માઈલ પહોળો પટ છે. આગળ જતાં તેને ખારી મળી પ્રાંતિજ જતાં ખારી કિનારાનાં હનુમાન વગેરેનાં ફોટા મેં ભાગ પાંચમામાં આપ્યા છે. એટલે હાથમતી, સાબર અને ખારીનો પ્રવાહ ભેગો થઈ અહીં વૌઠા તરફ આવ્યો અને જ્યાં અમે ભાઠામાંથી સામે પૂર્વ તરફ ગયા એટલે વાત્રક મળતી જોઈ અને જ્યાં વાત્રક સાબરને મળે છે, ત્યાં સંગમનો ધરો જોયો.




મોવડીઓ સુંજાલ



દ્રોણપુષ્પી (કુઓ)


સંગમનો સજીવન અખૂટ ધરો

મારા ભારતભરના પ્રવાસમાં શૂલપાણેશ્વર એટલે સુર-પાણનો ધરો મને આકર્ષક લાગ્યો હતો. એ સુરપાણનો ધરો નર્મદા કાંઠે આવેલો છે. ચાણોદ–કરનાળી, કુબેરભંડારી અને તિલકવાડાથી તે આગળ આવેલો છે. હું તો ગોરા ગામથી ગયેલો




આ ધરાનું ઊંડાણ માપી શકાતું નથી, કારણ કે સાબર અંદરથી વહેતી નદી છે. એટલે આગળ ઉપર કોરી લાગે અને અંદરથી વહેતી છે તે જ બતાવે છે કે સાબરનો પ્રવાહ અંદરથી ઊંડાણમાં છે.

મને આ ધરો ખૂબ જ ગમ્યો છે. પણ તેનો વિશાળ પટ સંગમ ધરા જેટલો વિશાળ નથી શૂલપાણેશ્વરથી છેક હાંફેશ્વર સુધીની વનશ્રીને હું ભૂલી શકું તેમ નથી. તેવી જ ઝાડી અહીં હતી પણ તેને કાપી નાંખવામાં આવી છે. ઉભરાણ પાસે જે શૂલપાણેશ્વર છે તે નાનાં ઝરણાં જેવું છે. તે ઉપરાંત મહી અને નર્મદાના તથા વાત્રક અને સાબરના તથા મારું ગામ મેશ્રી નદીના ધરામાં મહિનાઓ સુધી નહાયા કર્યો પણ આ સપ્તનદીના સંગમનો ધરો ખરેખર અલૌકિક છે તેમ કહ્યા વગર રહેવાતું નથી. તેનું ઊંડાણ માપી શકાય તેવું નથી. પૃથ્વી, આકાશ અને પાતાળનું અનુસંધાન છે. દસ દસ મશીનો ગોઠવી ચારે બાજુ પાણી લે છે. તો તરતઃ




આ ધરામાંથી આ દુકાળનાં વર્ષોમાં આ ધરો અનાજ પકવવા પાણી આપી રહ્યો છે, અને પાંચ માઇલ સુધી અહીં જમીન હરિયાળી લાગે છે.

વમળ થઈ પાણી ૩ થી ૪ ફૂટ ઊંચે આવી જાય છે. અંદર ૬ થી ૧૨ ફૂટ લાંબા પહોળા કાચબાઓ છે. આ પાણીમાં નાહવાનું મહાતમ ઘણું છે. દૂર દૂરથી મડદા બાળવા લોકો અહીં આવે છે. અહીં રહેતા એક સાધુને અમે મળ્યા તો તેમણે કહ્યું કે જેમ માતંગ ઋષિએ શબરીને કહ્યું હતું કે તું અહીં જ રહે તને રામ જરૂર મળશે તેમ હું આ સંગમને કિનારે રાહ જોતો બેઠો છું. મૂળ વિરાટનગરી ચાર જોજન ૬૪ માઈલના ક્ષેત્રમાં હતી. તેમાં આ બધો ભાગ આવી જતો હતો જેમ હરણાવના કાંઠે ખેડબ્રહ્મા મહાનગરી હતી તેમ સાબરના કાંઠે આ વિરાટનગરી મહાનગરી હતી. અહીં અમે ગ્રુપ ફોટો લીધો. સૌએ આ ધરાનું પાણી માથે ચઢાવ્યું. આ



આ ધરો એ કોઈ ખાડો નથી પણ નદી સાથે એક-મેકતા ધરાવે છે અને વચમાં તેનું ઊંડાણ ધરાવે છે. અમે કાચબાની પ્રતીક્ષા કરતા ફરે જ જતા હતા.

સંગમનો ધરો શ્રાદ્ધ માટે, પિતૃઓના મોક્ષ માટે અને નારાયણ બલિ માટે ઉત્તમ સ્થળ છે. આ વાત્રકનું મુખ છે અને તેમાં ચાર નદીનો સંગમ છે. એક માહીષ્મતી, બીજી મેશ્વો અને ત્રીજી વાત્રક અને ચોથી શેઢી. આ રીતે સાત નદીનો સંગમવાળું બહુ જ રમણીય સ્થળ મને લાગ્યું છે. લોકો કહે છે




સંગમ તો દેખીતી રીતે બે જ નદીઓનો છે. એક વાત્રક અને બીજી સાબર. આ પાણીનું ચેતનપણું તેમાં સ્નાન કરવાથી અનુભવાય છે.

ઋષિનું કૂળ અને નદીનું મૂળ જોવું નહીં પણ આ કહેવત સાબર માટે ખોટી છે.

સાબરની મેઈન ટ્રીબ્યુટરી વાકળ

૧૯૪૭ થી ૧૯૫૬ સુધી હું લગભગ ૪૦ થી ૫૦ વાર આ વાકળને કિનારે ફર્યો તેમાં પાનરવાથી આગળનો ભાગ અને ફુલવાડીનો ભાગ હું આગળ પહેલા ભાગમાં વર્ણવી ગયો છું.



નદીના પછડાતાં-પછડાતાં પાણી માઈલો સુધી જ્યારે સંગમ ધરા પાસે આવે છે ત્યારે તે ખૂબ હલકું થઈ જાય છે અને આ પાણી ખૂબ જ દીપન-પાચન છે. તેમાં સ્નાન કરવાથી વીજળીક અસર થાય છે. તેનું પાણી પીવાથી પાચનતંત્ર સુધરી જાય છે.

અહીંના લોકો આ સાબરને જ વાકળ કહે છે. તેના મૂળમાં જ પટ પહોળો છે. આ રીતે સાબર મૂળ અને મુખ બંનેમાં પહોળી દેખાય છે તે એની વિશિષ્ટતા છે.

મેઈન ટ્રીબ્યુટરી વાકળ જેને ત્યાંના લોકો સાબર કહે છે તે મૂળથી જ દરિયા જેવી છે. જેના કિનારે મારા મુરબ્બી શ્રી ચંદુભાઈ સાથે મેં અનેકવાર પાનીયું ખાધું છે અને ત્યાં મીરાનું નાનકડું મંદિર મારા હૃદયને સ્પર્શી ગયું છે. સાબરનું મૂળ ખરેખર જોવા જેવું છે. પણ સાબરનું મુખ વૌઠા, આ ધરાને લીધે ખૂબ જ રમણીય સ્થળ લાગ્યું છે. અને મને આ ધરો ખાસ્સો ગમ્યો છે.

સાબર તારા મૂળમાં ય પાણી અને અંતમાં ય પાણી. વચ્ચે ભલે તું સુકાતી દેખાતી હોય પણ પેટાળમાં તું ધોધમાર વહે છે તે આ ધરા ઉપરથી સાબિત થાય છે. દર પૂનમે ભારતની ભાવિક બહેનો નદીમાં દીવા તરતા મૂકે છે અને સ્નાન કરે છે. વાત્રકનો કિનારો હું ફર્યો અને માલપુર પાસે મેં ધરો જોયો. પણ આ ધરો જોયા પછી પેલા ધરાઓનું ગૌરવ ઊતરી ગયું છે. હે સાબર ! તું ખરેખર સતયુગની નદી છે. આજે પણ અહીં બે સંતોને મળીને આનંદ થયો. તારે કિનારે રહીને હું પણ પાવન થઈ ગયો છું. રોજ તારા પાણીના સ્નાન અને પાનથી મારા કોષે-કોષ પવિત્ર થઈ ગયા છે.

"ગોકુળિયા જેવું એક ગામ સંગમને કાંઠડે,
વાઘેલાને મંડોરા નિવાસ સંગમને કાંઠડે.
ગામ રૂડું વૌઠા ને દાદા છે સિદ્ધનાથ,
દેવળ રળિયામણું ને બાજુમાં ભીમનાથ.
અખંડ છે દીવડાની જ્યોત સંગમને કાંઠડે.

વૌઠાનું નામ પહેલાં અઊઠા હતું અને તે સામે કિનારે



સ્નાન કરવા માટેની પૂર્વ તૈયારી. ઘણાં પુણ્યો કર્યાં હોય તે ઓછું ખાતાં શીખે છે અને વર્ષે આ ધરામાં સ્નાન કરવા માટે આવે છે.

હતું. બે નદીઓની જે ભૂશિર છે તેના માથા ઉપર ખોડિયાર મા બિરાજે છે. અને લોકગીતમાં પણ ગવાય છે કે—

સંગમને તીરે માતા ખોડલ બિરાજતાં,
સાતેય બહેનોની સાથ ખોડિયાર આવોને રમવા.
મંડળ મળીને સૌ મંદિરે જાય છે,
તાળીના તાલે ત્યાં તો ગરબા ગવાય છે.
સાથે ગવડાવો મોરી માત ખોડિયાર આવોને રમવા.

અહીં અમે ખાંસી મટાડનાર આસમાની ફૂલ વચ્ચે થતા પીળા કેસરા, સોરીંગણીના લીધા. છેણી જેને પનસ કહે છે તે



ખોડિયાર માતાનાં મંદિરનાં મહંત સાથે ગ્રુપ ફોટો

આ ભૂમિમાં અનેક દેવર્ષિની ચરણરજ અમારા પગે પણ સ્પર્શતી હતી. આ પણ આયુર્વેદનું એક ભવ્ય વન હતું. અનેક સાધુ લોકો અહીં રહેતા હતા અને સમાજ કલ્યાણની અનેક સેવાઓ કરતા હતા.

છોડ જોયા પણ જવાસીઓ તો એટલો બધો લીલોછમ છવાયો હતો કે તેનો કાંટો મને વાગ્યો. તે કાંટાની મને ખળતરા મટતી ન હતી. કાંઠા ઉપર કંટારીનાં છાતલાં ઘણાં હતાં. હાથીબંધો અને ચીલની ભાજી ખૂબ જ જોઈ. શંખપુષ્પીનું તો નર્યું વન જ હતું.


અહીં વરખડો અગર પીલુડો એનાં ૨૦૦ થી ૫૦૦ વર્ષ જૂનાં વૃક્ષો જોયાં અને કાંઠાની આજુબાજુનો મોટા ભાગનો પ્રદેશ



અનેક જડીબુટ્ટીઓ સાબરનાં અંત ભાગમાં એટલા માટે ફુલી-ફાલેલી દેખાય છે કે આગળથી અનેક વનસ્પતિઓનાં બીજ કાંપમાં ઠલવાય છે અને બધી જ વનસ્પતિઓ અહીં ઊગે છે.

વરખડાથી છપાયેલો જોયો. એને જ પીલુડાં આવે છે તેને ઘાણીમાં નાંખી તેલ કાઢવામાં આવે છે. અને તે વા ઉપર ઉપયોગમાં લેવામાં આવે છે તેથી આ તેલ શિયાળામાં જ કાઢવામાં આવે છે. કારણ કે કાઢનારને પણ ખૂબ ગરમી લાગે છે. અને ખંભાત બાજુ ખાસ કાઢે છે. કારણ કે સાબર છેવટે ખંભાતના અખાતને મળે છે. વાના દરદીઓ આ તેલ ખાસ વાપરે છે તે કડવું હોય છે.

આ ધરો સતત એ સ્મરણ કરાવે છે કે આખી સાબરનું વહેણ ભૂગર્ભમાંથી છે. વૌઠાથી આગળ ધાણોદ આગળ પટ બહુ જ પહોળો થઈ જાય છે. મીટલીનો માળ આગળ પાંચ માઈલ જેટલો પહોળો છે.



સાબરના અંત ભાગમાં જેટલો પહોળો ભાગ છે તેટલો બીજે ક્યાંય નથી. અહીં પથ્થર નથી પણ ધૂળ છે. અહીં આજુ-બાજુનો કાંપ ખૂબ જ ઢસડાઈને આવે છે.

વૌઠાથી આગળ કિનારા ઉપરનાં ગામોમાં નાની બોરુ, મોટી બોરુ, વીડી, અશામલી અને જણુંદ આવેલાં છે.

જ્યારે નદીમાં એક વાંસપુર પાણી વહેતું હોય ત્યારે મીતલી ગામ પાસે નદીમાં છબ-છબ જેટલું પાણી થઈ જાય છે. અને ત્યાં જ અટકી જઈ દરિયામાં ધીરેધીરે જાય છે. ૧૯૪૨ માં હું અને મારા મિત્ર-બી. એમ. જોષી આ મીતલીનો માળ, નાની બોરુ, મોટી બોરુ, ભાલોદમાં બબ્બે-ત્રણ-ત્રણ દિવસ રહ્યા હતા, અને પગે ચાલીને આ ખંભાતના અખાત સુધીનું વહેણ જોયું હતું. આજે ૩૦ વર્ષે જ્યારે એ સાબરનો કિનારો ફરી મેં જોયો, ત્યારે સાબરના મૂળથી પરિભ્રમણ કરેલું હોવાથી મને સાબર નવી જ લાગતી હતી. અહીંની નદીમાં રેતી માલમ

પડતી નથી. પણ તેનું માટોડું અને ઘસડાઈ આવેલો કાંપ ગોકુળમાંના બ્રહ્માંડઘાટ પાસે રમણરેતી જેવું લાગતું હતું. ખોડીયારમાનાં દર્શન કર્યાં. તેમાં સેવકદાસજી સાથે ગ્રુપ ફોટો લીધો. જેમણે વૌઠાનાં પૂર્વોના સતીઓ સંતો વિષે ઘણું સંભળાવ્યું. આ ભૂમિની નીરવ શાંતિએ તેમને અહીં આકર્ષ્યા હતા.

સાબરકાંઠાની મેશ્વો, માહીષ્મતી, હરણાવ, હાથમતી, વાત્રક, વાકળ, ખારી, આ નદીઓના આખા ભાગને કુમારિકા ખંડ કહેવાય છે. કારણ કે તે નદીઓ કુમારી જેટલી જ અંદરથી ચેતનાવાળી રહી છે. આ નદીઓ વર્ણસંકર કે વ્યભિચારિણી થઈ નથી. અને તે અંગત રીતે સીધી નદીઓના પતિ સમુદ્રને મળતી નથી. પરંતુ મેં જોયું કે અહીં વૌઠા પાસે સાતેયનું મિશ્રણ થાય છે. પણ અહીં આવતાં આવતાં સાતેય કોરી થઈ જાય છે. અને એક વાત્રક ધરાનો સંગમ જ રહે છે. માટે સાતેય નદીનો એકમેકનો સંગમ થાય છે. માટે દુનિયાભરમાં આ ધરાનું મહાતમ વધારે છે. ચોમાસામાં સાતેય નદીઓ પુરમાં પોતાની સાથે કેટલીય વનસ્પતિઓનાં બીજ ઘસડી લાવે છે. અને તેનો કાંપ અહીંથી ખંભાતના અખાત સુધી ફેલાય છે. અને ત્યાં વનસ્પતિઓ ઊગે છે. જ્યાં મોટું જંગલ હતું. અત્યારે તે દેવભૂમિ ગણાય છે. ખંભાતની આજુબાજુ ઘણા વૈદ્યો વસતા કારણકે આ પ્રદેશ વનૌષધીઓનો ધામ હતો. આ કાંઠે અત્યારે વરખડાનાં હજારો વૃક્ષો દેખાય છે. અને તેનું તેલ એટલું બધું કડવું હોય છે કે ઘાણીમાં એ લાકડાં બદલી બીજા પાટિયાં લગાવવામાં આવે છે, તેની કડવાશ જતી નથી.

અહીંનું એકાંત પણ ગોકુલના ચંદ સરોવર જેવું જ એકાંત છે. આ સંગમ સ્થાનની પ્રતિષ્ઠા ચારે બાજુ સાંભળવા મળે છે. અને દુનિયાભરના ગધેડાનો અહીં મેળો ભરાય છે. અને સસ્તા જમાનામાં પણ એક–એક ગધેડું ૨૫૦૦રૂપિયામાં વેચેલું


છે. મહુડી–મધુપુરીનાં સામે કાંઠે જ્યારે ગદ્ધાપુરીના અવશેષો જોયા ત્યારે મને થયું કે ગધેડાના વાહનનો પહેલાં ખૂબ જ આદર હોવો જોઈએ. ગધેડું એ દેશી બુલ ડોઝર છે કે જ્યાં બુલ ડોઝર જતું નથી. ત્યાં તેટલા ઊંચાણે આ ચઢી જાય છે. એવું રશીયન એન્જિનિયરોએ આ ગધેડાને બીરદાવ્યું છે. દેશના ઉત્થાનમાં તેનો ઘણો ફાળો છે. આ શીતળા માતાનું વાહન છે. આર્યોએ એની આટલી પ્રતિષ્ઠા કરી તે વૌઠામાં જ જોવા મળી. સાબરનાં કિનારે આ વિરાટ નગરીના ઘણા અવશેષો જોયાં. પાંડવોએ અહીં પોતાના હથિયારો ખીજડાના ઝાડ નીચે સંતાડ્યાં હતાં. અને ગુપ્તવેશમાં રહ્યા હતા.

કારણ કે તેમના ગુપ્તવાસના ચાર દિવસ બાકી હતા અને રાજ્યાભિષેકનું મુહૂર્ત ચાલ્યું જતું હતું એટલે ત્યાં આગળ માટીનું સિંહાસન બનાવી અને મુહૂર્ત સાચવી લીધુ હતું.

તે ક્રિયા ઘટોત્કચે કરી હતી અને ગાદીની સ્થાપના કરતી વખતે ભીમના પુત્ર ઘટોત્કચે તે માયાવી રાજ્યનો–સ્થાપના મહોત્સવ કર્યો હતો અને તે વખતે માયાવી નગરી રચી હતી. કારતક સુદ પૂનમનો મેળો તેજ રાજ્યાભિષેકનો દિવસ અહીંથી આગળ ડોડીયાના કૂવા આગળ પાંડવોનો આરો છે. અને અહીંયાં પાંડવોએ ગુપ્તવેશમાં પોતાના પિતૃઓનું શ્રાદ્ધ આ સંગમના ધરા ઉપર કર્યું હતું અને ત્યારથી આ કારતક સુદ પૂનમનો બનેયાનો મેળો ભરાય છે. જેમાં ૪ થી ૫ લાખ માણસો દેશના ખૂણે–ખૂણેથી આવે છે અને આ ધરામાં સ્નાન કરી પોતાની જાતને પવિત્ર કરે છે એવો આ સંગમનો અદ્‌ભુત મહિમા છે.

પાંડવોએ જ્યાં પોતાની ગાદીનું મુહૂર્ત સાચવ્યું હતું તે જગ્યા અત્યારે ચકલેશ્વર મહાદેવ તરીકે ઓળખાય છે. અને ત્યાં શંકરાચાર્યની દોરવણી હેઠળ આ બધું ચાલે છે. અહીં

ગંગાદાસજી મહંત-ભીડભંજન હનુમાનની પ્રચંડ મનુષ્ય જેવી તથા ખૂબ જ આકર્ષક મૂર્તિ છે-ત્યાં રહેતા હતા. આવા સંતોએ લોકહૃદયમાં ભક્તિ અને નીતિમત્તા જાળવી રાખી છે. હવે અમે આ કાંઠો ફરી ચાંગોદર અમારા સ્નેહી શ્રી અરવિંદભાઈ જાનીને



ન્યાય જોવો હોય તો મળાવ તળાવ જુવો. અહીં તળાવને કિનારે એક નર્તકી રહેતી હતી. મીનળદેવીનું તળાવ બંધાવતાં આ ઘરને લીધે તળાવ ગોળાકારમાં થતું નહોતું. જો આ ઘર નર્તકી વેચાતું આપી દે તો મલાવ-તળાવનો આકાર ગોળ થાય. પણ નર્તકીએ પોતાનું ઘર આપવાની ના પાડી તો પરાણે તેનું ઘર આંચકી લેવામાં આવ્યું નહીં. તેથી લોકો કહે છે કે ન્યાય જોવો હોય તો મળાવ તળાવ જાય સાબર-કાંઠામાં મોટામાં મોટા તળાવ આવેલાં છે. આ ઉપરથી ત્યાં કેટલી વસ્તી હશે તે કલ્પી શકાય છે. સરખેજમાં પણ મોટું તળાવ છે તે આ સાબરની જ પ્રસાદી છે.

ત્યાં જાની ફાર્મમાં ખેતરમાં જંગલમાં મંગલ કર્યું છે, ત્યાં અમે વૌઠાની સાકરટેટી ખાધી.

નર્મદાને જેમ રેવા ખંડ કહે છે તેમ આ સાબરને મળતી નદીઓના ક્ષેત્રોને કુમારિકા ખંડ કહે છે તેમ સ્કંદપુરાણ કહે છે.

અહીં આવતા પહેલાં અમે ધોળકાનું તળાવ જોયું અને કહેવાય છે કે ન્યાય જોવો હોય તો ધોલકાનું મળાવ–તળાવ જુઓ.

અહીં આજુ–બાજુ દાડમની ખેતી બહુ જ થાય છે. દાડમ અને આદુની આર્યોની ખેતી જળવાઈ રહી તે મને ખૂબ જ ગમ્યું. આયુર્વેદમાં દાડમને અગ્રેસર ગણ્યું છે. કારણ કે તે દીપન –પાચન તથા રુચિ ઉપજાવનાર છે તથા ગ્રાહી હોવાથી ઝાડાને બાંધનાર છે. અલ્પઈ સૂંઠ કરતાં ધોળકાની સૂંઠ ખૂબ જ સારી છે. સંગમ ધરા ઉપર પાણી આપોઆપ છલકાતું હતું.



ફળ સાથે આમળી

સાબરકાંઠાનું કાશ્મીરી સરોવર ઝુમસર

મલાસાના ઠાકોર સાહેબ કિશોરસિંહ દસેક વર્ષ ઉપર સંજીવનીમાં આવ્યા હતા. તેઓનો મલાસા આવવાનો ખૂબ આગ્રહ હતો પણ વસ્તુનો સમય પાકે ત્યારે જ જવાય છે. આખો સાબરકાંઠો ફરી રહ્યો ત્યારે મલાસા ગામ પાસે આ દરબારશ્રીના ખેતરમાં જવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. કાળજું ઠરે તેવું સુંદર પાણી તેમણે પાયું, મારી ગાડી ત્યાં તેમના રક્ષણ નીચે મૂકી અને ઈડરવાળા અમારા સાથી શ્રી વિનુભાઈની જીપ ગાડી સાથે લીધી. સૌ તેમાં બેસી ગયા અને સીધા ઝુમસર તળાવ ઉપડયા. આ તળાવની ચારે બાજુમાં ઉત્તરમાં ગુંઆ નામનો પહાડ આવેલો છે. અને દક્ષિણ તરફ ઝુમસર ગામ છે અને પશ્ચિમ તરફ ભીલોડાના ડુંગરો દેખાય છે. પૂર્વ તરફ વસાઈનો પહાડ છે ત્યાં ચિત્તા અને વાઘની બોડો છે. વચ્ચેથી જીવતું-જાગતું ઝરણું વહે છે. જેને ઝાંઝરી કહે છે. આ વસાઈનો પહાડ ૫૦૦ ફૂટ ઊંચો છે. કુદરતી પહાડોની વચમાં આ સુંદર સરોવર આવેલું છે. એક ભાગમાં પાળ બાંધી છે. આ તળાવનાં કમળો જોઈ ખૂબ પ્રસન્ન થઈ ગયો. આ કમળની લીલાશ બીજી વનૌષધીની લીલાશ કરતાં જુદી પડે છે. આછો લીલો રંગ હતો, કમળનું ગોળ પાંદડું ઉપરથી લીસું તથા નીચેથી લાલ લીલો રંગ દેખાતો હતો. પોણા ભાગનું તળાવ જાણે ચાદર પાથરી હોય તેમ લીલાં પાંદડાંથી આચ્છાદિત હતું. એક ભાગ પાણીનો દેખાતો હતો. તેમાં પવનની લહેરો આવતી હતી. કિનારો ચિત્રકનાં સફેદ ફૂલના જેવા ફૂલથી શોભી રહ્યો હતો. અમે નીચે જઈને જોયું

માઈલના ઘેરાવામાં આ તો જીતેલાના વેલા હતા. ૪ થી ૫ તળાવ છે. અને પાસે કાંઠા ઉપર વર્ષો પુરાણા નીલકંઠ મહાદેવની બેઠક ઉપરથી જ્યારે મેં કમળનું દ્રશ્ય જોયું ત્યારે મારું ઊકળેલું દિલ તૃપ્ત થઈ ગયું અને ઠંડક વળી ગઈ. ઔષધોની જે ક્રિયા દિલ ઉપર અસર કરતી નથી તે ક્રિયા આ ચેતન લીલા રંગે પાંદડામાં બિછાયેલી હતી તેણે કરી. મહર્ષિ અરવિંદનું નામ કમળ સાથે સંકળાયેલું છે. આયુર્વેદનું એક પણ ઔષધ એવું નહીં જુઓ કે જ્યાં પિત્તને માટે કમળ વાપર્યું ના હોય. અમે ગર્ભવતી સ્ત્રીને કમળકાકડી છ સવારે તથા છ સાંજે ખવડાવીએ છીએ. અને તેના દસમાસના ઉકાળામાં પણ કમળ ફૂલ વપરાય છે. નીલકમળ મેં હિમાલયમાં જોયું હતું. આર્યોના જીવન સાથે કમળ એવું તો વણાઈ ગયેલું છે કે તે કેમેય કરીને વિમુક્ત કરી શકાય તેમ નથી. એના એ જ આર્યો તેના સ્થાને ગુલાબને બેસાડવા મથે છે. પણ તેમાં રતીમારેય સફળતા મળી નથી. પવનના વેગથી વિમલ જલનાં મોજાં ઊછળી તેની છાલક કમળ ઉપર વાગતી હતી અને તે સુંદર ડોલતાં કમળનું દ્રશ્ય મેં મંદિરની બેઠક ઉપરથી જોયું. ત્યાં સારસની બેડલી મસ્ત રીતે બેઠી હતી અને ત્યાં બગલાઓ વચ્ચે આવતા તે બેડલી ઊડી અને અમે સૌએ આ યુગલ પ્રેમ જોઈ સાહિત્યમાં ઊતરી ગયા.

મેં જોયું કે અહીંની મહેનતુ, પ્રમાણિક, કાર્યરત અને શ્રમજીવી ભીલ પ્રજા ઉપર ઘણા અનાર્યોના હુમલાઓ આવ્યા. પરંતુ તે અનાર્યો સાથેનું સગપણ આ લોકો સાથે જરા પણ ટકી શક્યું નથી. જેમ કમલપત્ર ઉપર પડેલાં જલબિંદુઓ તેના ઉપર જરા પણ ટકતાં નથી. એ સરખામણી જોઈ હું પેસિફિક સમુદ્ર જેવા ઊંડાણમાં ગરકાવ થઈ ગયો. અને આ કમળનાં નામો મારા દિલના તટ ઉપર યાદ કરવા મંડયો. જેવાં કે પદ્મ, પદ્મિની, નલીન, અરવિંદ, ઉત્પલ, સહસ્રપત્ર, કમલ, શતપત્ર,

કુશેશય, પંકેરુહ, તામરસ, સારસ, સરસીરુહ, સરસિજ, પંકજ, રાજીવ, પુષ્કર, અંભોરુહ, રુહ. આ તળાવ જોયા પછી હું સીધો વરતોલનું તળાવ જોવા ગયો. તે નાનું હતું. ત્યાં પણ મેં કમળો જોયાં. અને ત્યાંથી આગિયા મટોડાનું તળાવ જોવા ગયો. પટોળા અને લાખેરા તથા પઢારાનાં તલાવ તો પહેલાં જોઈ રાખ્યાં હતાં. તે ઉપરથી મને લાગ્યું કે કમળની શોખીન આર્ય પ્રજા અને મોટા ભાગની વસ્તીનો અહીં વસવાટ હોવો જોઈએ. અને તે લોકોએ આ કમળથી સભર તળાવનું જતન અને રક્ષણ ખૂબ જ કાળજીથી કરેલું છે. આ દુકાળનાં વર્ષમાં અનેક ગાયો-બકરાં સામે કિનારે તૃષા છિપાવતા પાણી પીવામાં નિમગ્ન થઈ ગયાં હતાં. ત્રણેય બાજુ તળાવના વસ્ત્રાભૂષણરૂપ પહાડોના કુદરતી કિનારા શોભતા હતા. પૂર્વના કિનારે વસાઈ પહાડ ઉપર લાંબો પહોળો બારઅળદનો પથ્થર દેખાતો હતો. અમારા સંસ્કૃતિ ઉપાસક શ્રી કાંતિભાઈ ઉપાધ્યાય આ ડુંગર ઉપર ચઢી આવેલા હતા. તેમણે કહ્યું આ પહાડ ઉપર વાઘ અને ચિત્તો રહે છે. નીલકંઠ મહાદેવ પાસે કાળજું ઠારે તેવું ઠંડું પાણી પીવા મળ્યું. જેવું આ સુંદર તળાવ તેવું જ ત્યાંનું ઠંડું પાણી હતું. આજુબાજુના પહાડો ક્રોસ કરતાં જ આ ઝુમસરનું તળાવ અમોને ખેંચતું હતું. તલાવો તો મેં ઘણાં જોયા હતાં. પરંતુ ઝુમસરના તળાવને હું ભારતમાં પહેલા નંબરે મૂકું છું. જે કોઈ પ્રવાસી મારી આયુર્વેદની આંખ લઈને જોશે તો તે આ તળાવની કિંમત મારા જેટલી આંકી શકશે.

આખું તળાવ લીલાંછમ જેવાં પાંદડાથી છવાયેલું હતું અને તેનો આ દેખાવ કોનું મન હરણ ના કરે? હું જ્યારે વડોદરા કોલેજમાં મેઘદૂત ભણતો ત્યારે તેમાં આવેલું કે સુરત પ્રસંગથી મ્લાન થયેલ અંગો ઉપર ક્ષિપ્રા નદી ઉપરથી આવતો પવન સ્ફૂટિત કમળોની સુગંધ સાથે લઈને આવી શ્રમ હરતો ચીતરેલો છે, તેમ પરોઢિયાના પાંચ વાગે હું અમદાવાદથી નીકળ્યો

હતો. અને મલાસાથી ૪-૫ માઈલ દૂર આ ઝુમસર તળાવ ઉપર દોડાદોડ આવ્યો તેનો શ્રમ ઝુમસરના તળાવ ઉપરથી આવતા પવને દૂર કર્યો હતો. મારો થાક ઊતરી ગયો. અને હું લોટ ખાતો નથી છતાં સાતથી આઠ થેપલાં ખાઈ ગયો. મને આ તળાવનું દર્શન ખાસ્સું ચિત્તાઆકર્ષક લાગ્યું છે. મંદ-મંદ જલતરંગોથી ડોલતા આ લીલાછમ પાંદડાં અને પાણીની ઉપર તરતા લીલાંછમ મધ્યમ કદનાં પાન ઉપરનાં મોતીની જેમ શોભતાં જલબિંદુઓ અને કુદરતી મોટો ઘેરાવો, આજુબાજુના નમણા મધ્યમ કદના પહાડો, ડાબી બાજુએ ઝુમસરનું નાનુશું ગામ આ સઘળું દૃશ્ય મારા જેવા રસિક માણસને ઉન્મત્ત બનાવી મૂકતું હતું. વરતોલના તળાવમાં તો એક સિંધી કોન્ટ્રાક્ટર ભાઈ તેના દાંડલા જેને બીસ કહે છે તે બીસ મજૂરો પાસે ખોદાવતા હતા. ત્યારે મને વિક્રમોર્વશીય કાલીદાસનું પદ યાદ આવ્યું કે–

"હે કલ્યાણી ! તું અકારણ તારા મૃણાલ જેવાં કોમળ ગાત્રોને વ્રતથી શું કામ કરમાવી નાંખે છે."

મૃણાલમાંથી જ બીસ તંતુ નીકળે છે. મૃણાલનો દાંડો અને તેની કોમળતા મેં વરતોલનાં તળાવમાં જોઈ અને મને થયું કે—

મૃણાલ જેવી મૃદુ ફણાઓથી શેષનાગનો અવતાર અમાશ ચરક કરુણતાના સામ્રાજ્યના સ્વામી આ ધરણીનો ભાર કેમ ઉપાડતા હશે ? વરતોલમાં લોકો ખોદાખોદ કરતા હતા. તળાવનું પાણી ફાગણના તાપમાં સુકાઈ ગયા બાદ કમળનાં કંદો શાક કરવા માટે લોકો ખોદી ખોદીને લઈ જતા હતા. પાદારવિંદ એ સુંદર પગની સાધારણ ઉપમા થઈ પડી છે. લાલચોળ પગ માટે આ ઉપમા અપાય છે.

મેં રમેશને મારી લાલચોળ હથેળી આ વખતે બતાવી


હતી. કમળના કંદો જેને મૃણાલ કહે છે. કમળનાં પાન, ફલ, પંકજકોષ, પંકજરેણુ, પુષ્કરબીજ, બીસ, વગેરે પ્રત્યેક અંગના ઉલ્લેખો કાલીદાસના કાવ્યોમાં હું ભણ્યો હતો તેનો આબેહૂબ ચિતાર મેં ઝુમસર તળાવમાં જોયો અને થયું કે પરમાત્મા આ ભારત દેશમાં પ્રત્યેક સરોવરમાં કમળો પ્રગટાવી ચોતરફના ગટરિયા વાતાવરણમાં સૌંદર્ય અને માધુર્ય પ્રગટાવે. આખા સરોવરની વચ્ચોવચ્ચ લીલાંછમ પાંદડાંઓથી છવાયેલું જણાતાં અમારો રસ્તો રમ્ય લાગતો હતો.



સાબરકાંઠામાં વનૌષધીઓના જતન માટે આર્ય પ્રજાએ અનેક વાવો જેમ બનાવી છે તેમ તળાવો પણ બનાવ્યાં છે. સુંદર પહાડોની વચમાં આ તળાવ દિલને બહેકાવે તેવાં કમળોથી સભર છે.

અહીંથી પાણી જે છલકાય છે તે ઇન્દ્રાસી નદી તરફ જતું હતું. જે ઇન્દ્રાસીનું વર્ણન મેં છઠ્ઠા ભાગમાં આપ્યું છે.


બહુ જ કુદરતી રીતે આ ડુંગરાઓએ ત્રણે કિનારા બાંધી દીધા હતા. જ્યારે ચોથા કિનારા ઉપર માટીનો પાળો હતો. આમ સામી બાજુ મલાસાના પહાડો દેખાતા હતા. તેની ઉપર પહેલાનાં જમાનાના હાથીખાના અને પહાડ ઉપર કોટનું દૃશ્ય દેખાતું હતું. તેની પાછળ લુકબાવજીનું મંદિર છે. તેમાં ભાઈ-બહેનની એક કથની ચાલે છે. તથા ત્યાંની બાધા રાખે છે કે મૂંગા બોલતા થઈ જાય છે તેવી લોકવાયકા ચાલે છે. અમે અહીં નીલકંઠ મહાદેવ ઉપર ગયા. ત્યાં હાંડવો બનાવેલો ખાધો અને કાળજું ઠરે તેવું પાણી પીધું. અને અનુભવથી લાગ્યું કે પાણીથી પણ પ્રાણ મળે છે અને તે પાણી પીવાથી અમારા



આ પુરાણું મંદિર પ્રાચીન કાળની મહત્તા અને પ્રતિષ્ઠા બતાવે છે. મંદિરની આજુ-બાજુ પથ્થરિયા અવશેષો દેખાય છે. આ હિસાબે આજુ-બાજુ ઘણી વસ્તી હોવી જોઈએ. આ મંદિરની પથ્થરની બેઠકો મને ખાસ્સી ગમી છે. અહીંથી આખા તળાવનું દૃશ્ય મનોહર લાગે છે.

બધામાં ચેતનનો સંચાર થયો. અહીંના મહારાજ સાથે ગ્રુપ ફોટો લીધો.


અહીં મંદિરમાં શિવલિંગ ભોંયરામાં હતું. અમે ચાર પગથિયાં ઊતરી તેની પૂજા કરી.



ભોંયરામાં એટલી બધી ઠંડક લાગે છે કે તાપની સહેજ પણ અસર ન થવાથી એકાગ્રતા અને ધ્યાનમાં આ જગ્યા ખૂબ જ મદદ કરે છે. આર્યોએ લિંગની સાષ્ટાંગ પૂજા કરી છે. આ રીતે ભગવાન ચરકનો બ્રહ્મચર્યનો મત દૃઢ કર્યો છે.

આ મહાદેવમાં હિમાલય જેવી ઠંડક અનુભવાતી હતી. અને અહીંની બેઠકો એકદમ થાક ઉતારી દે તેવી હતી. અઢેલવાના પથ્થરો દોઢ ફૂટ ઊંચા હતા, પણ બેસવાના પથ્થરો ચાર

ફૂટ પહોળા હતા. આ બેઠકના પથ્થરની ઠંડક સાથે કમળની ખુશ્બો મગજને તર કરી દેતી હતી. કમળની જોડે ધોળા ચૂની જેવા ફૂલવાળા જીતેલાના વેલા હતા. તેનાં પાન નાનાં તથા પાતળાં હતાં. આ વખતે દુકાળમાં વરતોલનાં તળાવમાં લોકો કમળની નાળ તથા મૃણાલ ખાઈને જીવતા હતા. અને સિંધિ કોન્ટ્રાકટરે મને કહ્યું કે અમારામાં લગ્નની પ્રતિષ્ઠા ત્યારે કહેવાય કે જ્યારે બીસનું શાક કરીએ ત્યારે. આ તળાવનાં પાંદડાં મોટાં પતરાળી જેવાં હતાં. આર્યોએ આ કમળનું પ્લાન્ટેશન વ્યવસ્થિત રીતે એટલા માટે કર્યું હતું કે ત ઔષધીમાં તથા શિવ અને શક્તિની પૂજામાં પણ તેનો ઉપયોગ થતો હતો. હવે અમે બરોબર સૂર્ય માથા ઉપર આવ્યા બાદ ક્ષુધાતૃપ્તિ કરી આગળ ઝુમસર ગામ તરફ ગયા.




તળાવ ઉપર આ ગામ ટેકરી જેવું લાગે છે. કુદરતના સાન્નિધ્યમાં રહેવું તે જીવનનો મોટો લહાવો છે.

અહીં અમને જાણવા મળ્યું કે અમારા આયુર્વેદના પિતામહ બ્રહ્મા જેણે એક લાખ શ્લોકની આયુર્વેદ સંહિતા લખી છે. તેમનાં પત્ની બ્રહ્માણીનું મંદિર અહીંથી પાંચેક માઇલ દૂર સુનાઈ ગામમાં વાવની અંદર છે તેથી અમે પ્રયાણ શરૂ કર્યું. સાગનાં પાંદડાં સૂકાઈ ગયાં હતાં અને તેના બીજના ઝુમખા લટકતા હતા. નાના-નાના પથ્થરિયા પહાડો સો-બસો ફૂટની ઊંચાઈવાળા હાલરડીના વૃક્ષોથી શોભતા હતા. દેવચકલીઓ ઉડાઉડ કરતી હતી. પલાશ-ખાખરાનાં વૃક્ષો થોડે-થોડે દૂર કિંશુક નામવાળા ફૂલો સાથે અગ્નિની જ્વાળા જેવા દેખાતા હતા. અને તેથી જ હોળીનું પર્વ આ કેસુડા સાથે સંકળાયેલું છે. ભીલ પ્રજા તેના પાણીથી' આ દિવસે અરસપરસ છંટકાવ કરીને સ્નાન કરે છે. તેથી ચામડીના રોગો થતા નથી. અમારે જમવા માટે આ ફાગણમાં સાગનાં વિશાળ કે ખાખરાનાં પાન નહોતાં કારણ કે ફ્લાવરીંગ



એક ગામ એવું નહીં હોય કે જ્યાં શિવમંદિર ન હોય. આ શિવસંસ્કૃતિ કેટલી ભવ્ય હશે તેની હું કલ્પના કરી શકતો નથી. આ સ્થાપત્ય ઘણું પુરાણું લાગે છે.


સીઝન હતી, તેથી ખાખરાનાં લીલાં પાન નહોતાં તેથી અમે કમળનાં પાંદડાંમાં ભોજન લીધું. થોડા મોયણાનાં વૃક્ષો હતાં. તથા ઠેરઠેર સીતા-ફળી દેખાતી હતી. આ જડીબુટ્ટીઓ શોધતા શોધતા અમે મુનાઈ તરફ ચાલ્યા. મુનાઈ ગામ પુરાણું છે. અડધું ગામ ટેકરા ઉપર અને અડધું ગામ તળેટીમાં છે. રસ્તો ખૂબ જ ખરાબ છે તથા તે ખૂબ અંદરના ભાગમાં આવેલું છે. ધૂળવાળો રસ્તો છે અને ખાડા ટેકરાવાળા ખડકાળ રસ્તાએ અમારી કરોડનાં મણકે મણકા છૂટા કરી નાખ્યા. ગામમાં પેસતા અમે ખૂબ પુરાણું મહાદેવનું મંદિર જોયું, જે દટાયેલું હતું.



રાયગઢની, ખેડબ્રહ્માની, ચોરીવાડની જે વાવો જોઈ તેમાં આ વાવ નમણી અને બેઠા ઘાટની જુદી જ તરી આવે છે. આયુર્વેદના પિતામહ બ્રહ્માનાં પત્નીનાં નામ ઉપરથી આ વાવનું બ્રહ્માણી નામ પડ્યું છે.

ગામને પાદર એક હાઈસ્કૂલનું મકાન ડાબા હાથે બંધાતું હતું. થોડે દૂર જતાં નાનું શું તળાવ સૂકાયેલું હતું. ત્યાં અમે નમણી તથા બેઠેલ ઘાટની વાવ જોઈ. આ બ્રહ્માણી માતાની વાવ કહેવાય છે.

હવે અમે આ વાવમાં સૌ ઊતર્યા અને ત્રીજા મજલે




"તુમ્હેં ધન્યવાદ હે ઈશ્વર,
તેરે સબ ખેલ ન્યારે હૈં,
તેરે દો અંત સાગરમેં,
કંઈ પૈરાક હારે હૈં,
મહા અંધ ઘોરસે જલપર,
પૃથિવી કા રચા મંડલ,
કમલસે બ્રહ્મા પૈદા કર,
કે ચારો વેદ ઉચ્ચારે હૈં."

આખુ જગત જ્યારે સળગેલું દેખાય છે ત્યારે ક્ષીરસમુદ્રમાં વિષ્ણુ ઠંડકમાં સૂતેલા હોઈ આ વિષ્ણુ આપણને પણ ગરકાવમાં નાંખી દે છે.

પાણી હતું. સામે શેષનાગ ઉપર સૂતેલા વિષ્ણુ જેની નાભી-માંથી કમળ ઉપર બ્રહ્મા બિરાજમાન હતા, લક્ષ્મીજી પગ દાબતા હતાં, અને શેષનાગની છાયા માથા ઉપર હતી. તેનાં દર્શન કરી સૌ પાવન થયા.

આ મંદિરમાં અમે એ વિશિષ્ટતા જોઈ કે તેમાં ભારતીય સન્નારીઓનું બહુ જ સન્માન હતું.



સાત માતાઓની આવી મૂર્તિ મેં પ્રથમ જ વાર જોઈ. વાવની અંદર આવી મૂર્તિઓ જોઈ મને થયું કે આર્ય સંસ્કૃતિ સ્મૃતિ પર રહે તે માટે હજારો વર્ષ બાદ આ શિલ્પકૃતિ હૃદય-પટ ઉપર સ્ત્રીસન્માનનું તાજું સ્મરણ કરે છે.

(૧) અરુંધતી, (૨) પાર્વતી, (૩) સાવિત્રી, (૪) બ્રહ્માણી માતા, (૫) સીતાજી, (૬) લક્ષ્મીજી (૭) અનુસૂયાજી હતાં. તે આ મૂર્તિઓ ઉપરથી ખ્યાલ આવે છે. દરેક માતાની આગવી પ્રતિભા જગજાહેર છે.

મુનાઈથી મલાસા

મુનાઈથી મલાસા તરફ પ્રયાણ કરતાં વચ્ચે ઝુમસરનાં તળાવનાં ફરીથી દર્શન કર્યાં. આજુ-બાજુની ખેતી જોઈ. પહેલાં સાબરકાંઠામાં ૮૦"-૯૦" વરસાદ પડતો હતો અને બારે માસ આ તળાવ ભરેલાં રહેતાં એટલું જ નહીં પણ છલકાતાં રહેતાં હતાં. કોંગ્રેસનું રાજ આવ્યા પછી જંગલો ખૂબ કપાઈ ગયાં. પરિણામે વરસાદ ખૂબ ઓછો થયો, તળાવો સૂકાં ભંઠ થવા લાગ્યાં. છતાં પણ વાત્રકનો સંગમધરો પાણીથી ભરપૂર જોયો. તેવું જ આ ઝુમસર સરોવર પાણીથી ભરપૂર જોયું. નાનાં-મોટાં ઘણાં તળાવો, કૂવાઓ, નાળાઓ, વહેરાઓ, ઝાંઝરી, ઝરણાંઓ, વાંઘા જોયા, અને નદીઓ જોઈ. તેમાં ઘણે ઠેકાણે સારણ પદ્ધતિની ખેતી જોઈ. આ ભીલ પ્રજા પાણી નીચે હોય છતાં ઊંચે ચડાવી તેમાં ખજૂરીના ઘડિયા ઊભા અડધા વહેરી તેની પાઈપ-લાઈનનો ઉપયોગ કરી એવી રીતે પાણી ચઢાવે છે કે આધુનિક એન્જિનીયરની તો ત્યાં બુદ્ધિ પણ પહોંચી શકતી નથી. આભાપૂર બંધ પાસે આવી સારણ પદ્ધતિ જોઈ અને બીજે ઘણે ઠેકાણે જોઈ. એક વખત તો નીચે નાળામાં હું ચાલ્યો જતો હતો અને ઉપર ખજૂરીનું કોતરેલું લાંબું થડિયું આડું મૂકી પાણી લઈ જતા હતા. હું જ્યાં નીચે ચાલતો હતો તે જ પાણી ઉપર લઈ જતા હતા. આ ખજૂરીની સાથે તાડ પણ અવાર-નવાર હું જોયા કરતો હતો.



તાડનાં ગોળ ફળોની અંદરની તાડની ગોટલી નીકળે છે જે
ખાવામાં કોપરા જેવી મીઠી લાગે છે. ગરીબોનું આ કોપરું છે.
તાડનું નામ તૃણરાજ કહેવાય છે. તાડી ઘણા લોકો પીએ છે અને
તે ઘણાના જીવનમાં સ્વર્ગની સીડી સમાન બની રહી છે. અહીંના
પહાડોમાં શ્રીતાલ, ઈનતાલ અને માડ એ તાડની ત્રણે જાતો
મેં જોઈ છે. અહીંના ગરીબોની ઝૂંપડીઓ તાડના પાનાથી
છાવવામાં આવે છે. વનસ્પતિ સામ્રાજ્યમાં તાડ એ રાજા છે.

આ લોકોની એન્જિનીયરીંગ નેક ભારતભરમાં મેં બીજે ક્યાંય જોઈ નથી. અને તે પછી નદી–નાળામાંથી જે પાણી લઈ ખેતી કરે છે તે સહિયારી હોય છે. આ રીતે પાછા મહેનત પણ સમૂહમાં કરે છે. અને ભાગ પોતાની મહેનત પ્રમાણે વહેંચતાં કોઈ પણ જાતનો કજિયો હોતો નથી. આ ઉપરથી મેં જોયું કે

ભીલ પ્રજાની ખેતી કરવાની કરકસરીયા સૂઝ છે તે બીજે કયાંય દેખાતી નથી. તેવી રીતે રૂમસરના તળાવમાંથી ઈરીગેશન કરી તથા મટોડા તળાવ, લાખેરા તળાવ તથા પટોળા તળાવમાંથી જે ખેતી કરે છે, તેવી ખેતી ભાગ્યે જ કોઈ બીજા કરી શકે. એમની બધી જ સ્કીમો સસ્તી તથા વધુ ઉપયોગી હોય છે. તથા ત્યાંની જ વસ્તુનો ઉપયોગ કરે છે. મેં જોયું કે રૂમસર જેવા તળાવમાંથી ખેતી કરે તો ય કમળથી તો ભરપૂર અને તે કમળને શિવ–શક્તિની પૂજામાં વાપરે. આ સારણ પદ્ધતિની ખેતી જ્યારે મેં ઠેર ઠેર જોઈ અને તેમાં ય સમૂહ રીતે મહેનત કરી આવકનો ભાગ વહેંચી લેતા જોયા ત્યારે મેં જોયું કે જીવે છે કરકસર રીતે અને ઓછાં સાધન અને સગવડોથી વધુમાં વધુ લાભ લેતા જે આવડત મેં આ પ્રજામાં જોઈ ત્યારે મને થયું કે આ લોકોને લસણની ચટણી અને લોટ નહીં પણ આખા–પાખા ધાન્યનો બાફેલો ખોરાક અને તેમની આગવી ભાજીઓ જે તેમના પેટ સાફ રાખે છે તે બધુ તેમની તીક્ષ્ણ બુદ્ધિ માટે કારણભૂત છે. તેમાં લસણ, મરચું, જીરું મોટો ભાગ ભજવે છે. મેં જોયું કે આ વખતે ફાગણમાં નીચે ગળેલા મહુડા સવારે પાંચ વાગે વીણી લાવી તેનો લાડવો બનાવી ખાય છે. ખેતાં કરીને ખૂબ શ્રમ કરીને આ લોકો આવે ત્યારે એક લાડવો ખાઈ પોતાનો થાક દૂર કરે છે. આ લાડવામાં ખાંડ કે ગોળની મીઠાશ નાંખવામાં આવતી નથી. કારણ કે મહુડામાં જ એટલી મીઠાશ હોય છે. મહુડા બે જાતના જોયા : ગળ્યા અને કડવા. કડવા મહુડા બળદને ખવડાવે છે. આ મહુડા તે એમનું વસાણું છે તથા મોટામાં મોટું ટોનિક છે. રૂમસરનાં બસસ્ટેન્ડે અમે આવ્યા ત્યારે ઢેડ ખાખરા અને સાદા ખાખરાનો તફાવતનો ફોટો લીધો.

સાદા ખાખરામાં કિંશુક નામ યથાર્થ લાગ્યું જ્યારે ઢેડ ખાખરાની પાંખડી સીધી હતી. કિંશુકનું ડીટું લીવર એટલે કાળજાનાં જેવાં રંગનું મખમલ જેવું હતું. અમારા પરમ સ્નેહી



જેમ મુચુકુંદના ફૂલ વાટીને કપાળે લગાડવાથી એમ વેવું માથું દુખતું મટી જાય છે તેમ ઢેડ ખાખરાના ફૂલ ઢોરને વ્રણમાં પડેલા કીડાને દૂર કરે છે તથા ખાખરાનાં ફૂલને પેટ ઉપર બાંધવાથી પેશાબ લાવે છે.


શ્રી વિનુભાઈના સગા સ્નેહી પાડોશી શ્રી કાંતિભાઈ શાહ ખૂબ જહેમત કરી આ પ્રસંગે ધોળો ખાખરો જોઈ ફૂલ લાવ્યા. આતરસુંબાથી આગળ ધોળીવાવ થઈ ત્યાંથી કચ્છી કંપાની સામે ડુંગર છે તે ડુંગર ઊતરી તેની પાછળ ઓંધામાં ધોળો ખાખરો છે. સાબરકાંઠામાં આ ખાખરો પણ મેં પહેલી જ વાર જોયો અને વેરાવળ જતા કાવાથી આગળ મંદિર પાસે પીળો ખાખરો જોયો.



શ્રી કાંતિભાઈ શાહ વિનુભાઈને સાબરકાંઠામાં ધોળા ખાખરાનાં વૃક્ષ બતાવી રહ્યા છે. આ રસાયન છે. વનૌષધીઓ અવશેષરૂપે રહેલી જણાય છે.

મેં દ્રોણ પાસે ગીરમાં એક ધોળો ખાખરો જોયો હતો. પણ સાબરકાંઠામાં તો મેં પહેલી જ વાર જોયો. જેમ રોજ ગીતા વાંચતાં નવી દૃષ્ટિ મળે છે તેમ આ સાબરકાંઠામાં પણ મને નવી નવી વનસ્પતિઓનાં દર્શન થાય છે અને હું નાચી ઊઠું છું. ધોળો ખાખરો રસાયન છે. આ કાંતિભાઈ શાહ ઈડર-વાળાની ધગશ અને મહેનત મેં સામાન્ય વૈદ્યમાં પણ જોઈ નથી. આપણા કિંશુક જેવાં તેનાં ફૂલ જ છે, પણ સફેદ છે. જેમ આપણી લક્ષ્મણામાં ધોળાં ફૂલ હોય છે તેમ. આ પ્રજામાંથી એક-એક માણસ એવો હોય છે કે જે આ વનસ્પતિને ઓળખે છે પણ

તે તરત ઉઘાડી પાડતા નથી. કારણ કે તેઓ જાણે છે કે શહેરના લોકો આની માર્કેટ વેલ્યુ ઉપજાવી ઝાડોને ખતમ કરી નાંખે છે. અને છેવટે સીન્થેટિક બનાવી પણ માર્કેટમાં મૂકે છે. એટલે શહેરી પાપથી પણ તેઓ વાકેફ થયા છે. હવે અમે મલાસા દરબારના ખેતરે આવ્યા. ત્યાં એક મોટો આંબો હતો. તેની નીચે અમારે બેસવા માટે ખાટલા પાથર્યા. ત્યાં શેરડીના રસમાંથી ગોળ બનાવાતો હતો.



ગોળ બનાવવાનો દેશી ઉદ્યોગ જોઈ ખૂબ આનંદ અનુભવાય છે. શેરડીના કૂચા જ બળતણમાં વપરાય છે. ખાંડ કરતાં ગોળ ઉત્તમ એટલા માટે છે કે તેને બનાવતા તેમાં ઝેરી રાસાયણિક દ્રવ્યો નંખાતાં નથી.

જે શેરડીનાં સાંઠામાંથી રસ કાઢી જે રસ ઉકાળાતો હતો, તેના બળતણ તરીકે શેરડીના કૂચા વપરાતા હતા. તેમાં જંગલી ભીંડીનો રસ કાઢી તેમાં નાંખી જે મેલ કપાતો હતો, તે એક અદ્ભુત કળા લાગતી હતી. અને તે કચરો પાછો ખાતરમાં કામ

લાગતો હતો. અમે સૌએ રસ પી અને તાજગી અનુભવી. આંબાના વૃક્ષ ઉપર હજારો નાના મરવા લાગેલા હતા. અને શહેરનાં એરકન્ડીશન કરતાં વધારે ઠંડક અનુભવાતી હતી. અહીં કાળજું ઠરે તેવું પાણી પીધું. માટલાની માટી જ ગુણવાળી છે.

અહીંના દરબારશ્રીના દીકરાએ લક્ષ્મણ આદિવાસીની વાત કરી. તે મલાસાથી ત્રણ માઇલ દૂર રહે છે, અને તે ખૂબ શક્તિશાળી અને બળવાન છે. જેણે વાઘ સાથે કુસ્તી કરી છે. અને એક વાઘને તો બાથ ભીડી બાર કલાક દબાવી રાખ્યો હતો. આવી આ પ્રજા ખુબ સશક્ત અને હિંમતબાજ છે. આવા કેટલાય માણસ આ કાંઠામાં જોવા મળે છે. આ વાઘનાં નખોનો ઉપયોગ આયુર્વેદમાં એલાદિગણમાં કર્યો છે.

એલાદિગણ

નાની એલચી તથા મોટી એલચી, શિલારસ, ઉપલેટ, કાંગ, જટામાંસી, વીરણવાળો, રોહીષ નામે ઘાસ, લજામણી, ગ્રંથિ પરણી, તજ, તમાલપત્ર, તગર, થુનેર, હીરાબોળ, વાઘનખ, એક જાતની છીપ, દેવદાર, અગર, ગંધીબેરજો, કેસર, રાતી કરેણ, ગૂગળ, રાળ, શલ્લકીનો ગુંદર, પુંનાગ, નાગકેસર, એલાદિકગણ વાત, કફ અને વિષનો નાશ કરે છે. શરીરનો રંગ સુધારે છે તથા ખણુજ ફોડલી અને કોઠ રોગનો નાશ કરે છે.

દરબાર કિશોરસિંહના દીકરાએ અમારી સારી સારવાર કરી અને અમને પાસે સૂર્યકુંડ જોવા લઇ ગયા.

અહીં ઢેઢ ઊમરડો જોયો; ઊભી ભોરીંગણી જોઇ તથા બીજી અનેક નાની-નાની વનસ્પતિઓ જોઈ. અને તેમાં શરણાઈ જેવાં લાલ ફૂલવાળી મેં જે વેલ જોઈ તેનાથી હું પણ ખુશ ખુશ થઈ ગયો.



ઉમરાને ફૂલ થતાં નથી. વૈદકીય દૃષ્ટિએ આ વૃક્ષ ઉપયોગી છે. આ ફળનો કવાથ કરી ઘા ધોવાથી ઘા સાત દિવસમાં રૂઝાઈ જાય છે.

આ જગ્યા ઉપરથી તે ફલિત થાય છે કે ઘણું જ સ્થાપત્ય દટાઈ ગયું છે. અને જેમ જેમ ખોદાણ થાય તેમ તેમ નવું સ્થાપત્ય નીકળે છે. અહીંથી અમે ઊભી ભોરીંગણીનાં ફળ લીધાં. કારણકે તે દાંતમાંના કીડા કાઢવાને ઉપયોગી હતાં. સાથે પીળો કાંટાશેરીઓ ખૂબ પ્રમાણમાં હતો. સ્થાપત્યોની થોડી મૂર્તિઓ પણ જોઈ.

આ સૂર્યકુંડમાંથી અમે મલાસા ગામ પણ જોયું, અને ત્યાંથી મુખ્ય રસ્તા ઉપર નીકળ્યા.

મલાસાથી વરતોલ

ઈડરને બાજુએ રાખી ખેડબ્રહ્મામાં

અમારા શ્રી કાંતિભાઈના સ્નેહી અથણી વેપારી શ્રી છોટુભાઈને ત્યાં વડાલીના માટલાનું ઠંડું પાણી પીધું. તથા મોટર ત્યાં રાખી જીપમાં સીધા વરતોલ પહોંચી ગયા. ત્યાં પણ ચામુંડા માતાનું મંદિર જોયું.



" અક્ષર ચોવીસ, પરમ પુનીતા,
ઇનમેં બસે શાસ્ત્ર શ્રુતિ ગીતા.
શાશ્વત સતગુણી સત રૂપા,
સત્ સનાતન સુધા અનુપા."

એવી શક્તિ આ માતામાં રહેલી છે.

અહીં મંદિરમાં જતાં જ તળાવની પાળ ઉપર બહુ મોટું પીપળાનું અને વરખડાનું બે ભેગું થઇને એક બનેલું વૃક્ષ જોયું.

અને ઉપર પણ શંકર-પાર્વતીનું મંદિર હતું.

અહીં કાચનું મંદિર હતું. બીજા ઘણાં પુરાણાં મંદિરો જોયાં. જગ્યા ખૂબ જ રમણીય છે તથા ટેકરા ઉપર આ સ્થળ છે. બીસના શાક માટે એક સિંધી ભાઈ તળાવમાંથી મૃણાલ



સાબરકાંઠામાં રાજગરાનો માતબર પાક થાય છે. આખો છોડ રાતો હોય છે. ફૂલની ચમરી એક લીલી અને બીજી લાલચોળ હતી. તેમાંથી જે બી નીકળે છે તે રાજગરો છે. આ તાંદળજાના વર્ગની વનસ્પતિ છે. રાજગરો મધુર, રક્તપિત્ત તથા કફનો સંહાર કરનાર, શીત, લઘુ અને વાજીકરણ છે. વાયુને કોપાવનાર છે. (ભાવપ્રકાશ)

કઢાવતા હતા. આ ચામુંડાનું મંદિર અમે વટપલ્લીમાં પણ જોયું હતું. જે ૧૮૦૦ વર્ષ જૂનું હતું. આ લોકો શક્તિના ઉપાસક છે. તથા પોતાની સ્ત્રીને એટલું બધું માન આપે છે કે જો તમે તેમની સ્ત્રીના ખાટલામાં બેઠા હોય તો તમારું આવી જ બને. અહીંની આજુબાજુની ખેતીમાં રાજગરો પણ જોયો.

રાજગરો મધુર, વાયુ કરનાર, વિષ્ટંભી તથા વૃષ્ય છે. આ લોકો ખેતરમાં થોડા થોડા છોડ વાવે છે. તેમાં અમે બે રંગ જોયા. કથ્થાઈ અને લીલો. ગુજરાતમાં ફળાહારમાં તે વપરાય છે. આ ચામુંડા માતાનું સ્થળ તળાવને લીધે ખૂબ જ રમણીય લાગે છે.

ચંડ અને મુંડ નામના બે રાક્ષસોને મારેલા હોવાથી દેવીનું નામ ચામુંડા પડયું છે. અહીં અમે જેવા મંદિરમાંથી બહાર નીકળ્યા કે ખૂબ જ શુકનિયાળ ડાબે હાથે દેવચકલી જોઇ. આ દેવચકલી જુદા જુદા રંગની હતી. માથે તથા ગળે કાળો કાંઠલો હતો. ચેતન અને તરવરાટ બીજી ચકલીઓમાં મેં આવો જોયો નથી. આ શુકનથી અમારી યાત્રા નિર્વિઘ્ને પસાર થઈ. આ ચકલી અમને એમ કહેતી હતી કે બેઠેલાનું નસીબ બેઠું, સુતેલાનું નસીબ સૂતું, ઊભેલાનું ઊભું પણ ઊડતાનું નસીબ ઊડતું જ રહે છે.

વરતોળનું તળાવ ઝુમસર કરતાં નાનું છે. પણ કમળ તો એટલાં જ દેખાતાં હતાં. આ તળાવ પણ આજુબાજુના કુદરતી પહાડોથી બંધાયેલું છે. અત્યારે જે બંધ બંધાયા છે, જેમ કે હરણાવ બંધ તે વખત જતાં કાંપથી પૂરાઈ જાય છે. જ્યારે આ ભીલોએ કુદરતી પહાડોની વચ્ચે જે પાણી કાઢવાનો માર્ગ કાઢયો છે તે અદ્‌ભૂત છે. અને આધુનિક એન્જિનીયરીંગનો તેન આગળ કોઈ હિસાબ નથી. તળાવના ઇનલેટ, આઉટલેટ ખૂબ બુદ્ધિગમ્ય હતા.





રાણી તળાવ કરતાં વરતોળ તળાવની રચના જુદી જ જાતની છે. કુદરતી પહાડો તેજ તેમની પાળ છે. આ તળાવ કમળ માટે ખૂબ જાણીતા છે. બહુ જ પ્રાચીન જગ્યા છે. આર્યોનાં ભક્તિના સ્થાનો અહીં તળાવના બે ફોટાઓમાં દેખાય છે.

ખેડબ્રહ્માથી કોટેશ્વર હું અવાર-નવાર આવતો પણ વરતોલ આવી શકતો ન હતો. કોટેશ્વરમાં મેં નસોતરના વેલા જોયા. અહીં વરતોલમાં એક જૂનું પુરાણું શિવમંદિર છે. તેની પાછળની વંડી ઉપરથી નાના-મોટા ડુંગરા જોતા ધરાતો ન હતો. આ વરતોલનું તળાવ દોઢ માઈલ જેટલા વિસ્તારમાં પથરાયેલું છે. સ્થળ ઘણું પુરાણું છે. અને ભાવિક લોકો આ માતાજીના મંદિરની બાધા રાખે છે. હવે અમે અહીંથી ગઢા શામળાજીથી આગળ આગિયા તળાવ તરફ ગયા.

આ આગિયા તળાવમાં ઘણું જ પુરાણું દટાયેલું શિવમંદિર છે.




ગમે તેમ કહો પણ આ પથ્થર યુગનાં સ્થાપત્યોએ આપણે કેવા હતા તે સંસ્કૃતિ બતાવી નામ રાખ્યું છે. અહીં પહેલા પુરાણા પથ્થરમાં બબ્બે હજાર પુરાણી સાલો વાંચવા મળે છે. તળાવોની આટલી ભવ્યતા આર્યોના હૃદયમાં ઊંડે-ઊંડે ઊતરેલી હતી.

ત્યાં અમે આગિયા વૈતાળની મૂર્તિ જોઈ જે ૧૩૮૯ ની સાલની હતી. એટલે કે ૬૦૦ વર્ષ પહેલાં પણ આ તળાવોની

ભવ્યતા કેટલી હશે કે જ્યાં કેટલી લખાપટ્ટી કરવા છતાં આરામ માટેનું છાપરું થતું નથી ત્યાં આવા લાખો રૂપિયાનાં મંદિરો પડ્યા છે. ત્યાંથી મટોડા ગામમાં થઈ પાછળ અમે માર્કંડેશ્વર મહાદેવ ગયા.

કાશીવિશ્વનાથ મહાદેવ પછી સાબરકાંઠામાં આ એક જ મહાદેવ છે જ્યાં બાર જ્યોતિર્લિંગ છે. તથા સમાધિસ્થ શંકરની લિંગરૂપે મૂર્તિ છે.



યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ એમ અષ્ટાંગ પદ્ધતિ આ કાંઠામાં ચાલતી હતી. આ સમાધિસ્થ શંકરની મૂર્તિ ખૂબ પ્રસન્નતા ઉપજાવે છે.

આ કાશી જેવું પુરાણું સ્થળ છે.

અહીં આ ગામના રહીશ ખૂબ જ વિવેકી શ્રી અરુણકુમાર રાવલનો સત્સંગ થયો. તાપમાં અમે ખૂબ જ તરસ્યા થઈ ગયા હતા. તાપમાં આ છોકરાએ દોડી પોતાના ઘેરથી તૃપ્તિ થાય તેવી ઠંડા પાણીની માટલી લઈ આવી પાણી પાઈ બધાનાં કાળજાં ઠંડાં કર્યાં. આ ધોળાં કબૂતર ઉડાવી શાંતિ ચાહનાર પ્રજા નથી પણ ઠંડું પાણી પીવડાવી પોતાને સંતોષ માનનાર શાંતિ ઉપજાવનાર પ્રજા છે. આ છોકરો મટોડાનું તળાવ બતાવવા પણ અમારી સાથે ફર્યો.



મટોડાનું તળાવ એ ઘણું મોટું તળાવ છે. આર્યોએ પહેલાં વનસ્પતિઓના જતન માટે આવાં તળાવો ઠેર-ઠેર કરેલાં છે. ભારતભરમાં પાણી માટેની આવી વ્યવસ્થા બીજે કયાંય જોવા મળતી નથી.

સામે કિનારેની ઝાડીમાં અમે મુચુકુંદનું વૃક્ષ જોયું. આના


મોટાં ઝાડો ૫૦ ફૂટથી ૬૦ ફૂટ ઊંચાં વધે છે. તેના પાન પાંચ ખૂણિયાવાળાં ઉપલી સંપાટી લીલી અને નીચલી સફેદ રંગની છે તેનાં ફૂલ મોટાં પીળાં અને લાંબાં થાય છે. વચમાં કેસરા પણ મોટા હોય છે, અને વચમાં બીજ હોય છે. મુચકુંદનાં ફૂલ વાટીને કપાળે લગાડી અહીંના લોકો માથું દુખતું મટાડે છે. ખરેખર આ દર્શનીય વૃક્ષ છે. આવા સુંદર મોટાં ફૂલ મેં બીજે ક્યાંય જોયાં નથી. વસંતઋતુમાં ખૂબ જ ફૂલ આવે છે. જે ગડ-ગૂમડાં થાય છે. તેના ઉપર આ લોકો લુગદી લગાવે છે અને તરત જ ગૂમડું ફાડી નાંખે છે. મુચુકુંદ. ગરમ ઔષધિ છે અને તેથી જ વિદ્રધિને ફાડી નાંખે છે. હું એને કંઠમાળમાં વાપરું છું. તે ગળાનાં રોગમાં પણ વપરાય છે. મને ગળાના રોગ માટે બે ઔષધો ગમ્યાં છે. આદુ અને મુચુકુંદ. જે કુંદના ફૂલ જેવી સુગંધ છોડે છે તેથી તેનું નામ મુચુકુંદ પડયું છે.

વીરેશ્વરનાં પહાડ ઉપર કુંદનું ફૂલ મેં જોયું હતું.


કુંદની લતા થાય છે. કુંદના ફૂલ બરફ જેવા સફેદ અને અત્યંત સુગંધિત હોવાથી તેની આસપાસ ભમરા ફર્યા કરે છે. માધવ, પરિણતપત્રા અને કતિપયકુસુમા એ કુંદલતાનાં નામો છે. સાબરકાંઠામાં કુંદલતા જેવી અનેક લતાઓ ધોળવણ, કાળવણ, કોસંબી, પાનરવા, અને અન્ય સ્થળોએ જોઈ છે. માધવી વસંતમાં અને કુંદ માઘ માસમાં ખીલે છે. મેં કુંદનું ફૂલ જોયું તે મુચકુંદને મળતું જ છે. મેં જ્યારે બાલસમુદ્રમાં નેવરી જોઈ, ત્યારે તેનાં સુંદર ફૂલના ઝુમખાથી હું આકર્ષિત થયો હતો.

આ મટોડાના તળાવમાંથી ઓવરફ્લો થઈ આગિયાના તળાવમાં પાણી જાય છે. પણ તેમાંથી સીધુ ઈરીગેશન કાઢેલું

છે. તેની સિમેન્ટની ભાગી તૂટી નીકો પણ દેખાતી હતી. આ માર્કંડેશ્વર મહાદેવમાં જતાં જ રેશમ જેવા ધોળા થડ વાળું ચંપા જેવી જાડી દાંડીવાળું વિશાળ ઘેરાવ માં પાંગરેલું એક મહાન તપસ્વી ઋષિ જેવું બહુ પ્રભાવવાળી દિવ્ય ઔષધિનું નામ ધરાવતું પવિત્ર અને જેનો ગુંદર ગમે તેવા કાંટાને બહાર ખેંચી કાઢે તેવી જડીબુટ્ટીનાં ગુંદરવાળું, જેની ડાળી ભાંગવા હું જતો હતો તો ના ભાંગી તેવું બરડ નહીં પણ ચીકણું અને આ વખતે ફૂલ ફલાવરીંગમાં પાંગરેલું પાંદડાં વગરનું કલેડીનું વૃક્ષ જોયું.



આ તળાવ ઉપર અમારી સાથેનો ભોમિયો શ્રી તરુલતા વૈદ્ય, શ્રી કાંતિભાઈ ઊભેલા નજરે પડે છે. અહીં શ્રી અરુણકુમારે આ તળાવની ભવ્યતા સમજાવી હતી.



કલેડીને _ ગુંદર એટલો પાવરફુલ હોય છે કે શરીરમાં ગયેલુ શલ્ય એટલે ફેરેઈનબોડી બહાર કાઢી નાખે છે. આ એક દૈવી વૃક્ષ છે. ચંપા જેવી ડાળીઓ છે. તેના ફૂલની ઝુમરી ખૂબ જ આકર્ષતી હતી. મોરીના જંગલમાં આ કલેડીના વૃક્ષોએ મારું ખૂબ જ ધ્યાન દોર્યું છે.

આ મટોડા વિસ્તારમાં તાંત્રિક વિદ્યા ખૂબ જ આગળ પડતી ફાલી હતી. અહીં બે તંત્રની પથ્થરમાં કોતરેલી પ્લેટો જોઈ તે ખૂબ જ જોમેટ્રીકલ હતી. એક સૂર્ય તંત્રની અને બીજી સાત પાંખડીવાળા કમળતંત્રની. આ તાંત્રિક વિદ્યાનો વિકાસ ભારતભરમાં અહીં જ વિકસીત હતો.

આ કાંઠામાં એક વિશ્વયંત્ર દાંતામાં અંબાજીના મંદિરમાં પણ ગોઠવાયેલું છે. આ સ્થાન ઉપર આધ્યાત્મિક વિચારધારાનો અનુભવ થયો. વૈદિકવાદ અને વૈદિક સાહિત્યનું સિંહાવલોકન આ બધાં મંદિરોમાં મને થયું છે. આધ્યાત્મિક વાદનો આધાર મને અહીં

જડયો છે. વેદની ભાષા વૈજ્ઞાનિક પદ્ધતિનો પરિચય અચલગઢ અને નીચલગઢનાં મંદિરોમાં અનેક સંતો સાથે અનુભવ્યો છે. અગ્નિ અને સત્ય વરુણ, મિત્ર અને સત્ય, અશ્વિન, ઇન્દ્ર અને વિશ્વદેવો, સરસ્વતી અને તેમના સહચારી, સમુદ્ર અને નદીઓનાં રૂપકો, સાત નદીઓ, ઉષાની ગાયો, આંગીરસ ઉપાખ્યાન અને ગાયોનું રૂપક, ખોયેલું તેજ અને ખોયેલી ગાયો, અંગીરસ ઋષિ, સાત શીરોવાળા વિચાર, માનવપિતર, પિતરોનો વિજય, અંધકારનો પુત્ર, દસ્યુઓઃ ઉપર વિજય, ઇન્દ્ર દિવ્યપ્રકાશનો પ્રદાતા, ઇન્દ્ર અને વિચારશક્તિઓ, અગ્નિ એ એક પ્રકાશપૂર્ણ સંકલ્પ, સૂર્ય, સવિતા એક રચયિતા અને પોષક, દિવ્ય ઉષા, ભગ સવિતા, આનંદ ઉપભોગતા, વાયુ એક પ્રાણ શક્તિઓનો અધિપતિ, બૃહસ્પતિ એક આત્માની શક્તિ, અશ્વિદેવ આનંદનો અધિપતિ, ઋભુ અમરતાનો શિલ્પી, વિષ્ણુ વિશ્વવ્યાપી દેવ, સોમ એટલે આનંદ અને અમરતાનો અધિપતિ જેનું વર્ણન મેં ભાગ છઠ્ઠામાં આપ્યું છે. આ બધું મેં હરણાવ અને સાબરના કાંઠે ૧૯૪૭ થી અનેક રાત્રીઓ ગાળી અનુભવ્યું છે અને આ બધાં મંદિરો મેં તે દૃષ્ટિએ જોયા છે, પુરાણ તરીકે નહીં. અહીં જે બાર જ્યોતિર્લિંગ જોયાં અને તેરમા લિંગ સ્વરૂપે સમાધિષ્ઠ શંકરને જોયા.

આ બધાં સ્થાપત્યો માનવરક્ષા, માનવકલ્યાણ અને જીવનની ઊંડી આફતો અને સમસ્યાઓ ઉકેલવા માટે સબર ભક્તિના સ્થાનો લીલો સંચાન્સ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, રાજયોગ, હઠયોગ, ધ્યાનયોગ, શક્તિ, ઉપાસના, યંત્રવાદ, તંત્રવાદ અને બીજી અનેક પદ્ધતિઓથી તરબોળ થયેલા ઋષિમુનિઓએ પ્રાણ ન્યોચ્છાવાર કરી આ સ્થાપત્યો ઊભાં કરેલાં છે, એટલે મારી આંખ લઈ તમે મારી આંખની દૃષ્ટિથી તમે પસંદ કરેલાં સ્થાપત્યો જોશો તો તે જીવનમાં સાફલ્ય અને ઉપયોગી નીવડશે. અને તેથી જ આ લોકો શુષ્ક વેદાંતી નથી પણ આગવી નેકવાળા


એન્જિનીયરો પણ છે. ગુલામ બન્યા નથી. અને તીરકામઠાંથી છેવટે સાચી છાતીએ લડયા છે અને ઓછામાં ઓછી જરૂરિયાત વડે પણ તેઓ અનેક સાંસ્કૃતિક હુમલાઓમાં પણ ટકી રહ્યા છે. આ લોકોનું લક્ષ એક ઉચ્ચતર સ્તર ઉપર પહોંચવાનું છે. જીવનમાં સંઘર્ષ કરી પોતાનો માર્ગ મોકળો બનાવે છે. તેમની આજુ–બાજુનાનો ત્યાગ નહીં કરતા, દિવ્ય ચેતનાના વિશુદ્ધ ધરાતલો સુધી ઉઠાવી જાય છે. ત્યાગ કરવાથી વૃદ્ધિ થાય છે તે તેમના જીવનમાંથી હું શીખ્યો છું કારણ કે ખેતીની વહેંચણી વખતે પોતાપણું મૂકી દે છે. મહુડાના દારૂથી ભલે કેટલાક મદોન્મત્ત થયેલા લાગે છે. પણ તેમની બહેનોનું સાર્વભૌત્તિક શરીર દિવ્ય આનંદના સંસ્પર્શવાળું અને મદથી ભરેલું મેં જોયું છે. પુરુષોમાં પણ એટલી જ ખુમારી હોય છે. તેમની આંખમાં આંજેલી મેંશ હું ભૂલી શકતો નથી, જીવનનો કોયડો ઉકેલવામાં સમાજ કલ્યાણની પ્રવૃત્તિ એક માત્ર આયુર્વેદ દ્વારા થઈ શકે તેમ હું પ્રમાણિકપણે સિદ્ધાંત અને વર્તનથી માનું છું.

આ આયુર્વેદ એટલે દૈવવ્યપાશ્રયચિકિત્સા જે આ સ્થાપત્યોમાં મને દેખાય છે, યુક્તિવ્યપાશ્રયચિકિત્સા જે સૂર્યમંદિરમાં દેખાઈ, ઔષધવ્યપાશ્રયચિકિત્સા જે મને અહીંના વનોમાં રહેલી નદીના કિનારે તથા પહાડોમાં મને વનસ્પતિરૂપે દેખાઈ છે. જીવન ઉકેલનો કોયડો સાબર અને હરણાવનાં કાંઠે જ શોધાયો છે. બીજે કયાંય શોધાયો નથી. રામેશ્વરથી કાશ્મીર સુધી અને બર્માથી કરાંચી સુધી ક્રોસવાઈઝ ફર્યા પછીનું મારું આ નિવેદન છે. આ સંસ્કૃતિનો ઉપદેશ એ છે કે.–

"There Should not be an ascetic escape.

"એટલે કે જીવનથી કંટાળી નાસી જઈ સંન્યાસી થવાનો નથી પણ યોગ ભક્તિ, ઉપાસના, શક્તિપૂજન અને ઔષધિઓ દ્વારા શરીર અને મનના દોષો દૂર કરી પરિપૂર્ણતાના માર્ગો બતા–

ડવાનો છે. અનેક સાધનાઓનો આ પરિપાકનું ગુંજતું વાતાવરણ મંદિરોમાં ઘૂંમટો અને ચોકમાં, છતોમાં,કમાનોમાં અને સ્થાપત્યોમાં મેં જોયું છે. તે દ્રષ્ટિએ આ સાતેય ભાગમાં સ્થાપત્યોની છબીઓ તમે જોશો તો વનસ્પતિઓ જેટલી જ તમને આયુર્વેદમય ચિકિત્સા પ્રણાલીરૂપે આ શિવમંદિરો દેખાયા વગર રહેશે નહીં.



આ યંત્રવિદ્યા ભારતભરમાં આ કાંઠામાં જ વધારે વિકસેલી હતી.

તેના અવશેષો અહીં દેખાય છે.

હવે અમારી મટોડા તળાવની યાત્રા પૂરી થઈ અને આ કાંઠાના મહર્ષિ આત્રેય સમાન શ્રી રેવાનંદ તીર્થજીના દર્શને અમે ઊપડયા અને રસ્તામાં રાધીવાડ સામે જે અમારા ગુજરાત સમાચારનાં પત્રકાર શ્રી લાભુભાઈનું ગામ છે તે ગામ પાસે લીમડાના વૃક્ષ ઉપર વાંદો જોયો. રાસ્નાના અભાવમાં “ વાંદો ” લેવા ભાવમિશ્ર કહે છે. વાંદાની બીજી જાતો પણ વપરાય છે.



વાંદાની ઘણી જાતો મેં આ કાંઠામાં જોઈ. આંબો, જાંબુડો, પીપળ, મહુડો વગેરે ઝાડ ઉપર ઘણાં વાંદા જોયા. તેમાં આ કાંઠામાં મહુડાનાં ઝાડ ઉપર મેં ઘણાં વાંદા જોયા. જે ઝાડ ઉપર વાંદો થાય છે તે ઝાડ નાશ પામે છે માટે જ તેને "વૃક્ષાદની' કહ્યું છે. પાન લંબગોળ, ઘેરા લીલા રંગના, સામ–સામા વખતે આંતરે પણ આવેલા છે. ઘણું કરીને ૩" થી ૪" લાંબા ૧" થી ૨" પહોળા હોય છે. ફૂલ ગુલાબી છાયા લેતા આવે છે. ફુલ કાચા હોય ત્યારે લીલા અને પાકે ત્યારે લાલ થાય છે. આનું ફળ સુંવાળું અને લંબગોળ હોય છે આનો ઉકાળો પીવાનું સુશ્રુતે કહ્યું છે. પીપળાના ઉપરનો વાંદો વાઈ અને અપસ્મારમાં શ્રેષ્ઠ છે. આ લીમડાનાં ઝાડ ઉપરનો વાંદો છે.

આ વાંદો શીતળ, કડવો, કષાય અને મધુર છે તથા ગ્રાહી છે, રસકાળે મધુર છે. મંગલકારક કિંચિત્ તીખા, વૃષ્ય, રસાયન તથા વ્રણ રોપણ છે. રક્તદોષ, વિષ, ગ્રહપીડા તથા શ્રમનો નાશ કરનાર છે. કર્ણશૂલ તથા કાનમાં થયેલી ફોડલી ઉપર તેનાં પાન લાવી તેનો રસ નંખાય છે. આ કોઈપણ ઝાડ ઉપર થઈ શકે છે.

"वंदा वृक्षादनी सेव्या परपुष्टा पराश्रया।"

આ વૃક્ષને પોતાનું મૂળ અલગ હોતું નથી પણ બીજા વૃક્ષના આશ્રયે જીવે છે. વડના ઝાડ ઉપર થયેલો વાંદો અમે જોયો હતો કે જેના રસનો ઉપયોગ ગર્ભધારણમાં થાય છે. એક તો પરાશ્રયે ઝાડ થાય છે તથા કોઈપણ ઝાડ ઉપર ગાંઠરૂપે થાય છે.



कैथ.

કોઠી : ઉલ્ટી, ઊબકા અને ઝાડા મટાડનાર.

રાધીવાડથી અંબાજીના મંદિરમાં

હવે અમે લીમડા ઉપરનો વાંદો જોયા બાદ ખેડબ્રહ્મા માતાજીના મંદિરમાં આવ્યા જ્યાં અમે શુદ્ધ આયુર્વેદનું છઠ્ઠું સંમેલન ભર્યું હતું. જ્યાં રાજસ્થાનનાં આરોગ્યમંત્રી શ્રી ભીખાભાઈ અને પંડિત શિવશર્મા અને ભારતભરના અગ્રણી વૈદ્યોએ હાજરી આપી હતી. અહીં સાબરકાંઠાના સંત પ્રાતઃ-સ્મરણીય શ્રી રેવાનંદ તીર્થજીના દર્શન કર્યાં. તેમણે કહ્યું કે, સંસારના તમામ દુખિયા જીવો માટે આ પહાડોની સંસ્કૃતિએ આફતમાં રક્ષણ આપી ઉગાર્યા છે. આ પહાડોમાં ઘણું એવું ભર્યું છે. આને કુમારિકા ખંડ કહેવાય છે. અહીં વાંસ ઉપર ઘઉં આવ્યા પછી વાંસ મરી જાય છે તે ઉપર તેમણે કહ્યું છે કે,

"હરી ફરી વૃશ્ચિક વેણુ રંભા—
પ્રયાણકાલે ફલ મુદ્દહન્તી।"

વાઘ, વીંછી, વાંસ, રંભા—કેળ તે જવાનાં અંતકાળે જ ફળ આપી પોતાનું અસ્તિત્વ મીટાવી દે છે. તે પ્રમાણે અહીંના વાંસમાં પણ થાય છે. તે ઘઉ દરેક રોગોમાં ઉપયોગી છે, અને ખાસ કરીને તે ડાયાબીટીસ ઉપર કામ કરે છે. તેમણે કહ્યું, કે પહેલાના ગુરુઓ અને શિષ્યો સાથે રહેતા હતા અને આ મંત્ર. ઉપનિષદો, પુરાણોનો અભ્યાસ કરતા હતા અને આશ્રમમાં રહેતા હતા. આશ્રમનું જ પોતાના ભાગે આવે તે કામ કરતા હતા. તેમના એક શિષ્યને ગાયો ચરાવવાનું કામ સોંપેલું હતું. તે રોજ ગાયો લઈને સવારમાં જાય તે છેક સાંજે પાછા આવે. તે

જાય ત્યારે અને સાંજે પાછા આવે ત્યારે તેમના માટે રસોડામાં કંઈજ રસોઇ રહેતી નહોતી. તેથી તે શિષ્ય જતા અને આવતા ગામમાં ભિક્ષા માંગી જમી લેતા. થોડા વખત પછી ગુરુએ પૂછ્યું, અહીંયાં તમારા માટે ભોજન રાખવામાં આવતું નથી તો તમે શું કરો છો? ત્યારે શિષ્યે કહ્યું, જતાં આવતાં બંને વખત ભિક્ષા કરી જમી લઉં છું તેથી ગુરુએ કહ્યું, આપણે સંન્યાસી થઈ બે વખત ભિક્ષા ના લેવાય તેથી શિષ્યે એક વખત ચાલુ રાખી ત્યારબાદ ગુરુએ પૂછ્યું, કે ભાઈ તું કેવી રીતે જમે છે? ત્યારે શિષ્યે કહ્યું કે હું એક વખત ભિક્ષા લઈ જમું છું. તેથી ગુરુએ કહ્યું કે—સમાજને ભારરૂપ ના થવાય. એટલે શિષ્યે તે ભિક્ષા લેવાની છોડી દઇ અને ગાય દોહી તેનું દૂધ પીવા માંડયું. પછી થોડા દિવસે ગુરુએ પૂછ્યું, હવે ભાઈ તમે શું કરો છો ત્યારે શિષ્યે કહ્યું, ગાય દોહી પીઉં છું તો ગુરુએ કહ્યું કે, ભાઇ: આશ્રમની ગાયનું દૂધ આપણાથી ના પીવાય. તેનું વાછરડું ભૂખ્યું રહે તેથી દૂધ પીવાનું બંધ કર્યું.

પછી ગુરુએ કહ્યું, ભાઈ શું કરો છો? ત્યારે શિષ્યે કહ્યું કે જે વાછરડાં ગાયોનાં દૂધ ધાવતાં હોય છે અને બહાર જે ફીણ આવે છે તે હું ચાટી લઉં છું. તે ફીણ પીવાથી મને આંખોમાં નવું જ તેજ આવ્યું છે, અને આંખના તમામ રોગ મટી ગયા છે. ત્યારે ગુરુએ કહ્યું કે ભાઈ ફીણ પણ આપણાથી ના લેવાય તે તેની જીભથી પણ ચાટી શકે છે શિષ્યે તે પણ લેવાનું છોડી દીધું અને વનસ્પતિનો છાલો-પાલો ખાવા લાગ્યો. તેમાં આકડાનાં પાન ખાવામાં આવી જવાથી ઝાડા-ઊલટી થઈ ગયાં અને આંખનું તેજ હણાઈ ગયું અને તે કારણે તેને દેખાવાનું બંધ થઈ ગયું. એટલે ચાલતાં ચાલતાં હવડ પાણી પીવાના કૂવામાં તે શિષ્ય પડી ગયો. તથા ગાયોનું ધણ તેમની ટેવ મુજબ આશ્રમમાં પહોંચી ગયું. પરંતુ ગુરુએ વિચાર કર્યો કે ગાયો આવી તો પણ શિષ્ય કેમ ના આવ્યો તેથી શિષ્યની શોધ માટે આશ્રમનાં માણસો:

જંગલમાં નીકળી ગયા તથા ચારે તરફ ફરવા લાગ્યા ત્યાં એક કૂવાની અંદરથી અવાજ આવ્યો કે હું અંદર પડી ગયો છું. બધાએ કહ્યું ઉપર આવી જા. પણ કહે કે હું કેવી રીતે આવું. મને દેખાતું નથી. તેથી ગુરુએ કહ્યુ કે અગ્નિની મંત્રનો ઉચ્ચાર કરો. ગુરુ પણ આ શિષ્યની પરીક્ષા જ કરતા હતા કે તેનામાં કેટલું જ્ઞાન ઊતર્યું છે. અને તેણે અગ્નીની મંત્ર ભણ્યો અને દૃષ્ટિ પાછી આવી હવે ઉપર કઈ રીતે આવવું? તેથી ગુરુએ કહ્યું કે હવે તમે વરુણનો મંત્ર ભણો, તેથી તેણે વરુણમંત્રનો ઉચ્ચાર કર્યો ને તરત જ કૂવો પાણીથી ઊભરાઈ ગયો અને તેની સાથે જ તે ઉપર આવી ગયો એટલે આવી મંત્રવિદ્યા આ સાબરકાંઠામાં વિકસિત હતી. જીવનની આફતો મંત્ર દ્વારા પણ નીવારી શકાતી હતી. સ્વર્ગમાં પણ દેવલોકો અનેક અપરાધોથી પૃથ્વી પર આવે છે અને તેઓ ભીલપ્રજાને ત્યાં જન્મ લઈ રૂક્ષ ખોરાક ખાઈ તપસ્વીની જેમ તપ કરે છે. તેથી અહીં દેવતાઓનો વાસ રહે છે. મહારાણા પ્રતાપને પણ આ ડુંગરાઓએ સંઘર્યો અને આ બધા ભીલોએ તેમને બચાવ્યો. અને મહારાણા પ્રતાપે એવો મોનોગ્રામ કોતરાવ્યો કે—

"જો દૃઢ રાખે ધર્મકો, તીરહી રાખે કિરતાર."

એટલે કિરતારમાં માનતી આ આસ્તિક પ્રજા દેવતાઓના વાસ સાથે રહે છે. તથા રોગીપણ નીરોગી રહે છે તેવું અહીંનું હવામાન છે. અહીંથી અમે સીધા ઈડરવાળા શ્રી વિનુભાઈને ત્યાં ગયા અને ગ્રુપ ફોટો લીધો. ઈડરનું આ અમારું કુટુંબ મંડળ હતું.

મારા શિષ્ય શ્રી રમેશે અહીં ચાર વર્ષ પ્રેક્ટિસ કરી હતી અને મારા અનન્ય ભક્ત ચોરીવાડના શ્રી પૂંજીરામ ભાઈના કહેવાથી આ ડેરો નાંખ્યો હતો.

અરવલ્લીના વિશ્રામ તરીકે મારે અવાર–નવાર એ ડેરો બની ગયો છે. જ્યાં હું ખૂબ જ ઉકાળેલા લીમડાની કઢી પીઉં છું.

વાંટડાનો ડુંગર

ગાંભોઈથી ડાબા હાથે ભીલોડા રોડ ઉપર વાંટડાનો ડુંગર જોયો. બાજુમાં અમીરગઢ હતું. ડુંગર ઉપરથી સપાટ હતો. લંબાઈ બહુ ન હતી.



કેટલાક ડુંગરો ઉપરથી સપાટ તથા ચોરસ જેવા દેખાય છે. નીચે તળેટીમાં થોરનાં ઝુંડ દેખાય છે જેને લાલ ફ્લાવરીંગ પણ આવેલું હતું.

આ ડુંગરની ફરતી જે વસ્તી છે તે બધી કુદરતની વિશાળતાના સંપર્કમાં રહે છે. ત્યાં જતાં વચ્ચે ખારી નદી આવી હતી. નદી, પર્વત અને વનસ્પતિના સાન્નિધ્યમાં રહેનાર પ્રજા

અધોગતિએ લઈ જનાર સેકસમાં બહુ પડતી નથી, ઇન્દ્રાણી કેમ જતાં આ રસ્તે હું ઘણીવાર ગયો. અને આડા ફોરેસ્ટ ઉપર જ્યારે બાલસમુદ્રથી પર્યટન શરૂ કર્યું, ત્યારે ઉપરના પથ્થરિયા ડુંગરાઓ ભેદી ભીલોડા તરફ હાથરોલ છેક ઊતર્યો હતો. એ આખા આડા પહાડની તળેટીમાં હું ફરતો હતો. અનેક વનૌષધિઓનાં ધામ હૃદયસ્પર્શી હતા. આડા ફોરેસ્ટની આજુબાજુ મોયણાનાં વૃક્ષ ઘણાં હતાં. આ વખતે પણ મોયણો સુકાયેલો જ હતો. માંકડી કોલોનીનો ડાબે હાથે રસ્તો છોડી સીધા અમે બામણા ગામ તરફ ગયા અને બામણાની નજીક જમણા હાથે સડક ઉપર



ડોડીનું સંસ્કૃત નામ "જીવન્તી" છે. આનું અથાણું તથા શાક પણ થાય છે. આંખોના તેજ માટે તેનો સુપ સર્વોત્તમ ઔષધિ છે.

ફરી ભીલોડાનો રસ્તો પકડ્યો. એ રસ્તા ઉપર જતા જતા જીવ-નીયગણનું મુખ્ય ઔષધ ડોડી જ લટકતું હતું.

જીવન્તી શાકશ્રેષ્ઠા. સર્વે શાકોમાં શ્રેષ્ઠ આ ડોડી સીધું આલોચક તેજ આંખને પૂરું પાડે છે. સામી વાડ ઉપર ઢઢ ખાખરો મોટા પ્રમાણમાં દેખાતો હતો.



આ ખાખરાની રતાશ સાદા ખાખરાને પણ આંબી જાય છે. પુષ્પમાં આસમાન પાતાળ જેટલો તફાવત છે. આ ખાખરો પણ વસંતમાં ખીલે છે.

ઢોરને કૃમિ થયા હોય તો આ ઔષધ લોકો બહુ વાપરે છે. આપણા સાદા ખાખરામાં તથા આ ઢઢ ખાખરામાં આસમાન-જમીનનો ફેર છે.



ઢેડખાખરાનાં ઝુમખે ઝુમખા દેખાય છે.


આ ઋતુમાં શેમળાનાં લાલ ફૂલ, ઢેડ ખાખરાનાં લાલ ફૂલ તથા ખાખરાનાં કિંશુક લાલ ફૂલ એ જાણે ડુંગરમાં દાવાનળ લાગ્યો હોય તેવું દશ્ય રજૂ કરતું હતું. ખરેખર આ ડુંગરાઓમાં ખૂબ ઔષધિ ધન ભરેલું છે. અને સાચે જ આ દેવભૂમિ છે. આડા ફોરેસ્ટની તળેટી ફરતા ફરતા અમે છેક મલાસાનાં પહાડો તરફ આવ્યા. જેનું વર્ણન મેં ઉપર કર્યું છે. આ વખતે ભીલોડામાં મદારીવાસ જોયો. ત્યાં ભારતભરના બધા જ મદારીઓ ચોમાસામાં ભેગા થાય છે. મલાસાથી ઇડર આવતા પીળા બે રંગત રોહીડાનાં ઝાડ જોયાં. જે પૂરબહારમાં ખીલેલા હતા.

સાબર તટ ઉપર

પ્રાંતિજ પાસે યાત્રાધામો અને ઔષધિઓ

સાબરકાંઠામાં સાબરના મૂળ વાકળ નદીથી ચાંપલપુર પાસે હરણાવ મળે છે. ત્યાંથી આગળ છેક કાટવાડા થઈ અમે પ્રાંતિજ આવ્યા.

પ્રાંતિજ પાસે ગલતેશ્વર મહાદેવનું બહુ જ પુરાણું સ્થળ છે. આ મંદિરની રચના ખૂબ જ પુરાણી છે. આર્યોનું સ્થાપત્ય તેમની સંસ્કૃતિ જેટલું જ મજબૂત હતું અને તેથી જ તેમના ઉપર



સાબર તટે ગલતેશ્વર મહાદેવ

સાબરના તટ પર આવેલાં પ્રખ્યાત શિવમંદિરોમાં મુખ્યત્વે કરીને ચિત્ર-વિચિત્ર મહાદેવ, સપ્તધારેશ્વર અને આ ગલતેશ્વર મહાદેવના સ્વયંભૂ પુનિત ધામે અનેકને પાવન કર્યા છે. સૂર્યપૂજા અને શિવ-પૂજા આર્યોમાં કાળક્રમે લોહીમાં વણાઈ ગઈ છે. અણુ અણુમાં પ્રસરી ગઈ છે. આ ત્રણ મંદિરો છેક કિનારા ઉપર જ આવેલાં છે.


તે કોઈ તોડી શક્યું નથી. મંદિર નાનું શું છે
અનેક હુમલા છતા તે કોઈ તોડી શક્યું નથી. મંદિર નાનું શું છે
પણ તેની પાછળ સાબરનાં કોતરો તથા આગળ વિશાળ પટ દેખાય
છે. સામે કિનારે લાકરોડા કરીને ગામ છે. તે ગામવાળા આ
પટમાં સાકરટેટી વાવે છે. અંદરનો ગર્ભ લીલા રંગનો અને સાકર
જેવી ગળી ટેટી એ અરવલ્લીની તણાઈ આવેલી માટીના કાંપની
મહત્તા અને ગુણવત્તા બતાવે છે. લોકો ફાગણ–ચૈત્રમાં તેનાં ફળ
મેળવે છે. અને તેથી જ હું કહું છું કે સાબરમતી એ સત્-
યુગની નદી છે. તેનો ઉલ્લેખ પુરાણોમાં પણ છે. છેલ્લા પચીસ
વર્ષથી ચૈત્ર માસમાં આ લાકરોડાની મીઠી મધ જેવી ટેટી ખાતો
જ રહ્યો છું. આ મંદિરની બાંધણી અને બેઠા ઘાટનું સ્થાપત્ય
મને ખૂબ જ ગમ્યું છે.



સાકરટેટી–લાકરોડા

હોળી પહેલાં ફ્રુટ માર્કેટ અને શહેરની સડકો ઉપર લારીઓમાં
વેચાતી સક્કરટેટીનો આ છોડ નથી પરંતુ સાબરના મીઠા જળ અને
ભૂપ્રદેશમાં પેદા થતી લાકરોડાની ટેટીનો આ નાનકડો છોડ ચૈત્ર
મહિનો શરૂ થયા પછી જ મીઠાં સાકર જેવાં ફળ આપે છે. રેતી-
માંથી પાણી અને મીઠાશ ચૂસી પરોપકારી આ વેલાનો મહિમા
ગરમ પ્રદેશો મુક્તકંઠે ગાય છે.

સાબરના તટે આવેલાં આવાં નાનાં નાનાં ઘણાં ગામડાં શ્રમજીવીઓથી સમૃદ્ધ છે. આ ગામડાંમાં વસતા લોકો સાબરનું પાણી પીને ચિત્તશુદ્ધિવાળા થયેલા હોય છે અને તે ચિત્તશુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડે છે. તેથી આ લોકો સાથે મને વધુ ફાવે છે.



પ્રખ્યાત લાકરોડા ગામ–સાબરકાંઠે
ગલતેશ્વર મહાદેવના મંદિર પરથી સામે કિનારે દેખાતું નાનકડું લાકરોડા ગામ જેની ભૂમિમાં પેદા થતી ટેટીઓ અનેકની કિડનીઓ સાફ કરે છે.

તમે માનો કે ન માનો પણ મોગલોએ તોડફોડ કર્યા પછી અહીં પાસે આવેલા પ્રાંતિજને મિલિટરીનું થાણું બનાવી કસબો બનાવેલો છે. અને અંગ્રેજો આવ્યા પછી આ નદીમાં લોકો બટાકાનું વાવેતર કરવા મંડી ગયા છે. આ કાંઠે થતો નાળો, તાંદળજો, પૂંવાડિયો, કાસુંદરો, મેથી, રીંગણી, કંકોડાં, સરગવો, કોળાં, કાલીંગડાં, દૂધી આ બધાં શાક ખાવાનાં મૂકી પરદેશીઓએ બટાકા ઘુસાડ્યા ત્યારથી આમવાતનું–રૂમેટીઝમનું દર્દ વધી ગયું. આર્યોનાં બધાં શાકભાજી સારક, ખૂબ મીઠાં અને માખણ જેવાં રંધાતા હતાં. તે મૂકી લોક આળસુ થઈ ગયા છે કે ઘરના

ટોપલામાં બટાકા ભરી રાખે છે અને તે કોલ્ડ સ્ટોરેજના. સાબરના લોકો તાજું તોડેલું શાક ખાતા અને તાજો મસાલો ખાતા ત્યારે તેમાંથી પ્રાણ મળતો. એક વાઘ કે સિંહને વાસી બકરું આપો તો તે ખાતો નથી. એ પણ જાણે છે કે તાજામાં જ પ્રાણ હોય છે. ત્યારે આપણા લોકો વાસીમાંથી પ્રાણ શોધતા થઈ ગયા તેથી તેઓ એદી થઈ ગયા છે. તાજાં શાક ખાનારને સવારે ટટ્ટી માટે દોટ મૂકવી પડે છે અને તેમનો મળ પણ પ્રભાતે મલદર્શનમ: બિલકુલ દુર્ગંધ વગરનો, બંધાયેલો, રંગે પીળો અને આમના ચીકણા તાંતણા વગરનો માલૂમ પડતો હોય છે.



સાબરના પટમાં બટાકાની ખેતી–ગલતેશ્વર મહાદેવ પાસે સાબર અને સાબરમતીનો આખો પટ, બટાકા પકવતો થયો છે. ગૅસ અને ઘોર કબજિયાત પેદા કરનાર આ કંદમૂળના ક્યા ગુણ ઉપર એના પ્રશંસકો વારી ગયા હશે?


ભાઈઓ ! સોનાઘાટી, પૂતળીઘાટી અને કોસંબીની ખીણુની ઘાટીઓમાં એટલી બધી વનશ્રી હોય છે ત્યાં એવન્યુ જ લાગે છે. એવો એવન્યુ પ્રાંતીજ જતાં આંબલીનો જોયો. આર્યોએ આંબલીનો બહુ ઉપયોગ કર્યો નથી.



પ્રાંતીજથી હિંમતનગર જતાં આંબલી એવન્યુ

પાયદળ, હસ્તિદળ અને અશ્વદળને દિલ્હીથી અમદાવાદ પસાર થવા માટે સહેજ પણુ ગરમી ન લાગે તેવા ૪૦૦–૫૦૦ વર્ષ જૂના આંબલીના એવન્યુએ મને પણુ અનેકવાર ઠંડક આપી છે.


પ્રાંતિજ પાસે એક બૉખ છે, ત્યાં એક મોટું તળાવ છે. આમાં કમળ થાય છે. આયુર્વેદની આ પિત્તશામક ઔષધી રૂમસરના તળાવમાં તથા વરતોળના તળાવમાં જોઈ તેવી જ આ તળાવમાં પણુ જોઈ.



પ્રાંતિજનું કમળ આપતું તળાવ

હાથમતીની કેનાલના નીરથી ભર ઉનાળે ભર્યું ભર્યું લાગતું પ્રાંતિજનું આ તળાવ કમલપત્રોથી આચ્છાદિત થઇ ચોમાસામાં પોતાને કિનારે આવેલ માંડેશ્વર મહાદેવના ચરણોમાં પોતાનાં પુષ્પો અર્પણ કરવા કેટલું પ્રસન્ન દેખાય છે.

પ્રાંતિજથી હરસોલ ભણી જઈએ તો વચમાં ખારી નદી આવે છે. એકવાર આ નદીમાં મારી મોટર બગડી ગઈ હતી ત્યારે તલોદથી ચુનીકાકાનું ટ્રેકટર લાવી મોટર બહાર કાઢી હતી. તે વખતે ઝરડાં નાંખી નદીમાં રસ્તો કરેલો હતો. આખી રાત ત્યાં પડી રહેવાથી આંખો તથા કાન ધૂળથી ભરાઈ ગયાં હતાં. તેથી હું ખારી નદીને મારી જિંદગીમાં ભૂલી શકું તેમ નથી. હવે આ જગ્યાએ પુલ થઈ ગયો છે.



પ્રાંતિજ-અમરાપુર પાસે ખારી બ્રિજ

ગભોઈ પાસે કરણુપુર સામે વાંટડાના ડુંગરમાંથી નીકળતી ખારી નદીનું જળ પણ આગળ જતાં સાગરના જળ જેવું જ ખારું લાગે છે. એથી જ એનું નામ ખારી પડ્યું છે. પ્રાંતિજથી આગળ અમરાપુર પાસે તેના પટમાં અત્યારે પણ પાણીના ઝરા ભરેલા છે. ખારી. નામની નદીઓ સાબરકાંઠામાં બે ચાર જગ્યાઓમાં આવેલી છે.

અમરાપુર પાસે આ બ્રિજ થઈ જતાં હવે પ્રાંતિજથી હરસોલ હું આ રસ્તે જઉં છું. આ ફાગણમાસમાં સાબરના કિનારે જેટલા મેં રગતરોહીડા જોયા, તેટલાં જ મેં શેમળાનાં વૃક્ષ જોયાં. આના રસને મોચરસ કહે છે. તેના રૂનાં ગાલ-મશુરિયાં આજ હું વર્ષોથી વાપરું છું. એથી માથાને ખૂબ જ આરામ રહે છે. વળી શેમળાનો કાંટો ઘસીને ખીલ ઉપર લગાડ-વાથી ખીલ મટી જાય છે.



શેમળાનું ફૂલ

જાડી પાંચ પાંદડીવાળું લાલ ઢીંગળોક જેવું શેમળાનું ફૂલ પહેલી નજરે પ્રીત ઉપજાવે તેવું છે. એનાં ફૂલ પણ પ્રદર અને રક્તાતિસાર મટાડતાં હોવાથી આ વૃક્ષ પ્રત્યે અનુરાગ પેદા થાય છે. શણ અને શેમળાનાં ફૂલ પ્રદરમાં વપરાય છે.

અહીં ગલતેશ્વર પાસે કાંઠા ઉપર ટિટોડીના છોડ જોયા.

ત્યાંથી અમે નીચે ઊતર્યા, તે છેક સામે કિનારે લાકરોડા સુધી ગયા અને સાકરટેટીનું વાવેતર જોયું. આ સાકરટેટીનાં



ટિટોડી, સાબરના પટમાં ગલતેશ્વર પાસે

ટિટોડી જેવા આકર્ષક ઘણા છોડો આ કાંઠામાં છે. તેમાંના ઘણા ઝેરી પણ છે. આ છોડને અહીંના લોકો ટિટોડી કહે છે.

બીમાં એવો ક્ષાર હોય છે કે તે રેતીને ફાડીને તેમાંથી પાણી ચૂસી લે છે અને રેતીની માટી થઈ જાય છે પથરી તોડવામાં સાકરટેટીનાં બીજ આયુર્વેદમાં ખાસ વપરાયાં છે. મારું તો એ કહેવું છે કે આયુર્વેદનાં ઔષધો એ મોટા ભાગનાં તો ખાન–પાનનાં ઔષધો છે. પરંતુ પ્રાંતિજથી આગળ બિચારી સાબર–જ્યાં કર્ણાવતી નગરી આવી છે, ત્યાં અંગ્રેજોએ તેમાં ગટર નાંખી છે.



લાકરોડાની પ્રખ્યાત સાકરટેટીનું વાવેતર

સાબરના તટમાં સાકરટેટીનું વાવેતર–લોકમાતા કહેવાતી આ પાવન નદીઓનું પૂરેપૂરું હીર ચૂસતા ઉનાળુ ખેતીના આ અખતરાઓએ નદીકિનારાનાં ગામડાંના ઢોરો માટે અને માનવ જાત માટે આરોગ્ય અને આનંદની અવધિ લાવી દીધી છે. અધૂરામાં શહેરની ગંદી ગટરોના સંગમથી આ લોકમાતાનું તન કેવું કદરૂપું બની જાય છે?

નદીની પવિત્રતા, શુભ્રતા, નિર્મળતાને બગાડી મૂકી છે. ૨૭ વર્ષે સ્વતંત્ર ભારતમાં પણ તે દશા સુધરી નથી. નદીઓનો જરૂર શાપ લાગતો હશે. કારણ કે કર્ણાવતીથી આગળ જૅસપુર વગેરે ગામોનું પાણી બગડતાં ત્યાંના લોકોને પાંડુ થયેલો મેં જોયો છે. મારા એક મિત્ર ગોવિંદભાઈને આ પાણી લાગતાં જે પાંડુ થયો હતો તે મટાડવામાં મેં ૭ માસ સુધી ગોમૂત્ર અને દૂધ પાયું હતું, અને તેમને વટવા તરફ ખસેડ્યા ત્યારે તેમની તંદુરસ્તી પાછી આવી. સમાજ બગાડીને વિકાસ બતાડવો તે



ઇંગોરીયો:

રાયગઢનું જંગલ અને આડાફોરેસ્ટ

આપણાં વનો, આપણાં જંગલોમાં હવે રડી-ખડી કોઈક કોઈક વનૌષધિઓ રહી છે. ભાઈઓ! હવે મારે તેનું નામ શોધવું હોય તો લેટીન નામ શોધી તેના ઉપરથી સંસ્કૃત-ગુજરાતી નામ શોધવું પડે છે. આપણાં ઔષધો અને તે શોધવા માટે લેટીન નામ શોધવું પડે! આના સિવાય બીજી કઈ લાચારી હોઈ શકે? રાયગઢ ઉપર મેં અશોકનું વૃક્ષ જોયું. તેને કેસરિયા પીળા રંગનાં ફૂલ જોયાં. તેનાં પાંદડાં એકમેકની સામે ઓલ્ટરનેટ નહીં અને પાનની માર્જીન આસોપાલવના પાન કરતાં અલ્પ તરંગિત; જાડાઈ આસોપાલવ કરતાં વધારે અને લગભગ ૦॥। ફૂટથી ૧ ફૂટ લાંબાં; ફૂલની સુગંધ રાત્રે ખૂબ મહેકતી હતી. આ વૃક્ષ બારેય માસ લીલુંછમ રહે છે. તેની ડાળીઓ ચારેય બાજુ પ્રસરે છે. આસોપાલવની માફક આનું વૃક્ષ સીધું જતું નથી. આસોપાલવનાં ફૂલની લીલી ઝુમરી લટકે છે, જ્યારે અશોકને ગોટા જેવાં નાનાં ફૂલ આવે છે. તેના કેસરા ગુલતોરાની માફક બહાર નીકળે છે.

"અ" એટલે નહીં "શોક" એટલે દુઃખ-જેના સેવનથી શોક જતો રહે છે. એટલે નર્વસ ડીસઓર્ડરમાં તેનો આસવ અને ઘી ખાસ વાપરવા ભલામણ કરેલી છે. તેને આ ફાગણ-ચૈત્રમાં ફૂલ આવે છે. આ વખતે તેનાં ફૂલ જોઈ હું નાચી ઊઠ્યો. ફૂલની શોભામાં તેના કેસરી અને પીળા રંગને ઓર વધારો કરતાં હતા. આવાં પવિત્ર વૃક્ષોને અંગ્રેજી અને મોગલ કાળમાં વ્યવસ્થિત રીતે વિખૂટાં પાડવામાં આવ્યાં છે.



અશોક વૃક્ષ તેના ફૂલ અને પાન સાથે

પાંદડાં એક ફૂટ લાંબા હોય છે. આસોપાલવ એ અશોક નથી તે આ રાયગઢના ડુંગર ઉપર અશોક વૃક્ષ જોવાથી માલૂમ પડે છે. તેના રાતાં કેસરિયા ફૂલો ખૂબ આકર્ષક હોય છે. અને વૃક્ષ ચારે બાજુ ફાલેલું અને બારે માસ લીલું રહે છે.

રાત્રે મેં તેનાં ફૂલોની સુગંધ માણી, ત્યારે હિંદભરનાં ફૂલોની મેં આવી સુગંધ અનુભવી નહોતી. આ ફૂલનો મેં અહીં અનુભવ કર્યો. આ આડા ફોરેસ્ટ ચઢતાં બાલસમુદ્ર પાસે જ્યાં સોમનાથ મહાદેવનું મંદિર છે ત્યાં એક સુંદર નાનું ઝરણું છે ત્યાં મેં સુંદર નેવરી સફેદ ફૂલનાં ઝૂમખામાં ગોટાની જેમ જોઈ હતી. શું આપણી દશા થઈ છે? આપણે કુંદની વેલનાં ફૂલ પણ ભૂલી ગયા છીએ. જે ધોળવન અને કાળવન પાસે જોઈ. આપણે નેવરી ભૂલી ગયા. અને જ્યારે મેં અશોકનું ઝાડ જોયું ત્યારે મારું ભૂત ભાગી ગયું અને હું પણ પહેલાં આસોપાલવને જ અશોક કહેતો હતો. ફાર્મસીઓવાળા અશોકની જગ્યાએ આસોપાલવનો જ ઉપયોગ કરે છે એટલે જ હું કહું છું કે ફાર્મસીઓથી આયુર્વેદને નુકસાન થયું છે. તેથી ઘેર ખરલ-અત્તો રાખવો તે આયુર્વેદની શ્રેષ્ઠ ભક્તિ છે.

The word Asoka signifies :—
" That which is deprived of grief."

આ વૃક્ષની પ્રકૃતિ એટલી બધી સેન્સેટીવ છે કે જો કુમારિકા કન્યાને હાથે તેના ફૂલને અગર બીજા ભાગને સ્પર્શ થાય તો તે એકદમ ખીલી ઊઠે છે.

It's nature is so sensitive that it bursts into blossom and blushes crimson if touched by the hand of a virgin girl.

ભાઈઓ! આ આડાનું જંગલ અને તેની તળેટી અનેક ફૂલોથી અને વૃક્ષોથી લદાયેલી લાગે છે. પણ ત્યાંના પથ્થર એટલા બધા આડા પથરાયેલા છે કે ત્યાં હું ફરીથી જઈ શકું તેમ નથી. અમારા આશાપુરીના મહંત શ્રી જગન્નાથજીએ અશોક વૃક્ષનાં દર્શન કર્યાં છે. અમે પણ તેનાં દર્શન કરી પાવન થયા છીએ. હવે હું આસોપાલવને અશોક કેવી રીતે કહી શકું!



અશોક વૃક્ષનું કળીઓથી ભેગું ગોટા જેવું (લાલ) ફૂલ

આયુર્વેદમાં ફૂલોનો ઉપયોગ ઘણો છે. મુચુકુન્દનાં ફૂલનો પાવડર છાસ સાથે કપાળે લગાવવાથી માથું દુખતું મટે છે. તેમ અશોકનું ફૂલ લોહીવકારને, પ્રદરને તથા મસાને પણ મટાડે છે. ગમે તે ફૂલો જુઓ તો બધાં જ ફૂલો અશોકનાં ફૂલોથી હેઠ છે.

હવે અમે અહીં આગળ ભીલોડા તરફ ઊતરતાં મુચુકુંદનાં વૃક્ષો પણ જોયાં. આ જંગલો ફર્યા પછી અશોકનું વૃક્ષ પહેલીવાર જોયું તેમ મુચુકુંદ પણ ઝુમસરની આજુબાજુ જોયું. મુચુકુન્દનાં ફૂલ ગમે તેવી આધાશીશીને મટાડે છે. ભાઈઓ! હવે આ વૃક્ષનું ઉત્પાદન વધારો અને ફરી આયુર્વેદ તરફ વળો.

મુચુકુંદનો ઉલ્લેખ રામાયણમાં છે. આ વૃક્ષનાં પાંદડાં લાંબાં અને તેની દાંડી કમળની માફક એક ઇંચ માર્જીન છોડીને નીચેથી લાગેલી હોય છે. પાનનો રંગ આગળથી લીલો, પાછળથી સફેદ હોય છે. ફૂલ લાંબું, જાડી પાંદડીવાળું, એક ફૂલમાં ચાર પાંદડી લાંબી અને વચ્ચે દાંડી જેટલા જ લાંબા પુંકેસરો હોય છે. પાનનાં માર્જીન ચાર પાંચ વળાંકવાળાં અને ટોચ પણ બે ત્રણ વળાંકવાળી



મુચુકુન્દ વૃક્ષ
અહીં મુચુકુન્દનાં પાન સ્પષ્ટ દેખાય છે. તેની ઉપરનો ભાગ લીલો તથા નીચેનો ભાગ સફેદ હોય છે. પાન પાંચ ખૂણિયાવાળું હોય છે. પાનની નીચે કમળની દાંડલી જેવી દાંડલી દેખાય છે.

હોય છે. પાનની જાડાઈ ખાખરાના પાન જેવી હોય છે. મેં આ વૃક્ષ જોયું ત્યારે તે ખરેખર ફૂલથી લચી પડેલું હતું. તેની સુવાસ મીઠી મધુરી હોય છે. પાન એકાંતરે ત્રણ ચાર ઇંચના અંતરે આવેલાં હોય છે.


સાબરકાંઠાના પહાડોમાં ઘણી વેલીઓ થાય છે. તેમાં ધોળવન અને કાળવનમાં કુન્દ નામની વેલી મેં જોઈ હતી. કુન્દની વેલ માઘમાં ખીલે છે, જ્યારે મુચુકુન્દ વસંતમાં ખીલે છે.



મુચુકુન્દનાં ફૂલ

આ ફૂલને છાસ અગર કાંજીમાં વાટી માથે લગાવવાથી માથું ઊતરી જાય છે. તેનાં ફૂલ લાંબાં છે. માથાનો દુખાવો મટાડનાર આ અકસીર દવા છે. હરણાવના કાંઠે આભાપુર પાસે રહેતા મહર્ષિ વાલ્મીકિએ રામાયણમાં મુચુકુન્દનો ઉલ્લેખ કર્યો છે. એ આખો કાંઠો આવાં સુગંધિત ફૂલોથી મહેકતો હતો.

આ વૃક્ષો અરવલ્લીને ઓર શોભા આપે છે. મારા 'સાબરકાંઠાની વનસ્પતિ'ઓના સાત ભાગ વાંચનાર રખે એમ માને કે અહીં એકલાં વૃક્ષો જ થાય છે. અહીં હજારો વેલીઓ અને લતાઓ સુગંધિત ફૂલોથી મહેકી રહી છે. પૂતળી, સોનાઘાટી, ધોળવન, કાળવન, કોસંબીની ખીણુ આ બધાં કુન્દ જેવી વેલીઓ અને મુચુકુન્દ જેવાં વૃક્ષોથી ભરેલાં છે.



ગરમાળો

ભગવાન ચરકે સુવાવડીના ખાટલા ગરમાળાના લાકડાથી બનાવવાના કહ્યા છે કારણ કે તેમાં માંકડ, ચાંચડ કે બીજા જીવ-જંતુઓ આવી

શકતા નથી. ગરમાળો સાબરકાંઠા જિલ્લામાં ખૂબ જ થાય છે. તેનાં પીળા ફૂલનાં ઝુમખાં જોઇ હું ખરેખર મુગ્ધ થઈ ગયો છું. અહીં તેની કાપેલી શિંગ બતાવવામાં આવી છે.

રાયગઢ અને આડા ફોરેસ્ટ ઉપર ગરમાળો ખૂબ જોયો. પણ આ બધાં જંગલો જોતાં ગરમાળો તો ઠેર ઠેર પડ્યો છે. ગરમાળાનું નામ ચરકે "આરગ્વધ" આપ્યું છે. કારણ કે તે આરોગ્યને વધારનારો છે. આ ગરમાળો મારા મુરબ્બી શ્રી ચંદુભાઈને એક વર્ષ સુધી પાઈને તેમના કોઠાની શુદ્ધિ કરી હતી. રોજ ૩ થી ૪ ઝાડા થાય. તેમની કમરનો વા પણ જતો રહ્યો હતો. અને શરીર પણ હલકું ફૂલ જેવું થઈ ગયું હતું. આયુર્વેદમાં કોઠો એટલે હોજરી, ગ્રહણી, આંતરડાં, ઊંડુક, લીવર–બરોળ, કીડની, મૂત્રાશય, હૃદય, ફેફસાં–આ બધા અવયવોને એ માંજીને સાફ કરે છે. આમાં પણ કોસમ્બી કાંઠાનો ગરમાળો તો મને ખરેખર અદ્‌ભુત લાગ્યો છે. બેઠી બાંધણી જેવાં ચારે બાજુ ફેલાનાર–ઘટાદાર આ વૃક્ષો તેના એરીંજ જેવાં ફૂલોનાં ઝુમખાંથી તથા લટકતી શીંગોથી મારું હૃદય જીતી લેતાં હતાં.



અર્જુનનું ફળ (જમરૂખ જેવું), પાન મંજરીવાળાં ફૂલ

અર્જુનની છાલ ટોનિક તરીકે વપરાય છે. પરંતુ હૃદય માટે તે રામબાણ ઇલાજ છે. સાદડ તે અર્જુન નથી. તેનાં ફળ જમરૂખ જેવાં લાગે છે. ફૂલની મંજરી ફિક્કા પીળા સફેદ પડતી રંગની તથા શાખાને છેડે આવેલી હોય છે ફળને પાંચ ધાર હોય છે. આ વૃક્ષ મોટાં થાય છે.

આડા ફોરેસ્ટ ઉપર મેં એક અર્જુનનું વૃક્ષ જોયું. તેનાં ફળ જમરૂખ જેવાં નાનાં અને પાંચ ધારવાળાં હતાં. લોકો સાદડને અર્જુન કહે છે તેવું નથી. સાદડ તો ડાંગનાં જંગલમાં ઘણાં છે. પણ અર્જુનનાં વૃક્ષો જ્યાં સુધી હતાં ત્યાં સુધી મોટામાં મોટું ચિકિત્સા કરવાનું "કૅરામીન"નું દ્રવ્ય વૈદ્યો પાસે હતું. હવે આ વાવેતર આપણે વધારવું જોઈએ. પરદેશ ઢસડાઈ જતાં આ દ્રવ્યો બંધ કરવાં જોઈએ. આપણા દેશને જ પૂરતાં દ્રવ્યો પહોંચાડી શકાતાં નથી, તે એક દુઃખપ્રદ ઘટના છે.

અર્જુનના થડનો રંગ સફેદાઈ પડતો હતો. તેની છાલથી, આસવ, અરીષ્ટ બનાવી વપરાય છે. તે તૂરું છે, કડું છે. પિત્ત કફ અને વ્રણનો નાશ કરે છે, મેદને ઉતારે છે, ડાયાબીટીસ મટાડે છે. લોહીમાંની એસીડીટી દૂર કરે છે. ચાંદાને રૂઝવે છે. હૃદયરોગ ઉપર રામબાણ ઈલાજ છે. વધુ પરસેવો થતો હોય તો તેને કંટ્રોલ કરે છે, ભાંગેલા હાડકાને સાધે છે. ક્ષત એટલે ચાંદા, અલ્સરેટીવ કોલાઈટીસ, ગેસ્ટ્રીક અલ્સર અને ડીયોડીનલ અલ્સરને પણ મટાડે છે અને અનુલોમક્ષયને પણ મટાડી દે છે; પ્રતિલોમ ક્ષયને નહીં.



નારંગી તેના ફળ સાથે

સાબરનું મૂળ એટલે
આયુર્વેદની સ્વર્ગીય નર્સરી

The vibration from the colours of flowers strengthen the aura around us, and so bring us nearer to our goal of perfection.

ખેડબ્રહ્માથી પરોસડા શ્રી પટ્ટણીની જીપમાં રોજ આવ-જા કરતો હતો. એક દિવસ રાતના બારનો સમય થયો. સાબરમાં પાણી પીતો વાઘ જોયો. પરોસડા ગામે નદી પાર ઊતરી ગયા. ત્યાંથી અમે આગળ ચાલી કુપડા ગામે ગયા. આ બધા રસ્તા ઉપર અપાર વૃક્ષો જોવામાં આવતા હતાં. પરોસડાની આજુબાજુનો વિસ્તાર ઘણી વનસ્પતિથી ભરેલો છે. પહેલવહેલું "ટેંટુ" મેં આ જગ્યાએ જોયું હતું. આ બધા ભાગમાં "The flame of the forest" કેસુડો તરવરતો હતો.

ત્યાંથી અમે મીઠી બીલી ગયા. સાબરકાંઠામાં પાંચ, સાત, નવ, અગિયાર અગિયાર પાન સુધીની બીલીઓ હરણાવ ડેમના સામે ડુંગરે મેં જોઈ.

બીલી ઉપરથી ગામનું નામ મીઠી બીલી પડ્યું છે. આ કાંઠામાં બીલીની વેલ પણ થાય છે. મીઠી બીલીથી આગળ અંબાસા ગયા. ફાગણમાં કેસુડો તો અવારનવાર ખીલેલો જ હતો.

"More than most fair, full of that heavenly fire,
Kindled above to show tbe maker's glory."

ખરેખર જ્યાં જોઈએ ત્યાં સાબરકાંઠામાં કેસુડો માલૂમ પડે છે. જ્યારે આબુ તરફ જઈએ તો વાંસ માલૂમ પડે છે. મામાના પીપળીઆ અને દાંતાનાં જંગલોમાં નર્યો વાંસ દેખાય છે, તેમ અહીં પણ વાંસ દેખાય છે.

Lighting the forest of miles upon miles with their flames, the name will never then be confused with other who have "red" flowers,

જ્યાં જુઓ ત્યાં જાણે જંગલમાં દાવાનળ સળગ્યો હોય તેમ લાલરંગ ભડક આપતો હતો. ત્યાંથી અમે પાટવેલ ગામે ગયા. વેલાઓ ઉપરથી સાબરકાંઠામાં ઘણાં નામ આપેલાં છે. ત્યાંથી બોરડાથી છારી થઈ આડાઅડદરૂ આવ્યા. ત્યાંથી મોટા પહાડોમાં જ્યારે હું ગયો ત્યારે મને અરવલ્લીનાં સાચાં દર્શન થયાં. અહીંથી પૂતળીની ઘાટીમાં આવ્યો. આ ઘાટીમાં જો માણસ રહે તો આકુડો તંદુરસ્ત રહે એવી ખુશબોદાર વનસ્પતિની હવા આવતી હતી.

વનસ્પતિ, વૃક્ષ, વિરુધ, ઔષધી અને ક્ષુપ આ બધું આ ઘાટીમાં જોયું. તમે નહીં માનો પણ પવન, નિવાસસ્થાન, છાયા, તાપ, પ્રકાશ, અંધકાર, ગરમી, ઠંડક, વૃષ્ટિ, દિવસ અને રાત્રિનો ઔષધી તરીકે આયુર્વેદે ઉપયોગ કર્યો છે. કારણ કે તેનાથી દોષ-શમન થાય છે.

સોનાઘાટી અને પૂતળીઘાટી મારાથી કદી ભૂલાશે નહીં. અહીં આગળ એક નેતરીનો છોડ જોયો જે અમે બાલસમુદ્ર પાસે જોયો હતો.

આ નેવરીનો ધોળા ફૂલનો ગોટો ખરેખર માનસિક શાંતિ આપતો હતો. માનસિક વ્યાધિઓમાં રજોગુણ અને તમોગુણ હોય છે. તેનાથી ઉત્પન્ન થતા કામ, ક્રોધ, ભય કે હર્ષના વિકારો અન્ય વ્યાધિઓ ઉત્પન્ન કરનારા હોઈને ત્રાસ આપે છે. ક્રોધથી




નેવરી

બાલસમુદ્ર પાસે આ નેવરીના ૭ સાત ફૂટ ઊંચા છોડ પોતાનાં ફૂલનાં ગુચ્છા સાથે શોભા અને સુગંધ બંને આપતાં હતાં. આ વૃક્ષનું નામ "વનમલ્લિકા" છે. સાબરકાંઠાના ડુંગરામાં, વહેરામાં નદી અને ખાડીઓને કાંઠે જોવામાં આવે છે. ફૂલની સુગંધી સુંદર આવે છે. ફૂલ સફેદ ગોટામાં આવે છે. ગોટો એકઝોરાનાં ફૂલનાં ગોટા જેવો હોય છે.

લોહી તપી જઈ લોહીની તીવ્ર ગતિ થઈ મગજ સુધી ચઢી જઈ બેભાની આવતી મેં જોઈ છે. ભયથી હૃદયમાં ચાલતી ક્રિયા બંધ થઈ હૃદય બેસતાં જોયાં છે. અતિ હર્ષથી પાગલ થતાં પણ જોયાં છે. આ બધાને મારે એ કહેવું છે કે તમે સોનાઘાટી અને પૂતળીઘાટી તરફ આવો. તમારું મગજ તર થઈ જશે.

અમારા ગુરુ શ્રી આત્માનંદજીએ આ સોમ અને મહી-સાગરના સંગમ પર વર્ષો વીતાવ્યાં છે.



શ્રી સ્વામીજી સાથે લેખકનો સમુહ ફોટો


જે ખરાબ વિચારોનો નાશ કરે છે. જીવન-મુક્તિના વિચારોની વાવણી કરે છે અને તે પ્રમાણે પાલન-પોષણ કરે છે તેવા ગુરુને કરોડો વંદન.

"બલિહારી ગુરુ આપને, તન મન સદકે જાંવ,
જીવ બ્રહ્મ ક્ષણમેં કિયો, પાઈ ભૂલી બાંત,
હરિ સેવા સોલહ બરસ, ગુરુ સેવા પલ ચાર,
તો ભી નહીં બરાબરી, વેદન કિયો વિચાર."

અમારા આ ગુરુજીથી માનસિક શાંતિ મળે છે; તે આ વેલા વેલીઓથી અનેક ઘણી ચઢી જાય છે. તેઓ રોજ કહે છે કે ઇચ્છાની નિવૃત્તિમાં સુખ છે. આ અરણ્યોમાં આપોઆપ ઇચ્છાની નિવૃત્તિ થાય છે. તેથી આરણ્યકો અહીં લખાયા છે. આંમળીઓનાં તો અપાર વૃક્ષો અહીં હતાં. શરીર ઉપર તેલ ચોળ્યા પછી તે

ચીકાશ કાઢવા માટે આમળાનું ચૂર્ણ યોગ્ય છે. તેથી મેલ, ચીકાશ જતી રહે અને શરીર ઉજ્જવળ બને છે. કફનો નાશ થાય છે. મેદ પાતળો પડે છે. શરીર દૃઢ થાય છે. મહેરબાની કરીને તમે સાબુ ન વાપરો. સાબુથી ચામડી રૂક્ષ થઈ જઈ તેની કોમળતા જતી રહેશે. જ્યારે આમળાં કોમળતા પાછી લાવશે. અને સો વર્ષ જીવાડશે.

મેં જોયું કે આ લોકો ઉનાળામાં મધ પીતા નથી. તેથી તેઓને મારી સાથે ઘાટીઓમાં ફરવાનો ટાઈમ મળ્યો. અહીં અમે મહુડાંમાં પાણી નાંખી તેમાં સાકર અને તીખાં ઉમેરીને પીધો. જેને



શંખવેલ

શંખ આકારના ફૂલવાળી આ વેલ શંખવેલ નામથી ઓળખાય સાબરકાંઠામાં આવી સેંકડો વેલીઓ મેં જોઈ. આ વેલાને શંખ જેવાં ધોળાં ફૂલો થાય છે અને તે સીધી ઊંચે ચઢે છે.

આયુર્વેદમાં પાનક કહે છે. આવું બ્રાહ્મીનું પીણું પૂ. રેવાનંદજી મને પાતા હતા.

આ ઘાટીમાં ઘણી વેલ જોઈ. તેમાંની ઉપર બતાવેલી એક શંખવેલ જોઈ.



પીળીયો–પીળીવેલ

સાબરકાંઠાની વનસ્પતિઓ ભાગ–૨ માં જે પીળીઆનું ચિત્ર મેં આપ્યું છે તે પીળીઓ સાબરકાંઠામાં ઠેર ઠેર જોવા મળે છે. ઉદેપુરનાં જગમંદિરમાં પણ આવાં ઝાડવાં મેં જોયાં છે. તેને પીળાં ફૂલ આવે છે.

આ વેલીઓએ ખૂબ છાયા કરી હતી. ભાઈઓ ! ભારતમાં ઉનાળામાં એરકંડીશન જેવું સાબરકાંઠા સિવાય કયાંય નહીં મળે. પવન દક્ષિણ દિશા તરફથી આવતો હતો. દિશાઓ નિર્મળ જણાતી હતી. ખાખરા, ચંપો, કાંચનાર વગેરે ઉપર અત્યારે ફૂલો દેખાતાં હતાં.

આ વખતે અમે અહીં આદિવાસીઓને ઢાંચલું ખાતા જોયા. તેમાં અમે પણ ભળ્યા અને સૌએ તેનો સ્વાદ ચાખ્યો. આ લોકો ખૂબ જ માપસર ખોરાક ખાય છે. શહેરના લોકો સ્વાદને વશ થઈ માપસર ખોરાક ખાતા નથી. તેઓએ ભીલ પ્રજાને ગુરુ બનાવવા જેવી છે. જે વડે જીવી શકાય છે તે અનાજ પણ યુક્તિ અને પ્રમાણથી લેવામાં આવે નહીં તો ઊલટી પ્રાણહાનિ થાય છે અને વિષ જેવું થાય છે કે જેનાથી મરણ થાય છે. તે પણ યોજના વિશેષ કે પ્રમાણથી લેવામાં આવ્યું હોય તો વ્યાધિ નિવૃત્ત થઈ જીવિત જળવાય છે. અને એ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે વિષ એ કોઈ પદાર્થ નથી પણ વસ્તુના ગેરઉપયોગથી વિષ નીપજે છે. તેમાં યોજકનો દોષ હોય છે. અહીંયાં આદિવાસીઓએ મને આ વનનાં ફૂલોમાંથી રસ-કસ ચૂસેલી માખીઓનું સુંદર મધ આપ્યું. ઠંડું પાણી, ગાયનું દૂધ, મધ અને ગાયનું ઘી એ ચાર વસ્તુમાંથી એક વસ્તુ દિવસ ઊગતાં પહેલાં અને અંધારું મળ્યા પછી લેવામાં આવે તો તેનાથી અનેક પ્રકારના વ્યાધિઓ દૂર થાય છે. વય સ્થિર થાય છે. આયુષ્ય નીરોગી રીતે ભોગવી શકાય છે. આ રીતે હું સ્વામીજીને પણ ત્રાંબાની લોટીમાં ભરેલા ઠંડા પાણીમાં, એક હરડે, બે બહેડાં અને ચાર આંમળાં નાંખી આપુ છું. તેનાથી તેમને ઠીક રહે છે. આ રસાયન પ્રયોગ છે.

અહીંથી આ ઘાટી ચઢી અમે માંડવા ગામે ગયા. અને પૂતળીઘાટીનું ગીચ જંગલ પસાર કરી મોટા માંડવા થઈ આડા ઓકલા ગામે ગયા. હું જ્યારે આબુ હતો અને સ્વામીજીની ગુફામાં આવ-જા કરતો ત્યારે સ્વામીજી આ બધી વનસ્પતિનું દર્શન કરતા. તેમનું 'આત્મવિલાસ' મનન કરવા જેવું છે. આવા તપસ્વીઓ આવી ગીચ ઝાડીઓમાં રહેતા.


નિરોધ સિવાય જેમની દૃષ્ટિ સ્થિર છે, કોઈપણ અવલંબન સિવાય જેમનું ચિત્ત સ્થિર છે, પ્રાણાયામ સિવાય જેમનો પ્રાણ



સ્વામી આત્માનંદજી

મારા આધ્યાત્મિક ગુરુની લાક્ષણિક તસવીર. જેઓ ડુંગરપુર અને વાંસ-
વાડાનાં જંગલોમાં પણ વર્ષો સુધી રહ્યા છે. સોમ નદી જ્યાં મહી નદીને
મળે છે ત્યાં તેમના ગુરુની કુટીર હતી. ત્યાં તેમણે ઘણો સમય વિતાવ્યો છે.
તેમના ગુરુ રામેશ્વરાનંદજીનું નામ પહેલાં રામરસિકજી હતું. તેઓ
રામ સ્નેહી પંથના હતા. તેમના શિષ્ય શ્રી આત્માનંદજી મુનિએ આત્મ–
વિલાસ, ગીતાદર્પણ, વૃત્તિપ્રભાકર વગેરે વેદાંતના સારા એવા ગ્રંથો
રચી સમાજને સારું એવું ભાથું પૂરું પાડ્યું છે.

સ્થિર છે એવા આ મુનિને કરોડો વંદન. તેમની આશિષથી જ અમે આ ઘાટીઓ પસાર કરી શક્યા. અહીંથી આડાઅવળા રસ્તે થઈ અમે પાનરવા ગયા. પહેલાં હું સીધા રસ્તે ગયો હતો.



કાંચનાર

ધોળા ફૂલનું કાંચનાર દવામાં ખૂબ વપરાય છે. તે ગાંઠોને ઓગાળે છે. હૃદયને પણ માંજીને સાફ કરે છે તેથી હૃદયની સર્કમફ્લેક્સ આર્ટરીમાં અવરોધ દૂર કરવા તે વપરાય છે. સાબરકાંઠામાં હજાર-હજાર વર્ષનાં જૂનાં વૃક્ષ જોઈ હું ખૂબ જ ખુશી થયો છું. સંગમેશ્વર પાસે ખૂબ જ જૂનું વૃક્ષ જોયું તથા તેની લાંબી શીંગો જોઈ જે મેં બીજે ક્યાંય જોઈ નથી.

આ વખતે ઘાટીમાં થઈ પાનરવા ગયો. જેથી આખું જંગલ કવર થઈ ગયું. અહીં અમે ગટકંબરી તથા કાંચનારનાં વૃક્ષો જોયાં.

One man in a thoasand,

Kanchanar Says,

Wi'l stick me

more c'ose than a brother.

ભાઈઓ ! ભાઈ કરતાં પણ આ કાંચનાર તમને પ્રિય લાગશે. ગાંઠો ઓગાળનાર આ વૃક્ષ અહીં સારા પ્રમાણમાં છે.

પાનરવાના રાણાને ત્યાં ગયા. ત્યાં એક કંપાઉન્ડમાં એક ખૂણામાં નાની દેરી જેવું મીરાંનું મંદિર જોયું. અને ' અખીયાં હરિ દર્શન કી પ્યાસી 'નું આબેહૂબ દર્શન થયું. મહારાણા પ્રતાપ અહીં રહેલા. તેથી આ નાની જાગીરને રાણાનો ઇલ્કાબ આપ્યો છે. ભારતમાં રાણા બે જ છે. એક ચિત્તોડનો અને બીજો પાનરવાનો. આપણા ખમીરમાં કદરદાની ભરપૂર હતી. જે પ્રતાપે પાનરવાના રાણાની કરી. જેનો આજે છાંટો આપણામાં દેખાતો નથી. આ રાણાએ અમારી આગતાસ્વાગતા કરી. તેમની ઉંમર સો ઉપરની હતી. તેમણે પ્રતાપનો આખો ઇતિહાસ કહ્યો. અહીંથી અમે માઈલેક ફર ફૂલવાડી ગયા.



મુચુકુન્દ : પાન અને ડાળી

મુચુકુન્દનું વૃક્ષ એ સુગંધીદાર વૃક્ષ છે. અહીં તેનાં પાન ખાખરાનાં પાન જેવાં અને કમળનાં પાનની જેમ નીચે દાંડલીવાળાં દેખાય છે. ફૂલ લાંબાં અને સફેદ દેખાય છે.

અહીંયાં આ વખતે અમે મુચુકુંદનાં વૃક્ષો જોયાં તેને ધોળાં ફૂલો હતાં અને ખાખરા જેવાં કમળની દાંડલી હોય તેવાં પાન હતાં. માથાના દુખાવા દૂર કરવામાં આ ફૂલો આ લોકો વાપરતા હતા.

સાબરની વનૌષધિઓનું નાક "ફૂલવાડી"


"Once more the heavenly power
Makes all things new
And domes the red ploughed hills
With loving blue."

આ ફૂલવાડીમાં પેસતાં જ અમને અશોકનાં દર્શન થયાં. ત્યારે મને થયું કે આનું નામ ફૂલવાડી ખરેખર છે. અશોક મને ફૂલોનો બાદશાહ નહીં પણ શહેનશાહ લાગ્યો છે. હું અત્યાર સુધી ફાર્મસીવાળાની જેમ આસોપાલવને જ અશોક માનતો હતો. મોગલકાળથી અંગ્રેજોએ તો આ ઝાડથી આપણને વિખૂટા પાડયા છે. કોઈના જ્ઞાનતંતુમાં આ કહેવાતા આસોપાલવના અશોકથી શાંતિ મળી નથી. 'અ' એટલે નહીં જેનાથી શોક ન રહે તે અશોક. દર્શન માત્રથી શોકનું હરણ કરનાર અશોક નામ ખરેખર મને પ્રથમદર્શને યથાર્થ લાગ્યું અશોક જેવા ગુણ આસોપાલવ આપતું નથી.

અશોક અને આસોપાલવનો તફાવત–મારી નજરે

અશોકનાં ઝાડ ચારે તરફ ફેલાય છે. કેટલાંક ઝાડ તો કલમી આંબા જેવાં લાગ્યાં. બારે માસ આ ઝાડ લીલું રહે છે. પાંદડાની ઉપરની છતી સપાટી ઘેરી લીલી–પાછળની આછી લીલી અશોકને સામસામે પાન આવેલાં છે. જ્યારે આસોપાલવને એકાંતરે પાન (ઓલ્ટર્નેટ) આવેલાં છે. છેડે બે પાન સાથે આવે છે.

વચ્ચેથી પાન નીકળતું નથી. (આસોપાલવના પાનનો છેડો ટેપરીંગ (લાંબો) હોય છે જ્યારે અશોકના પાનની બે કિનાર છેડે એકદમ મળી જાય છે. અશોકના પાનની કિનારી બહુ મોજાવાળી નથી, જ્યારે આસોપાલવના પાનની કિનારી વેવ એટલે મોજા જેવી દેખાય છે. ડાળીમાંથી ફૂલનું ઝુમખું નોખું જ નીકળે છે. ૨૫–૩૦ કળીઓના મોગરા સાથે આને ફૂલનું ઝુમખું નીકળે છે. મોગરા લવિંગ જેવા દેખાય છે. મોગરાની જેવી કળીઓ આવે છે તેવી ઝુમખામાં કળી આવે છે. કળીનો રંગ ડાંડીમાં લાલ અને ફૂલની પાંદડીમાં કેસરી રંગ હોય છે. કળી ખીલે ત્યારે પાંચ પાંદડી ચિત્રકના ફૂલ જેવી દેખાય છે. તેમાંથી ત્રણેક જેટલા ગુલતોરા જેવા કેસરા નીકળી પડે છે. એ કેસરાના છેડે કાળી ટપકીના પરાગ દેખાય છે. વાસ મીઠી મધુરી



અશોક ફૂલ સાથે

રાયગઢના ડુંગર ઉપર જોવા મળ્યો. તેનો કેસરિયો–પીળો રંગ ખૂબ આકર્ષે છે. મોટામાં મોટા જ્ઞાનતંતુઓ માટે શામક દ્રવ્ય છે.

આવે છે. રાત્રે તો રાતરાણી મહેકતી હોય તેવી આવે છે. આ રીતે પાંખડી ઉપરથી સહેજ કેસરી પીળા રંગની અને ડાંડી લાલ કેસરીયા રંગની દેખાય છે. જેમ સીતાનો શોક આ વૃક્ષે દૂર કર્યો હતો, તેમ રાણા પ્રતાપનો શોક આ વૃક્ષે દૂર કર્યો હતો.

મહારાણા પ્રતાપની અહીંની ગુફામાં અકબર અને બીરબલ ગુરુ-ચેલા બનીને આવ્યા હતા. બપોરે પ્રતાપના બૈરાં છોકરાં માટે આવેલા બે રોટલા અતિથિસત્કાર માટે અકબરને ખવડાવ્યા. અને કહ્યું કે 'મારી જગ્યાએ તમે હોત તો મને મારી નાંખ્યો હોત. પણ હું ધર્મ નિરપેક્ષતામાં માનતો નથી. પણ ધર્મની મર્યાદામાં માનું છું. ધર્મ એટલે જીવન ઉપર અંકુશ. જેમ નદીને બે કિનારા છે તેથી તે સમુદ્રને મળે છે તેમ જીવનરૂપી ઘોડા ઉપર ધર્મરૂપી સવાર ન હોય તો તે ઘોડો ખાડામાં નાખે તેવી તમારી નીતિ છે, અમારી નથી. હું મારા બે ભીલો મોકલું છું જે તમને સહીસલામત મૂકી જશે.' આગળ જઈ અકબરે બીરબલને કહ્યું જ્યાં સુધી રાણા પ્રતાપ જેવા છે ત્યાં સુધી ભારતને કોઈ નમાવી નહીં શકે.'

આ ગુફાને અમે પ્રણામ કર્યા 'અહીં એક ઝરણું' હતું. ત્રણ બાજુ પહાડો છે.

આગળ જતાં ભાતે લીંબુનો છોડ જોયો. આ છોડ પીચોલા સરોવરના કાચના મહેલમાં હતો.

અમે એક વાડકી સારા ચોખા લઈ એક ચમચી સૂકી મેથી લઈ બંનેને જુદાં જુદાં બે કલાક પલાળી પાણીનું આધણ મૂકી ચોખા અને મેથી તેમાં ઓરી દીધાં. પછી તેમાં કાગદી લીંબુના ગોળ ગોળ પૈતા કરી નાંખ્યાં. તથા ભાતલીંબુનાં ૫૦ જેટલાં પાન ધોઈને તેમાં નાંખ્યાં. જરૂરી મસાલો પણ નાંખ્યો. ભાત સીજીને તૈયાર થઈ ગયા પછી રાઈ, હિંગ તેલનો વધાર કર્યો. પાનરવા ગામમાંથી આ બધી સામગ્રી મળી. કારણ તે



ભાતલીંબુ

ભાતલીંબુનો છોડવો લીંબુના છોડવા જેવો જ થાય છે. તેના પાનની સુગંધી ઘણી જ સારી હોય છે. ભાત વગેરેની વાનગીમાં ખુશ્બો માટે તેનાં પાન નાંખવામાં આવે છે. તેનાં ફળ લીંબુ જેવાં પણ ઘણાં નાનાં હોય છે. પણ નીચોવી રસ કાઢી શકાય તેવાં હોતાં નથી. આ ઝાડ ઉદેપુરમાં જગમંદિર તથા સાહેલીની વાડીમાં મેં જોયાં. પછી સાબરકાંઠાનાં કંપાઓમાં જોયાં તેનાં પાન, ભાતને સુગંધિત કરવા વપરાય છે.

અહીંથી માઇલ જ દૂર છે. અમારા છગને દોડાદોડી કરી બધી સામગ્રી એકઠી કરી આપી. આ ભાતની મીઠાશ ઑર હતી. આ ભાતની મીઠાશ અને સુવાસ સાથે સહેજ કડવાશનો મેળ અનેરો સ્વાદ આપતો હતો. સાથે તાજું પાનીયું બનાવી તાજાં મરચાં, મીઠું, ડુંગળી, જીરું લસોટીને તૈયાર કરનારી નાની બાળાને

જોઈને શહેરની છોકરી ડેકોરેટેડ ફીગર્સ જેવી દેખાવે અને કર્મમાં લાગતી હતી. મેં તેનેએક રૂપિયો આપ્યો. એક વાલ ચટણીમાં હું બે પાનીયું ખાઈ ગયો. પાનીયાનો મને જરાય ભાર લાગ્યો નથી.

અહીં ગટઉંબરીનાં ઝાડ ઉમરડા જેવાં જ જોયાં. તેને નાનાં ઉંબરા લાગે છે. અહીંના લોક તેને ખસ મટાડવા વાપરે છે.

ભાઈઓ! અહીં વસતી પ્રજામાં મેં જોયું કે આ લોક અને પરલોકમાં હિત ઈચ્છનાર આ પ્રજા મન, વચન અને દેહના વેગો જે નિંદ્ય છે તેને રોકનાર છે. છતાં માની એટલા બધા છે કે પોતાની સ્ત્રીના ખાટલામાં કોઈને બેસવા ન દે. આ લોકો વારે-ઘડીએ ખાતા નથી. સવારમાં રોટલો, બપોરે ઢાંચલું, સાંજે ખીચડી લે છે. તેઓ આ ચાલી આવતી ટ્રેડીશનથી તેઓ સારી પેઠે જાણીતા છે ખોરાકમાંથી ઉત્પન્ન થયેલા આહાર રસને સમાન વાયુ હૃદયમાં લઈ જાય છે. તે સ્થાનમાં પિત્તવડે રાસાયનિક ફેરફાર થઈ તેનું પાચન થઈ તેમાં લાલ રંગ ઉત્પન્ન થઈ લોહી બને છે, એટલે આ પ્રજા લોહીયાળ છે. ઝાડા–પેશાબની પ્રવૃત્તિ પણ પવનની અનુ-કૂળતા વડે તેમને સરળતાથી થાય છે. તેથી સો વર્ષે પણ તેમની ઈંદ્રિયો પોતાનો ધર્મ બજાવે તેવી હોય છે. આ બધો મેવાડનો મુલક છે. મારવાડ જેવો વાતવ્યાધિ અહીં નથી. માથું ઝલાઈ જવું, શરીર દુબળું થવું, બગાસાં આવવાં, હડપચી અને જીભ ઝલાઈ જવી, ગૂંગણાપણું, મૂંગાપણું, કર્ણનાદ, મન્યાસ્તંભ, વિશ્વાચી, તુની, આટોપ, પાર્શ્વશૂળ, ત્રિકશૂળ, મુહુર્મૂત્રણ, ગૃધ્રસી, કલાય-ખંજ, વાતકંટક, પાદહર્ષ, ધનુવાંત, પક્ષાઘાત, કંપ, રોમહર્ષ, અંગમર્દ, નિદ્રાનાશ વગેરે વાતવ્યાધિઓ અહીં નથી.

આ લોકો લસણનો અને આખા ધાન્યનો ખૂબ ઉપયોગ કરતા હોવાથી બહુ વાતવ્યાધિઓ થતા નથી.

અહીં આ લોકો સહેલાઈથી રોજ ૨૫ માઈલ તો ચાલતા હોવાથી, ઢાંચલા જેવા ખોરાકથી આ લોકોને રક્તવિકાર જેમકે

મુખપાક, અક્ષિરોગ, નાક–મોંની દુર્ગંધી, રક્તગુલ્મ, રતવા, અમ્લપિત્ત, પ્રદર, વાતરક્ત, મંદાગ્નિ, તૃષા, ખાટા ઓડકાર, ક્રોધ, મોહ, ખરજ, ચામઠાં, શીળસ, કોઠ વગેરે ઓછા થાય છે. તેમને જુલાબ લેવો પડતો નથી. તેનું કારણ પણ હલકો ને સુપાચ્ય ખોરાક છે. આ લોકોમાં આનુવંશિક રોગો મેં ન જોયા. તેનું કારણ તેમની આગળની પેઢી ખૂબ તંદુરસ્ત હોવી જોઈએ. મોટા ભાગનાં સ્ત્રીપુરુષો અહીં મજ્જાસારવાળાં, પાતળાં, બળવાન, ઉચ્ચારમાં મધુરતાવાળા, સુડોળ, લાંબાં, જાડાં અને ગોળાકારવાળા જોયા.

આ લોકોને મકાઈ સાત્મ્ય નથી પણ મગ સાત્મ્ય છે. પોર્ચ્યુગીઝોથી આવેલી મકાઇને પરાણે સાત્મ્ય કરવી પડી છે. આ લોકો કડાનો ઉપયોગ કરે છે. કડવો રસ અરોચક છે. છતાં કડો અપવાદ છે. કડાની છાલ, કડાનાં ફૂલ અને તેનાં ફળ ઇન્દ્રજવ મોટા ભાગના રોગોમાં વાપરે છે. આ કડો રુચિ ઉપજાવે છે. (Stomacic) તેનાથી ભીનાશ, વસા, મજ્જા, મેદ સુકાય છે. પણ તે દોષ તેઓ લસણ–છાસથી દૂર કરે છે.

આ કડો કૃમિ, તૃષા, વિષ, જ્વર, અતિસાર, દાહનો નાશ કરે છે. રૂક્ષ છે, શીત છે, કંઠ્ય છે, ધાતુક્ષીણતા દૂર કરે છે. આ ફૂલવાડીના પહાડમાં આઠ-દસ વખત ફર્યો. બે વખત હાથી સાહેબ સાથે, બે વખત પટણી સાહેબ સાથે, બે વખત સોમપુરા ભાઈ સાથે અને બે ત્રણ વખત મારા મુરબ્બી શ્રીચંદુભાઈ સાહેબ સાથે ફર્યો, આ પહાડોમાં અનેક જાતના થોર મેં જોયા. આ વખતે થોરની એક જુદી જાત જોવા મળી.

થોરનું દૂધ તીવ્ર રેચક છે. થોરનાં પાન બાફીને તેનો રસ કાઢીને બાળકોને વરાધમાં પણ પીવડાવાય છે. પથ્થરિયા પહાડોમાં થોરનાં ઝૂંડનાં ઝૂંડ ઊગેલાં દેખાય છે. થોરનો ગર્ભ ખરડમાં પણ બંધાય છે. તે પેટના જૂના મળને છૂટા પાડે છે.



થાર

સાબરકાંઠામાં થોરનાં ઝુંડનાં ઝુંડ થાય છે અને તે પથરા ઉપર પણ ઊગે છે. ભવારીથી વાકળના કિનારે ચિત્ર-વિચિત્રથી આગળ જતાં ઝુંડનાં ઝુંડ દેખાય છે.

અને આ ફૂલવાડીના ક્ષેત્રમાં અગથિયો, અંકોલ, અરણી, અર્જુન, અરીઠાં, અશોક, આમળાં, ઈંગોરિયો, ઈન્દ્રવરણાં, મોટો એલચો, જેનાં પાન હળદર જેવા હતાં. તે કદંબ, કાંચનાર, દેવ કપાસ, કેસુડો, કડો, કુંદ, મુચુકુન્દ, ખેર, ખજૂરી, ગૂગળ, ચંદન, ચંપો, જાંબુ, તગર, દાડમ, અનેક જાતની લીંબુડી, કેવડો, નાગકેસર, બોર, જેઠીમધ, માલતી, બિજોરાં, દારુહળદર, શેમળો, ધોળો સરસ, કાળીઓ સરસ, નેવરી વગેરે અને પાનરવા જેવાં સુંદર લાલ ફૂલવાળાં ઝાડો અહીં જોવાથી મને દઢપણે લાગ્યું કે આનું નામ ફૂલવાડી બરાબર છે.

ભાઈઓ ! પ્રતાપે જે ઘાસ ખાધું તે આ જગ્યા છે. અહીં ગવેધુક નામનું ઘાસ થાય છે તે મેં જોયું. ગવેધુક અને જલ-ગોધૂમનો ઉલ્લેખ અહીં જોયો. પર્વતીય મેદાનોમાં આ થાય છે. જેમ મેં દેવ આદુ કનબોડી પાસે દેડીયાપાડામાં જોયું હતું. અહીં જલગોધૂમના છોડ ત્રણથી પાંચ ફૂટ ઊંચા થાય છે. સુશ્રુતનો ટીકાકાર આને જલગોધુમ કહે છે જ્યારે બીજા ગરલ કહે છે. આ મુનિ-અન્ન છે. આ અન્ન કર્ષણ કરનાર છે તેથી આ લોક દૂબળા પાતળા છે. નળકાંઠાના પઢાર લોક આ થેગના રોટલા બનાવીને ખાય છે. આ રીતે પાણીના આ ઝરણા પાસે પ્રતાપે ઘાસ ખાઈને વર્ષો કાઢયાં. તેથી પોતાના મોનોગ્રામમાં તેણે લખ્યું કે—" જો દઢ રાખો ધર્મકો તીહિં રાખે કિરતાર " રાખ્યું.

ભાઈઓ ! હું તો આ ફૂલવાડીમાંથી ફરીને જમવા માટે પાનરવા રાણાને ત્યાં ગયો. પાનરવા નામની વનસ્પતિ ઉપરથી પાનરવા ગામનું નામ પડયું છે. પાનરવા નામની વનસ્પતિની ઘણા વખતથી હું સતત શોધમાં જ હતો કે મારે ગમે તે ભોગે પાનરવાનું વૃક્ષ શોધી કાઢવું. મારી દિલ્લી ટ્રીપમાં કોન્ટ્રાકટરોએ કાપેલાં જંગલોની દર્દીલી દાસ્તાન સાંભળી. હિમાલયનાં દેવદારની જેમ અહીં ઠેરઠેર પાનરવાના વૃક્ષ હતાં.

આ પાનરવાના ઝાડ ઉપરથી પાનરવા મહારાણા અને ગામ બંને અમર રહ્યાં છે, મારે તો એક જ લીટી લખવી છે કે—

" The poetry of Panarava is never dead "

કૃષ્ણે ઇન્દ્રના બાગમાંથી આ વૃક્ષનો રોપ લાવી અહીં રોપેલો. બીલીના પાન જેવું ત્રણ પાંખડીનું પાન બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતિનિધિત્વ ધરાવે છે. તેનાં પાન કઢીમાં નાંખીને ઉકાળે છે.

" पुष्पं पित्तरुजं हन्ति कर्णव्याधिं विनाशयेत् । "

ખાખરાની પેઠે ત્રણ ત્રણ પાનના ત્રેખડા અંતરે આવેલા જોયા. ત્રેખડાની બાજુનાં બે પાન વચલા પાન કરતાં નાનાં હોય છે. પાન ટેરવે સાંકડાં થતાં અણીદાર હોય છે. પાન શિયાળે



પાનરવો

પાનરવાનાં ઝાડ ૧૫' થી ૪૦' ઊંચાં થાય છે. થડ અને જાડી શાખાઓનો વર્ણ લીલાશ લેતો ભસ્મીવર્ણનો હોય છે અને તેના ઉપર કાળા રંગના પહોળી પડઘીવાળા કાંટા હોય છે. ખાખરાની પેઠે ત્રણ-ત્રણ પાનનાં ત્રેખડાં હોય છે. ત્રેખડી અંતરે આવેલા હોય છે. આ વસંતઋતુમાં મેં પરવાળા જેવાં રાતાં અને પોપટની ચાંચ જેવા વાંકાં અસંખ્ય ફૂલો જોયાં તેમાં ઝાકળનું પાણી ભરાઈ રહે છે તે

પાણી પીવા અનેક પક્ષીઓ આવે છે. તે વૃક્ષ આખું રાતું દેખાય છે. શીંગ ૦II' થી ૧' લાંબી તથા તેમાં ૬ થી ૮ બીજ હોય છે. આને ઈન્ડીયન કોરલ ટ્રી-હિન્દુસ્તાનનું પરવાળાનું વૃક્ષ કહે છે. અહીં આ પાનરવાની ઝાડી હતી તેથી આ ગામનું નામ પાનરવા પડ્યું છે.

ખરી જાય છે. વસંતમાં મેં જોયું કે પરવાળાં જેવાં રાતાં અને પોપટની ચાંચ જેવાં વાંકા અસંખ્ય ફૂલ આવેલાં હતાં. તેની શોભા અવર્ણનીય છે. શીંગ અર્ધાથી ૧ ફૂટ લાંબી ૬-૮ બીજવાળી હતી. અમારા ભગવાન હારીતે અમ્લપિત્તમાં પાનરવાનાં પાન અને આમળાં લેવાનું કહ્યું છે. આને ખરેખર પર્વતીય લીમડો કહીએ તો ખોટું નથી. ઝેરકોચલાના મારણમાં આનું સત્વ વપરાય છે. પાનનો તાજો રસ કર્ણશૂલમાં ખાસ ઉપયોગી છે. વેદનાહર તરીકે તેના રસનું પૂમડું દાઢમાં મૂકવા હું ભલામણ કરું છું.

અહીંના લોક સર્પવિષમાં પણ તેને વાપરે છે. ઘણા વખતથી મને થતું કે આ પાનરવા ગામનું નામ શાથી આપ્યું? આ વખતે પાનરવા નામની વનસ્પતિ જોતાં ગામના નામની સાર્થકતા જોઈ મારું ફર્યું સાર્થક થયું.

ફૂલવાડી પાનરવા સાથે સંકળાયેલું છે. કારણ કે પાનરવાના ફૂલ ખરેખર કેસુડાની માફક અજોડ છે. અહીં વસતા મારા તપસ્વી પૂર્વજોએ ખાસ કરી આત્રેયે આ ભૂમિ પસંદ કરી, ફૂલોનો આ પ્રદેશ રળિયામણો બનાવ્યો હતો. તંદુરસ્તી માટે દેહ અર્પણ કરનાર આ વનસ્પતિને નમન કરવાનું જો ન સૂઝત તો માનવ આત્માનું આભિજાત્ય જોવા ન મળત.

કુમારસંભવ, રઘુવંશ, વિક્રમોર્વશીય, શાકુંતલ વગેરેમાં આ ફૂલોની વનસ્પતિનું વર્ણન આપણને મળે છે. રામનો શોક-

ગિરિ, આ ફૂલવાડી જેવા પ્રદેશો, સાબર જેવી નદીઓ, પાનરવા અને પૂતળી જેવી ઘાટીઓએ પોતાનો કરી લીધો હતો. માણસોના જીવનવિકાસમાં દુઃખ મોટું રસાયન છે. આ દુઃખમાં ચિત્તનું દુર્ભેદ્ય કાઠિન્ય ગળાઈ જાય છે. હૃદયગ્રંથિ છેદાઈ જાય છે. તાપમાં તપીને સોનું જેમ કુંદન બને છે તેમ કાલિમા માત્ર દુઃખાગ્નિમાં ભસ્મીભૂત થઈ જાય છે અને જીવનને મંગલ ઓપ અર્પે છે. ભવભૂતિએ રામનું દુઃખ વર્ણવીને પથ્થરોને રડાવ્યા છે. પરંતુ મહાકવિ વાલ્મીકિએ રામના દુઃખને દુઃખ તરીકે ગણાવ્યું નથી. કારણ કે રામના દુઃખને આ ફૂલવાડીના પ્રદેશે પોતાનું કરી તપોવનોએ વહેંચી લીધું હતું. વાલ્મીકિએ તો વનના આનંદને વારંવાર ગાયા કરીને દુઃખને એક જાતની ભવ્યતા આપી છે.

" पयफेननिभा शशांककोमला "

કમનીય શય્યામાં સુનાર રામ, અહીં ફૂલવાડીના પહાડોમાં સૂઈ રહે છે. મહામૂલાં આભૂષણ પહેરનાર રામ–વલ્કલ ધારણ કરી શબરીનાં એઠાં બોર ખાય છે. ભાતભાતનાં પુષ્ટિકર ભોજન જમનાર રામ જાંબુ પાતાળકોળું વિદારીકંદ, ટીંબરું, આંકોલ, પિલુકનાં ફળો ખાઈને દિવસો ગાળે છે પરંતુ આ દુઃખનો વિલાપ વાલ્મીકિએ કદી કર્યો નથી. મારે તમને એ કહેવું છે કે આભાપુર પાસે વાલ્મીકિ રહેતા. તેમની કૃતિ ફૂલવાડી આજ સુધી ચાલી આવી છે. પરંતુ કોંગ્રેસ આવ્યા પછી કોન્ટ્રાકટરોએ દાટ વાળ્યો છે. ૧૯૪૭ માં જોયેલી ફૂલવાડી ૧૯૭૫ માં મને સાવ જુદી જ લાગી. લવારી ગામથી જમણી તરફ જતો ફરતો તેને બદલે ડાબે રસ્તે ફર્યો ત્યાં પણ ઉજ્જડ થયેલું લાગ્યું.

કરીઆતું તો મેં ખેડબ્રહ્મામાં રાવજીભાઈના ખેતરમાં ખૂબ

જોયું. મારા ગુરુએ ભાવપ્રકાશમાં તાવનું ચેપ્ટર મને સેંકડોવાર ભણાવ્યું હતું. તાવમાં કરીઆતાથી ચઢીઆતું કોઈ જ ઔષધ નથી. આ પ્રજાએ કિવનાઈનને બદલે કરીઆતામાં સપ્રમાણ કડવાશ છે.



બડું કરિયાતું (મામેજવો)
મામેજવો એ કરિયાતાનો જ ભેદ છે. તેનું પંચાગ ઉકાળીને તાવમાં પીવડાવવામાં આવે છે. તાવ આવ્યો હોય તો આ કરિયાતું, પરસેવો લાવી મળ પકવી ડાયાફોરેટિકનું કામ કરે છે.

કરીઆતું અને કડો અપનાવ્યાં છે. કોયદાન જીવરસનો (પ્રોટો-પ્લાઝમનો) નાશ કરે છે. બહેરા કરે છે, આંધળા કરે છે. લીવર બગાડે છે. જ્યારે કડુ કરીઆતું લીવર બગાડતું નથી, તેથી જ કહ્યું છે કે–

"પેટ ભરી માડી નવ ખાય,
કડવું ઓસડ માતા પાય."

અહીં મોટું કરીઆતું થાય છે, તેને અહીં કેટલાક મામેજવો કહે છે. આ બાજુ પણ મોટા કરિયાતાના છોડ સારા પ્રમાણમાં હતા. આ લોકોના રોગના ઈલાજમાં કેફ લાવનાર પદાર્થોમાં મહુડો ઉત્તમ છે. તાડીના રસમાંથી, ખજૂરના રસમાંથી અને મહુડાના ફૂલમાંથી દેશી માટલાની પદ્ધતિથી મદ્ય કાઢે છે તેને વારુણી કહે છે. તેનો પીવા ચોળવામાં ઉપયોગ થાય છે. મહુડાના ફળનું તેલ "ડોળિયું" ઘીની જગ્યાએ વાપરે છે. તેનાં ફૂલ વહેલી સવારે વીણી તેમાં તલ સાથે કૂટી તેના લાડવા બનાવી થાક ઉતારવા અહીંના ભીલો તેને વાપરે છે. આ લોકો મગની ખેતી ત્રણ વાર કરે છે. મગને અઢાર ગણા પાણીમાં રાંધી તેમાંથી પાણી કાઢી તેમાં હિંગ, સિંધવ, જીરું નાંખી પીએ છે. ફૂલવાડીના ઝરણામાં કેટલાક ડાંગરની ખેતી કરે છે. છીલવાડમાં મગનભાઈને ત્યાં હું સાઠી ચોખા ખાતો હતો. જ્યારે આ ચોખાને ચૌદગણા પાણીમાં રાંધી ઓસામણ કાઢી તેમાં સૂંઠ, જીરું, ધાણા નાંખી મંડ બનાવી ખાય છે. પેયા તેમનો ઘરગથ્થુ ઈલાજ છે. ખીચડીને આયુર્વેદ વિલેપી કહે છે. ૨૮ જાતની ખીચડી મેં અહીં જોઇ છે. કમોદના ચોખાની કાંજી બનાવી તેમાં દૂધ કે છાસ નાંખી ખાય છે. આ લોકોનું સ્નેહપાન ડોળિયું છે. તેથી તેમના વાયુ કે કફ વધતા નથી, આનાથી તેમનું શરીર કોમળ અને રૂક્ષતા

વિનાનું રહે છે. સો વર્ષે તેમને મોતિયો આવતો નથી. જેઠી- મધના ઉકાળા સાથે મીંઢળ નાખી વમન કરવામાં આ લોક વાપરે છે. મીંઢળનાં પુષ્પ અને ફળોનું બહુ સૂક્ષ્મ ચૂર્ણ કરી તેને સુગંધી પુષ્પમાં નાખી તેને કાંજી પાઈ તૃપ્ત કરેલા દરદીને સુંઘાડવાથી પણ વમન થાય છે. ભાઈઓ ! પંચકર્મનાં દ્રવ્યો જોવાં હોય તો સાબરકાંઠામાં આવો. વમન કરાવનાર કુકડવેલા, કડવી તુમડી, કડવાં તૂરિયાં અમે અહીં ખૂબ જોયાં.

નસોતર, કરીઆતું, સોનામુખી, ગરમાળો, થોર, નેપાળો આ બધાનો ઉપયોગ આ લોકો વિરેચનમાં કરે છે. કેટલીક પ્રક્રિયા એવી છે કે જે મને બિલકુલ શાસ્ત્રીય લાગી. ડોળીયું પાવાથી કોઠામાં રહેલા, ધાતુમાં રહેલા, સ્રોતોમા રહેલા અને ત્વચા તથા અસ્થિમાં પેઠેલા દોષો ભીના થઈ શિથિલ થાય છે. પછી તેને લીંડીઓનો, સાગનો, છાણુનો શેક આપી સ્વેદ કરી દોષો પાતળા કરી કોઠામાં લાવી શોધન ઔષધથી બહાર કાઢે છે. મારા શિષ્ય રમેશે મોહનપુરના ઠાકોરને ઘોડાની લાદનો રસ પાઈ ગેસ અને શૂળ મટાડ્યાં હતાં. સ્વેદનની મહત્તા જોવી હોય તો હોળી દ્વારા શેક કરી સ્વેદ કાઢવાનું મને શ્રેષ્ઠ લાગ્યું છે. સ્વેદની અપ્રતિમ શક્તિ એ છે કે તે સૂકા કાષ્ઠને પણ નરમ બનાવે છે. આ ગામડાઓમાં ચરકનો સ્વાધ્યાય પ્રેક્ટિકલ રીતે શીખવાનો મળ્યો છે. ત્યાં મેં તાપસ્વેદન, ઉપનાહ, દ્રવ, પરિષેક, અવગાહ, બાષ્પ, પીંડ, પ્રસ્તર, નાડી, અશ્મઘન, કુંભી, ઉષ્મ, હોલ્લાક, કૂપ, કુટી, શંકર, વગેરે સ્વેદો જુદી જુદી રીતે પ્રચલિત થયેલા હજુ મેં જોયા છે. આ લોકો પિત્તને શાંત કરવા અર્ધો આંગળ જાડો લેપ કરે છે. તે સુકાયા પછી રહેવા દે છે. આંખે દુખવા આવે ત્યારે આંખની ચારે બાજુ કાસુંદરાના પાનની લુગદી લગાવે છે. તેને ઉબટાના કહે છે.



અગથિયો

આપણાં શાકોમાં અગથીયાના ફૂલનું શાક આ લોકો ખાસ ખાય છે. આ લોકોએ પોતાનો આહાર પોતાનાં દેશનું હવામાન જોઈ ગોઠવ્યો છે અને પહેરવેશ તથા આહાર બદલ્યો નથી તેમને ગુરુ બનાવો.

તાવમાં, સળેખમમાં અગથિયાના પાનના રસનાં ટીપાં નાકમાં નાંખે છે. ફૂલનું શાક ખાય છે. તેમાં પણ કડા જેવો કટુપૌષ્ટિક ગુણ રહેલો છે. અહીં મેં અરીઠાનું વૃક્ષ જોયું. આપણા લોકો માથું ચોળવામાં અને કપડાં ધોવામાં આનો ઉપયોગ કરે છે. આના ફળના ચૂર્ણનાં ટીપાં અપસ્મારમાં નાકમાં નાંખે છે. આકડાના ફૂલની બે ચોકડી અને ચાર લવિંગ ચાવી શરદી મટાડે છે.

ફૂલવાડીમાં જેઠીમધના વેલા ખૂબ જોયા. જેના વિષે હું આગળના ભાગોમાં લખી ગયો છું.

અરવલ્લી ! તારી બલિહારી

ડૉકટરમાંથી વૈદ્ય થતી વખતે હું ખૂબ નિરાશ થઈ ગયો હતો. પરંતુ જ્યારે મેં આ જીવતી જાગતી ફૂલવાડીની, પાનરવાની વનૌષધિઓ જોઈ ત્યારે તેની દિવ્યતા અને સચોટ અસરકારકતાથી મારા નિરાશ મનમાં નવી જ ઊર્મિ, તાજગી અને સ્ફૂર્તિ આવી ગઈ. સાબરનો છેક છેડો વૌઠાનો સંગમ ધરો અને સાબરનું મૂળ તથા આકળમાં પહેલાં ફરેલો. જ્યાં હરડેના વૃક્ષ પણ છે. પણ તેની મેઈન ટ્રીબ્યુટ્રી વાકળ જેના મૂળમાં ફૂલવાડી પાનરવા વગેરે છે, જેનું વર્ણન આ ભાગમાં આપી કૃતાર્થ થયો છું. અહીં એવી વનસ્પતિ છે જે ચિત્તશુદ્ધિ કરી મોક્ષ સુધી આપણને પહોંચાડી શકે. પીલ્લકનાં ફળ ટોપલી ભરીને અમે ખાઈ ગયા છતાં ધરાયા નહોતા. એવો જ આનંદ અશોકના દર્શનથી થયો. અશોકનાં ઠેરઠેર વૃક્ષ રોપવાં જોઈએ. કાળી નગોડ ગોતવા મેં ખૂબ પ્રયત્ન કર્યો. હશે પણ ખરી. પરંતુ મને તે જડી નથી. જેમ સોમવલ્લી ઉપરથી સોમ નદી અને સોમગઢ નામ પડ્યું છે. તેમ પાનરવાના વૃક્ષ ઉપરથી પાનરવા ગામનું નામ પડ્યું છે. તેની શોધથી મને જે આનંદ થયો છે તેનું વર્ણન કરી શકતો નથી.

આખી સાબર અંદરથી વહે છે. બીજી નદીના ક્ષેત્રને કુમારિકા ક્ષેત્ર કહેતા નથી. પરંતુ આ ક્ષેત્રને કુમારિકા ક્ષેત્ર કહે છે. તેનો અનુભવ મેં કર્યો. ઝુમસર, મલાસા પહાડ, ફુલવાડી વાકળનો કિનારો, વરતોલ, આગીયા, મટોડાનું તળાવ, ગુનઈની

સાત માતાઓ, મલાસા પાસે દટાયેલો સૂર્યકુંડ, બાર બળદનો પથ્થર, ભીલોડાનો મદારીવાસ, મહોરનગરી અને મહિષાસુરી માતા, ચામુંડા માતા, તથા સોનામુખીનું કુદરતી વાવેતર, મટોડાનું દ્વાદશ લિંગવાળું શિવાલય, જુદા જુદા વૃક્ષના વાંદા, મુડેટી પાસે લુકણાવજીનું મંદિર જ્યાં મૂગો બોલતો થાય છે. ગલતેશ્વર, ખારીનો પટ, આંબલીનો એવન્યુ, લાકરોડા ગામ એ બધું જોતાં આ સાતમો ભાગ ખૂબ સમૃદ્ધ બન્યો છે. વાચકને વાચન-રસ પણ જળવાઈ રહેશે. ૨૫ વર્ષમાં જેટલું નથી ફર્યો તેટલું આ વખતે ફર્યો છું તે તમને સાતમા ભાગમાંથી દેખાશે. મહી અને સોમના સંગમ ઉપર કઠણ તપશ્ચર્યા કરનાર મારા આધ્યાત્મિક ગુરનાં પણ આ ભાગમાં દર્શન થશે. સાબરકાંઠાની વનૌષધી અને તેના કુમારિકા ખંડે મને પાવન કરી દીધો છે. બરોબર ત્રીસ વર્ષના પર્યટનના પ્રાણરૂપ આ સાતેય ભાગ સૌને આયુર્વેદની ઝાંખી કરાવશે તેમાં બેમત નથી. સત્યુગની આ નદી જેને શુભ્રમતી કહે છે તે વાકળ આગળથી નીકળી, ત્યાંના પાનરવા ફૂલવાડી ક્ષેત્રની ઝાંખી અહીં કરાવે છે તે વાકળ, લવારી પાસે થઈ ચિત્રવિચિત્ર પાસે આકળને મળી સાબર થાય છે. ટોપોથાકીમાં આકળના મૂળ બાજુ મંદિર બતાવ્યું છે જ્યાં જઈ ન શકવાનું દુઃખ છે. મારી માહિતી પ્રમાણે તે વૈદનું મંદિર છે અને હરડેના વૃક્ષ છે. આ આકળ-વાકળના સંગમથી આગળ આખી પથ્થરથી છવાયેલી સાબરની બેડ, તે સાબરને જયારે ચાંપલપુર પાસે કાછરોટીયા પહાડમાંથી નીકળતી હરણાવ ખેડબ્રહ્માથી નીકળી આવી મળે છે. હરણાવને કોશંબી ભીમાક્ષી મળે છે જ્યાં હુ છ માસ રહ્યો છું. ખેડબ્રહ્માનો ઇતિહાસ ઘણો જૂનો છે. ખૂબ ખંડેર મળે છે. ચાંપલપુરથી ધરોઈ પાસે સાબર આવી. જેનું મેં મહોરના પ્રકરણમાં વર્ણન કર્યું છે. અહીંથી સપ્તધારેશ્વર થઈ મધુપુરી કોટચર્ક આગળ થઈ સાંપડ પાસે હાથમતીને મળી આગળ વધી ગલતેશ્વર પાસે થઈ ઓરણ, સાદરા, ગાંધીનગર, અમદાવાદ થઈ આગળ વૌઠા થઈ ખંભાતના અખાતને મળે છે.

આ ઉપરથી તમને સમજાશે કે સાબરકાંઠાની વનૌષધીનું નામ યથાર્થ આપેલું છે. ભારતભરમાં, કાવેરી, તુંગભદ્રા, અંબિકા, નર્મદા, તાપી, ગંગા, હરજણ, ઓરસંગ, જમના, અલકનંદા, ગોદાવરી વગેરેના કાંઠા ફર્યો. પણ સાબરના કાંઠા જેવી સ્વર્ગીય વનૌષધી મેં ક્યાંય જોઈ નથી. હિમાલયમાં મેં બનફશા, અખ-રોટ, દેવદારનાં ગગનચુંબી વૃક્ષો જોયાં પણ સાબરના રગત-રોહીડા જેવાં વૃક્ષો, બીલીઓ, ટીંબરું, માલકાંકણી, અંકોલ, સાગ, વાંસ અને કડાનાં અસંખ્ય વૃક્ષોથી છવાયેલાં વનો દુનિયાના કોઈ પડમાં નથી.એ મારી અતિશયોક્તિ નથી. આભાપુરમાંના જેવા કંદબ, પાલનો રૂખડો, સંગમેશ્વર મહાદેવ પાસે પાંચસો વર્ષનું કાંચનાર કોસંબીના કિનારે પીલ્લકનું વૃક્ષ અને તેના ફળનો સ્વાદ જન્મો-જન્મ ભૂલાશે નહિ. ગણવા પાસેનું માનવ આકૃતિનું સદન વૃક્ષ સૃષ્ટિના પડમાં નથી.

સાબરકાંઠા આયુર્વેદનો બગીચો છે. જેણે પૃથ્વી ઉપર વનૌષધીનું દર્શન કરવું હોય તેને સાબરકાંઠા ફરવાનું મારું સૂચન છે.

જેમ નાના છોકરાને આપોઆપ પાંચ વરસમાં કેવળ સાંભ-ળવાથી; અંગ્રેજને ૩૫ વર્ષે ન સમજાય તેવી ગુજરાતી ભાષા જેમ આવડી જાય તેમ અરવલ્લીના ઔષધ આચ્છાદિત પહાડો, શેઈ, ખારી, માહિષ્મતી, શ્રવણ, પનારી, હરણાવ, સોમ, મહીસાગર, વાત્રક, મેશ્વો, હાથમતી, ભેંસ્કા, ગુહાવી, કોશંબી, કીડી–મંકો-ડીનો કાંઠો ફરનારને રૂંવાડે રૂંવાડે આયુર્વેદની વનસ્પતિઓ જડાઈ જશે. અને તે મેરુની માફક આયુર્વેદનો નિષ્ઠાવાન પુરુષ બની શકશે. સાબરકાંઠાના પર્યટને મને આયુર્વેદની સર્વોત્તમ ભક્તિ, ચિત્તશુદ્ધિનું ફળ આપ્યું છે. સાબરના કિનારાનો ડેરો મેં સંજીવનીમાં નાંખ્યો છે. એ રીતે તે ગુજરાતનું સંજીવની દુન બન્યું છે જેની એક શાખા હિંમતનગરમાં પણ પાંગરી છે, જ્યાં મારો રાતવાસો અનેક વાર રહ્યો છે.

સૌ વાંચકોને આ મારા સાત ભાગમાંનો પ્રવાસ રામાયણ અને મહાભારત જેટલી શ્રદ્ધાથી વંચવાની ભલામણ એટલા માટે કરું છું કે એથી આ લોક અને પરલોકનું રસાયન સિદ્ધહસ્ત થશે. અને આયુર્વેદનો આ ધર્મગ્રંથ છે તે જનતાને જણાય વિના રહેશે નહીં.

આકળ નદી ઉપર કોટડા ગામ આવેલું છે. કોટડા છાવણી અને કોટડા ગામ વચ્ચેથી આકળ નદી જાય છે. તે એક ડીવાઇડીંગ લાઈન છે. જ્યારે સાબરકાંઠામાં તેન્નવતે બંડ કર્યું ત્યારે તેને મહાત કરવા બ્રિટિશોએ આ કોટડામાં મિલિટરી થાણું નાંખ્યું હતું. એ રીતે આકળ પણ એક ઐતિહાસિક નદી છે. સાબરની મેઈન ટ્રીબ્યુટરી વાકળ ઉપર પાનરવા આવેલું છે.

આ પાનરવાથી ૨૦ માઈલ કોટડા છે અને કોટડાથી ૨૦ માઈલ સરૂપગંજ છે. અને સરૂપગંજથી ૨૫ માઈલ નિચલગઢ ત્યાંથી વીસ માઈલ આબુ આવેલું છે. જેના ઉપર અચલગઢ પણ વનસ્પતિથી ભરપૂર છે. મીરાં જ્યારે ચિતોડ છોડી નીકળ્યાં ત્યારે પહેલાં સાંઢણી ઉપર બેસી અહીં પાનરવા આવ્યાં હતાં. અને અહીં રોકાયાં હતાં. તેથી પાનરવામાં મીરાંની દેરી આજે પણ હયાત છે. જે પાનરવાના જૂના મહેલના કંપાઉન્ડમાં છે. અહીંથી તેઓ દ્વારકા ગયાં હતાં. આ રીતે પાનરવાનાં વૃક્ષોથી જેમ પાનરવા ઓળખાય છે તેમ મીરાંના પણ પવિત્ર પગલાંથી પાનરવા પ્રખ્યાત છે. પાનરવાથી લગભગ ૩૦ માઈલ દૂરથી વાકળ નીકળે છે. આ આખો કાંઠો વનસ્પતિથી લચપચ છે. આવી આ વાકળનો કાંઠો અમે ફર્યા ત્યારે મેં જોયું કે પંચક્ષીરવૃક્ષો દરેક ગામ દીઠ ઊભેલાં છે. વડ, ઉમરડો, પીપળ, પીપળો અને પારસપીપળો ઠેરઠેર દેખાયાં છે, છેલ્લાં વીસેક વરસોમાં પારસપીપળો ખૂબ કપાઈ ગયો છે.

ઉમરડો તો અનેક ધરાઓ ઉપર છે. તેનું પાણી લોહીવા મટાડવા પીએ છે. વીરેશ્વરનો ઉમરડો ૧૦૦૦ વર્ષ પુરાણો છે.



પીંપળ સાથે ફળ

આનાં ફળ ખાવાથી લોહીવિકાર મટે છે. દાહ, સોજો અને રક્તપિત્ત મટે છે. આનાં ફળ સ્વાદમાં ખટમીઠાં હોય છે.

વડના ટેટા સૂકવી ૧–૧ ચમચી પાવડર ખોટી ગરમી મટાડવા, આંતરડાનો ટોન સુધારવા અહીંના લોક વાપરે છે. પીપરના ટેટા મગજને સાફ કરવા તથા તેની વડવાઇ અપસ્માર માટે વપરાય છે. પારસપીપળો વ્રણ ધોવા વપરાય છે. પીપળાની છાલ વમન અટકાવવા, બાળી પાણીમાં છમકારીને પીવામાં, તૃષામાં વપરાય છે. આ રીતે આયુર્વેદનું નાક ગણાતાં પંચક્ષીરી વૃક્ષો વાકળના કાંઠે, આકળના કાંઠે પાર વિનાનાં પથરાયેલા છે. આ પાનરવા જે વાકળને કાંઠે છે ત્યાં ઘણીવાર હું આવ્યો. ત્યાં મેં પાનીયું ખાધું.

પાનીયાંમાં મકાઈના લોટને બાંધી ખાખરાનાં પાનમાં વીંટી (તાજા ખાખરાનાં પાન) છાણાનાં દેવતા ઉપર ચઢાવ્યાં હતાં. તેને પાનીયાં કહે છે. ખાખરાનો ગુણ તેમાં પૂરેપૂરો આવે છે. બાટી કરતાં પાનીયાનો સ્વાદ મને ખૂબ જ સારો લાગતો હતો. અને ચટણીમાં લસણ, ડુંગળી અને મીઠાની તીખી તમતમતી ચટણી ખાવા મળી હતી. દંત્રાલમાં સ્વીટઝર્લેંડના ભારત ખાતેના એલચી Dr. Lint (ડૉ. લીંટ) એક ભીલના ઝૂંપડામાં પેઠા ત્યારે ભીલ બાઈ રોટલો બનાવતી હતી. તે જોઈ ડૉ. લીંટે આ રોટલો અને લસણની ચટણી ખાધી. તો નાક–આંખમાંથી પાણી દદડાવતાં–સીસકારા બોલાવતાં બે રોટલા ખાઈ ગયા. અને બોલ્યા કે મેં આવી લહેજત દુનિયામાં બીજે ક્યાંય જોઈ નથી. આવો વાકળનો કાંઠો પસાર કરી છેક ચિત્ર–વિચિત્ર આવ્યા ત્યારે આકળનો સંગમ જોયો. આગળ હું લખી ગયો છું કે સાબરની ઘોંસ ઉપર આ ચિત્ર વિચિત્ર મહાદેવ છે જેમ આગળ ગલતેશ્વર મહાદેવ છે તેમ. તેવી રીતે જૂનું કોટયર્ક પણ સાબરની ઘોંસ ઉપર આવેલું છે.

દેલવાડાથી આગળ જતાં સાબર, દેલવાડા સુધી પથરાયેલ દેખાય છે. અને સપ્તધારેશ્વરથી સાંપડ સુધી કોતરવાળી દેખાય છે. સાબરમાં બેચાર ખારી નદીઓ મળે છે. મોડાસા જે માહીષ્મતી ઉપર છે તે માહીષ્મતી ઉત્કંટેશ્વર પાસે કેદારેશ્વર આગળ વાત્રકને મળે છે. આ પણ બહુ જ રમણીય પ્રદેશ છે. એ રીતે વાત્રક છેક સંગમ ધરા આગળ સાબરને મળે છે. પ્રાંતિજની બૉખમાં જે હાથમતીની કેનાલ નાંખી તે કેનાલ આ તળાવમાંથી કાઢી વહેલાર પાસે ખારીને મળે છે, અને એ રીતે ખારીકટ કેનાલ ચંડોળામાં ઠાલવી છે.

ભાઈઓ! આર્ય સંસ્કૃતિ જોવી હોય તો આ આખો કાંઠો ફેરો તો તમને હેતુ, લિંગ અને ઔષધના ત્રણ પાયામાંથી આયુર્વેદના સાચા પાયાનું દર્શન થશે.

પરોસડાથી ઘણો જ આંટીઘૂંટીવાળો માર્ગ લઈ ટેકરા ઉપર ગામમાં હું રહ્યો. વાંસની જાડી ચીપોથી ગૂંથણી કરી બનાવેલી દીવાલોમાં રહેવાની પણ મજા છે. આ પૂતળીઘાટી એ ઊંચામાં ઊંચી ઘાટી છે. જ્યારે સોનાઘાટી થોડા નીચાણ ઉપર છે. અને કોશંબીની ઘાટી નહીં પણ ખીણ છે. આ ત્રણેય ઘાટીઓ અનેક વનૌષધિઓથી ખીચોખીચ ભરેલી છે. આજુબાજુના નાના મોટા પહાડો અનેક વૃક્ષોથી આચ્છાદિત છે. આ ઘાટીઓમાં આખી જિંદગી વહી જાય તો ય કંટાળો આવે તેમ નથી. કારણ કે પાણી, પહાડ અને વનસ્પતિ એ ત્રણ ભગવાનની સર્વોત્તમ કૃતિ છે. પૂતળીઘાટી પસાર કરી અનેક આડાઅવળા માર્ગે થઈ હું પાનરવા ગયો હતો. પાનરવાના વૃક્ષને કેટલાક પાંડરવો કહે છે. તેનાં લાલચોળ ફૂલો અને કેસુડાનાં લાલ ચોળ ફૂલો આખા જંગલને બર્નીંગ ફ્લેઈમની ઉપમા આપે છે.

જીવનને શક્તિસંપન્ન બનાવવા વૃક્ષો, લતાઓ ને ક્ષુપોમાંથી મળતો પ્રાણ અગત્યનો ભાગ ભજવે છે. સાબરકાંઠાની વનસ્પતિઓના પહેલા ભાગમાં કોટેશ્વર, પરોસડા, વિજયનગર અને અંબાસા થઇ લવારી તથા પૂતળી અને સોનાઘાટીના માર્ગે થઈ ફૂલવાડી, પાનરવા અને આકુળ ઉપર આવેલું કોટડા, દેલવાડા, પોશીના અને પોશીનાથી ગણેર ઉપર થઈ છેક ખેડબ્રહ્મા સુધીનો માર્ગ આવરી લીધો છે. ભાગ–૨ જામાં વિજયનગરની આસપાસ પોળો અને આંતરસુબા પાસે સદેવંત શાવળીંગાની આજુ–બાજુનો ભાગ આવરી લીધો છે. ભાગ ૩ જામાં ગુહાવી નદી, આડા વનનું ફોરેસ્ટ તથા પાલપટ્ટો એટલો પ્રદેશ આવરી લીધો છે. ભાગ ૪માં કોસંબીના કાંઠાની વનૌષધીઓ વર્ણવી છે. ભાગ ૫માં સપ્તધારેશ્વર, વીરેશ્વર, મેશ્વો, માહિષ્મતીનો આખો કિનારો અને લગભગ સાબરકાંઠાની બધી સંસ્કૃતિ આવરી લીધી. છે. જ્યારે ભાગ છઠ્ઠામાં સોમ અને હરણાવનો મૂળથી અંત સુધીનો ભાગ આબે-


હૂણ આપ્યા છે. આ ભાગ ૭મામાં સાબરનો કોઈ ભાગ બાકી ના રહે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેથી સાબરનો અંત ભાગ વૌઠા અને સાબરનું મૂળ વાકળ પણ તેના પૂર્ણસ્વરૂપે આ ૭મા ભાગમાં લીધું છે. મહોર નામની નગરી અને એવાં જ ખંડેરો આ ભાગમાં ખાસ પ્રસિદ્ધ છે. જે ભૂતકાળનો ઈતિહાસ રજૂ કરે છે. આ પ્રદેશમાં નાલંદા અને તક્ષશીલા જેવી મોટી વિદ્યાપીઠ હોવાનું ચીની મુસાફર હુ–એન–સંગ પોતાના પ્રવાસમાં જણાવે છે. વટપલ્લીમાં રાત રોકાયો તેનો પણ તેણે ઉલ્લેખ કર્યો છે. આ વટપલ્લીમાં હું ઘણી વાર ગયા છતાં આ વખતે આ ૭મા ભાગમાં તેની નોંધ લીધી છે. આજે ૨૦૦૦ વર્ષ બાદ હરણાવ સંસ્કૃતિની નોંધ જગજાહેર થઈ છે. તેમ મારો આ લગભગ ૩૦ વર્ષ જેટલો હરણાવસંસ્કૃતિ ઉપરાંત આખા સાબર અરવલ્લીના તમામ પહાડો પનાલી, આકળ, શેઈ, ભીમાક્ષી, ખારી માહિષ્મતી, વાત્રક, મહીસાગર, સોમ, ભેંસકા, ગુહાવી, હાથમતી, કોસંબી, ઇન્દ્રાણી નદીઓના કિનારાની તમામ વનૌષધીઓ તથા સ્થાપત્યોનાં નજરે જોયેલાં વર્ણનો રજૂ કરે છે, તે બીજે ક્યાંય મળશે નહીં. આ ઉપરાંત અનેક વહેળાઓ, વાવો, કુંડો, કલેસરી જેવાં સ્થાપત્યો, કીડી–મંકોડી જેવી નાની નાની નદીઓ, વરતોળ, મટોડા, ઝુમસર, પટોલા, પીચોલા રાયસરોવર અને અરવલ્લીનાં લગભગ તમામ તળાવો અને સરોવરોનું આમાં સવિસ્તર વર્ણન છે. લાખેરા તળાવનું વર્ણન તથા લાખા વણજારાની મૂર્તિનો ઉલ્લેખ ભાગ ૫માં કરેલ છે. આ પ્રવાસવર્ણનમાં ભગવાન શંકરાચાર્યના અદ્વૈતવાદની જેમ આત્રેય શાસનપદ્ધતિનાં દર્શન સમાજને, વૈદ્યોને અને સર્વ આયુર્વેદ પ્રેમીઓને થયા વિના રહેશે નહીં. અહીંની પ્રજા અને સ્ત્રીઓ એ બધાનું પ્રાકૃતિક વર્ણન તેમજ સૂર્ય અને શિવ સંસ્કૃતિનાં સ્થાપત્યોની ઊંડી માહિતી બને તેટલી આસપાસથી મેળવી છે. અહીં જે જે મહંતોનો પરિચય થયો તેમના જીવન અને કાર્ય વિષેનું ભાથું વાચકોને ઉપયોગી થઇ પડે તે હેતુથી

પીરસ્યું છે. પાનરવાનાં વૃક્ષો ઉપરથી ગામનું નામ પાનરવા પડ્યું છે તે જાણીને હું ખૂબ જ ખુશ થયો છું પાનરવાનું વૃક્ષ, મુચુકુન્દનું વૃક્ષ તથા રાયગઢ ઉપરનો અશોક ખરેખર પહેલી જ વાર જોયો છે. ધોળો ખાખરો જોઈ હું ખરેખર નાચી ઊઠયો છું. પીળા ખાખરાએ તો મને નૃત્ય કરતો કરી દીધો હતો. કુન્દની વેલીએ મારું હૃદય જીતી લીધું છે. અમીમંજુપ, જીરું, અજમો આ બધી વસ્તુ અમારા રસોડાનો રોજનો વ્યવહારુ આયુર્વેદ હોવા છતાં અને હું આટલું ફરનાર માણસ હોવા છતાં પ્રથમવાર જ આ છોડવાઓનાં દર્શન કરી હું કૃતાર્થ થયો છું. એ રીતે જેમ ૪થો ભાગ પિલ્લક વિષે પ્રકાશ પાડે છે, તેમ ભાગ ૭મો અનેક જાતની વનૌષધીઓનો પ્રકાશ પાડે છે. સાબરકાંઠાએ મારા જીવનને નવો જ પ્રકાશ આપ્યો છે, ઊર્ધ્વ-રેતસ કર્યો છે અને ધર્મવડે અર્થ-ભોગ બધું જ મેળવી શકાય છે. માટે ધર્મને વળગી રહેવું તથા કર્મનું ફળ અહીં જ ભોગવવું પડતું હોવાથી ધર્મને અનુરૂપ કર્મો કરવાં એ કર્મ-સિદ્ધાંતની દૃઢ પ્રતિતી મળી છે. ભગવાન આત્રેયે આયુર્વેદનો ઉદ્ધાર કર્યો હતો તેનો ઉલ્લેખ આ ૭મા ભાગમાં વર્ણવતાં હું હર્ષ અનુભવું છું. સાબરકાંઠાના આ શાંત પ્રદેશે મારા હૃદયમાં દિવ્યભાવ જાગૃત કર્યો છે. સોમ જ્યાં મહિસાગરને મળે છે, તેના સંગમ ઉપર મારા આધ્યાત્મિક ગુરુ સ્વામી આત્માનંદજીના અને તેમના ગુરૂ શ્રી રામેશ્વરાનંદજીના સ્થાનનો ઉલ્લેખ કરી હું પાવન થયો છું. છેક **અમઝેરાથી** મહિસાગર નીકળે છે અને પાનરવા પાસેથી ૩૦ માઈલનો વિસ્તાર એ સાબરનું મૂળ છે તે વિગત આ ભાગમાં વણી લીધી છે. અહીંની પૂતળીઘાટી સોનાઘાટીની વનસ્પતિઓ જનમોજનમ મારાથી ભૂલાશે નહીં.

ભગવાન ચરકે જીવનને અનુબંધ નામ બતાવ્યું છે. અનુબંધ એટલે ભૂતકાળનાં જીવનને અને ભવિષ્ય કાળનાં જીવનને જોડતી આ જીવનની કડી. તે રીતે મારા ભૂતકાળનું જીવન

આભાપુર નજીકના વાલ્મિકી આશ્રમ પાસે હશે તથા હરણાવના કાંઠે હશે તેવું લાગે છે અને ભવિષ્યમાં પણ આજ કાંઠા ઉપર અવતાર એટલા માટે માગું છું કે—

"આયુર્વેદના જન તો મુક્તિ ન માગે,
માગે જન્મોજન્મ અવતાર રે.
આત્રેય ચિકિત્સા નિજ પર્યટનને,
નીરખવા ચરક અવતાર રે."



કેરમદા

માઉન્ટ આબુ ઉપર અરવલ્લીમાં ગુરૂશિખરની આસપાસ આવા તૃષા હરનાર વૃક્ષો છે.

સાબર નામ શા ઉપરથી પડયું ?

આ સાબરકાંઠામાં મેષ એટલે ઘેટો, જે નીચું માથું ઘાલી ગાંડો થઈ દોડે છે તેમ જે નદી ગાંડીતુર બની દોડે છે. તેને મેશ્વો કહેવાય છે. આ પણ અરવલ્લીની જ નદી છે. જે નદી હાથીની માફક મહાલતી મહાલતી દોડે છે અને જેની ભેખડો હાથી જેટલી વિશાળ છે તેના ઉપરથી હાથમતી નદી નામ આપ્યું છે. જે નદી સાબર જેવી અહિંસક, સૌમ્ય અને નિર્મળ છે તેનું નામ સાબર પડયું છે. સાબરને મળતી હિરણ્ય નદી હરણાવ કહેવાય છે. આવી રીતે ઘણાં જ પ્રાણીઓ ઉપરથી તથા અહિંસક પ્રકૃતિનાં પ્રાણીઓ ઉપરથી આ નામ પાડ્યાં છે. સાબરનાં શીંગડાની ભસ્મ આયુર્વેદમાં હૃદયરોગમાં વાપરી છે. તે ગરમ છે તેમ આ નદીનું પાણી ગરમ તથા પાચક છે. છલકાતી, પછડાતી, ઊછળતી તથા અંદર પેટાળમાં વહેતી નદીનું પાણી ખૂબ જ હલકું, સારક, પાચક, દીપન તથા સ્ફૂર્તિ આપવાના ગુણવાળું હોય છે તેથી પુરાણમાં પણ લખ્યું છે કે જ્યાં કોટયર્ક છે ત્યાંના આરાનું પાણી પત્ત મટાડે છે. અહીંના લોકો સાચા આર્યો છે અને વૈદિક સંસ્કૃતિ સાથે તેમનો ગાઢ સંબંધ છે.

ભારત ભરના મારા પર્યટનમાં ઘણા આદિવાસીઓમાં હું ફર્યો છું. તેમાં ય સાબરકાંઠાના આદિવાસીઓ સાવ જુદા પડે છે. અહીંના લોકોએ ગામોનાં નામ અને આયુર્વેદની વનસ્પતિનાં નામ સંસ્કૃત ઉપરથી પાડ્યાં છે. જેમ કે બાવળવાડા, ખેરવાડા,

વાંસવાડા, જાંબુવાડા, પીપળી, પાનરવા વગેરે. અહીંના લોકો સૂર્ય-ઉપાસક હોવાથી અને શક્તિશાળી હોવાથી સેક્સમાં ગાંડા બનેલા નથી પણ ખૂબ જ મર્યાદાવાળા છે. જ્યારે આ સ્ત્રી-પુરુષ બન્ને નૃત્ય કરે છે ત્યારે હજારો માણસોની સાથે સૌના પગ એકસરખા પડે છે. ઘૂઘરીઓનો ઝણકાર બેતાલ હોતો નથી. સ્ત્રીઓનાં શરીર ખૂબ ઘાટીલાં, નમણાં, સંપત્તિવાળાં, વાળ ખૂબ લાંબા, આંખ ખૂબ મોટી, દાંત દાડમની કળી જેવા, કમરથી પાતળી ઊંડી દૂંટી વાળી અને સ્તન ભરાવદાર, નિતંબ વજનવાળા અને વાણી ખૂબ જ મધુર હોય છે. પુરુષવર્ગ એટલો બધો હૃદયવાળો હોય છે કે માથું આપી દે છે. આ લોકોના ખોરાકમાં મકાઈનું ઢાંચલું, ચોખાની પેજ, મગની દાળ, ચોખાનો મંડ, મકાઈનું પાનીયું, મકાઈ ઘઉંની ખીચડી પણ આખી પાખી દળેલી ખાય છે. આ ભીલ પ્રજા લૂખું ખાતી હોવાથી તેમની આંખમાં મોતિયો આવતો નથી. બીજી વાત તાજો રોટલો અને હંમેશાં લસણ, ડુંગળી મરચું અને મીઠાની ચટણી તથા તેની સાથે નાળાની, કૂણા પુંવાડિયાની, કાસુંદરાની, બથવાની, મૂસળીની, અગથિયાના ફૂલની, તાંદળજાની, સુવાની, ડોડીની, મેથીની ભાજીઓ ખાતા હોવાથી કબજિયાત તો બિલકુલ રહેતી જ નથી. લોટ તો બિલકુલ ખાતા જ નથી. ઝાડો લાવવામાં આખાં-પાખાં ફોતરાં ખૂબ જ કામ આપે છે. શહેરના લોકો આ ભૂલી ગયા છે. ખાંડ તો તેઓ બિલકુલ ખાતા નથી. આ દેવભૂમીની દેવ પ્રજા છે. તેઓ ૮૦ માઈલ રોજ ચાલી તંદુરસ્ત જીવન ગાળે છે તેથી તેઓનો સરવાળે મોક્ષ છે જ. પ્રતાપ જેવા સૂર્યવંશી પુરુષો જાણે આથી જ તેમની સાથે રહ્યા છે અને મર્યા છે. આ લોકો પારિજાતકની સોટીઓને ગૂંથી કોઠીઓ બનાવે છે. તેમાં અનાજ ત્રણ-ત્રણ વર્ષ સુધી રહેવા છતાં બગડતું નથી. ઓછામાં ઓછી જરૂરિયાતથી જો કોઈ પ્રજા જીવતી હોય તો આ પ્રજા જીવે છે. મહુડાંને વીણી લાવી તેમાં મકાઈનો આખો-પાખો લોટ ભેળવી તેના રોટલા બનાવી

તે બાફેલી સાથે ખાય છે. લીંબુ જેવાં ટીંબરું, હૃદયને ખૂબ જ પ્રિય છે. તે આ લોકો સારા પ્રમાણમાં ખાય છે. આવાં જ ફળ લાણંગા ઉપર હું ખાવા ગયો પણ એક ભીલે મને બચાવ્યો. તે તો મકરોડાનાં ફળ હતાં. આ લોકો નાની પોતડી પહેરે છે. આંખમાં મેશ આંજે છે. માટલાનું ઠંડું પાણી પીએ છે. રોજ સ્નાન કરે છે.

તેઓ એક માટીનું ચોરસ કોઠારિયું બનાવે છે. ગામડામાં લાકડાની જેમ મજૂસ હોય છે તે લાકડાની હોય છે જ્યારે આ માટીની બનાવે છે તેમાં નાનું ચોરસ કોઠારિયું હોય છે તેની ઉપર ઢાંકણું તથા તેના ચાર પગ બનાવેલા હોય છે. તે દરેક પગ નીચે વાડકી હોય છે અને તેમાં તેલ નાંખેલું હોય છે. જેથી તેમાં જીવજંતુ પેસી શકતાં નથી. હવે આ કોઠારિયામાં બધુ માળ જેવું હોય છે. તેમાં દૂધ, દહીં, શાક, ઘી બધું જ રાખે છે. આ કોઠારિયું માટી અને છાણનું બનાવતા હોવાથી આ વસ્તુઓ સહેજ પણ બગડતી નથી. આ લોકો જે કોઠીઓ બનાવે છે તે નીચેથી સાંકડા ભાગવાળી અને ઉપરથી પહોળા ભાગવાળી હોય છે. તેમાંનું અનાજ લાંબા વખત સુધી બગડતું નથી. ઓછામાં ઓછી જરૂરિયાત હોવાથી અને ખૂબ જ સંતોષિ હોવાથી તેઓ સ્ત્રીઓને કોઈ દિવસ મારપીટ કરતા નથી અને શક્તિના ખૂબ જ ઉપાસક રહ્યા છે. આજથી ૧૧૦ વર્ષ પહેલા અંગ્રેજોએ કોટડા છાવણીમાં પહેલી ક્રિશ્ચીયન મીશનરી નાંખી હતી તે વખતે તેમની મિલીટરી પણ તેમની મદદમાં હતી. છતાં અહીંના આદિવાસીમાં લુંજો નામનો આદિવાસી હતો. તેમણે તેઓને તીરકામઠાં મારી રાતોરાત ભગાડી મૂક્યા હતા. આ લોકો કાળા બાપજી એટલે કૃષ્ણના જ ભક્ત હતા અને છે. આભાપુર, હરણાવના કાંઠે વાલ્મીકિ આશ્રમની જગ્યા જોઈ હું નાચી ઊઠ્યો છું. તેમણે રામાયણ અહીં જ લખ્યું છે. આ લોકોની સંસ્કૃતિ બધી જ સંસ્કૃત ભાષામાં છે. પહાડોમાં ગૌરી પહાડ, મહોર પહાડ, ગુહાદિત્ય પહાડ, વેરાબરનો પહાડ વગેરે પહાડો છે તેમ–તેમની સ્ત્રીઓનાં નામો પણ સંસ્કૃત ભાષામાંથી લે છે તેથી તમે સમજી

શકશો કે આર્યસંસ્કૃતિનો મૂલક આ સાબરકાંઠો રહ્યો છે. આપણું બીજ ગમે તેટલું ઉમદા હોવા છતાં અત્યારની કેળવણી, સંસ્કારથી શિક્ષણ તો સારું લીધું પણ તેમાં ગટરનું પાણી ભેળવાઈ ગયું તેવું આ લોકોમાં બન્યું નથી. લોકોનો વ્યવહાર ખરેખર સામાજિક રીતે સાચા અર્થમાં મેં જોયો છે. સારણ પદ્ધતિ અને રહેંટ, તેમાં રહેંટમાં પણ માટીના ઢાંચલાથી જે પાણી ઠલવાય છે, તે પદ્ધતિ આજે પણ કાયમ રહી છે. દુનિયામાં બીજે ક્યાંય આવી પદ્ધતિ દેખાતી નથી. આ રીતે આ લોકોએ વનસ્પતિનું જતન કર્યું છે. ડોલર પકાવવા આ જમીનનો ઉપયોગ કરતા નથી.

રહેંટ વગેરે પણ પોતે જ બનાવે છે, અને ખજૂરીનાં થડ તથા તાડનાં વૃક્ષને અડધાં ચીરી તેની નીકો બનાવે છે, અને આ સારણ પદ્ધતિથી વૃક્ષોનું જતન અને રક્ષણ થયું હતું, પણ હવે તેમણે સાચવેલાં અને વધારેલાં. વૃક્ષો, અમૂલ્ય કિંમતી વનૌષધિઓ અને જંગલોનો લાકડાં અને કોલસા બનાવનારાઓને કોન્ટ્રાક્ટ આપીને ધ્વંસ થઈ રહ્યો છે, બીજી બાજુ રાજકીય લોકો વૃક્ષારોપણનાં નાટકો ભજવે છે અને પૃથ્વી પરનાં આ દિવ્ય વૃક્ષોની ઘટાના સત્યાનાશથી પ્રજા અનાવૃષ્ટિ, દુષ્કાળ, રણની વૃદ્ધિ અને પાણીની તંગીથી પીડાવા લાગી છે.

પિતામહ આત્રેયની આજ્ઞા અનુસાર તેમના શિષ્યો રાજાઓ દ્વારા વ્યવસ્થિત રીતે વનસ્પતિનું પ્લાન્ટેશન કરાયેલું હતું. અનેકવાર હું ગુરુશિખર ચઢ્યો, જેની ઊંચાઈ ૫૬૦૦ ફૂટ છે. તેમાં મોટાં કરમદાનાં વન જોયાં હતાં. આ કરમદાં ખાતાં હું ધરાયો નથી. ખરા બપોરે આ કરમદાં અમારો થાક ઉતારતાં હતાં. આવો સાબરકાંઠો મારા પ્રાણ સાથે જડાઈ ગયો છે, કારણ કે તેમની સંસ્કૃતિએ આપણી મૂળની સંસ્કૃતિ છે. તે આ ગ્રંથના સાતેય ભાગમાં મેં છૂટીછવાઈ પીરસી છે. આખો આયુર્વેદ છ

રસો ઉપર નિર્ભર છે. ૭ રસોનાં મિશ્રણથી રસોના ૬૩ ભેદો થાય છે. તે ૬૩ રસોથી ભરપૂર વનસ્પતિઓ આ કાંઠામાં સચવાયેલી રક્ષાયેલી મેં જોઇ છે તેથી હું આ સાબરકાંઠાને વનસ્પતિનો બગીચો કહું છું. (કરમદાંની છબી પાન ૧૫૩ ઉપર જુઓ.)

આવી અલભ્ય, અમૂલ્ય, ઇશ્વિરની અદ્‌ભુત દેણગી સમી વનૌષધિઓ તથા આપણા આદિવાસીઓની સચમૂચ જોયેલી સંસ્કૃતિનું વર્ણન ૭ ભાગના આ વિશાળ ગ્રંથમાં કરવાથી મને ખૂબ સંતોષ થયો છે. તે અનેકોના હૃદયમાં પ્રકાશ પાડશે.

આયુર્વેદ એ વેદનું ઉપાંગ છે. વેદનાં છ અંગો છેઃ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ. જ્યારે ધનુર્વેદ અને આયુર્વેદ એ તેનાં ઉપાંગો છે. જેના દ્વારા શરીરનું રક્ષણ અને આરોગ્ય સિદ્ધ થાય છે. વેદના ત્રણ ભાગ છે. કર્મ, ઉપાસના અને જ્ઞાન. જીવના અંતઃકરણમાં રહેલા ત્રણ દોષો છે. એક મળ, બીજું વિક્ષેપ અને ત્રીજું આવરણ. વેદનાં પ્રત્યેક અંગ, પ્રત્યેક દોષ મળ, વિક્ષેપ અને આવરણની નિવૃત્તિ માટે છે. નિષ્કામ કર્મ વડે મળ દોષની જ નિવૃત્તિ થાય છે. વિક્ષેપ દોષની ઉપાસના વડે જ નિવૃત્તિ થાય છે. આવરણ દોષની જ્ઞાન વડે જ નિવૃત્તિ થાય છે. જેમ ક્ષુધાની નિવૃત્તિ અન્ન દ્વારા થઈ શકે, જલ દ્વારા નહીં અને પિપાસાની નિવૃત્તિ જલ દ્વારા થઈ શકે, અન્નદ્વારા નહીં. એવી રીતે વેદનું પ્રત્યેક અંગ જીવના હૃદયમાં રહેલ પ્રત્યેક દોષના નિવારણ માટે છે બીજા દોષ માટે નહીં.

દુનિયાની દરેક વસ્તુની ઉત્પત્તિમાં કંઈપણ અને કંઈક ને કંઈક પ્રયોજન હોવું જોઈએ. જેમ ઘટની ઉત્પત્તિમાં દંડ, ચક્ર, માટી, કુંભાર એ નિમિત્ત છે, અને પાણીને ધારણ કરવું તે પ્રયોજન છે. જેમ વસ્ત્રમાં, વણકર તથા સુતરના તાર તથા શાળ નિમિત્ત છે તથા અંગરખું ધારણ કરવું તે પ્રયોજન છે. તેમ કંઈપણ નિર્નિમિત અને નિષ્પ્રયોજન હોઈ શકે નહીં.

તેમ આયુર્વેદની પ્રવૃત્તિમાં શરીરની સ્વસ્થતા એ પ્રયોજન છે, અને વૈદ્ય, ઔષધિ અને પરિચારક એ નિમિત્ત છે. શરીરની સ્વસ્થતા મોક્ષ માટે છે, ભોગ માટે નહીં. જે શરીરની સ્વસ્થતા ભોગ માટે વાપરે છે તે અનર્થ કરે છે, તે જ અધર્મ અને જન્મ-મરણના કારણરૂપ છે. એટલે વેદ, જન્મ-મરણના પ્રવાહને વધારવા માટે નહીં પણ મોક્ષ માટે છે, એ રીતે આ લોકો ધનુર્વેદ અને આયુર્વેદમાં પારંગત છે. તેમણે જીવનમાં ભોગ અપનાવ્યો નથી. અહીં ઉગેલી તમામ માનવ ઉપયોગી વનૌષધિઓ માનવની સ્વસ્થતા અને રક્ષણના નિમિત્ત અને પ્રયોજનવાળી છે. તેમાં રહેલા છ રસો એવા તો ચેતન ધન છે તે વાત-પિત્ત-કફને દૂર કરી ધાતુની સામ્યતા લાવે છે. આથી આ લોકોના મોં ઉપર હું ચેતનતા જોઉં છું. તેઓ કફ મટાડવા તૂરા, તીખા, કડવા રસવાળી વનૌષધિ જેમકે ભોરીંગણી, ગળો, આદું, બહેડાં, નાગરમોથ વગેરે; પિત્ત મટાડવા ગરમાળો, પિત્તપાપડો, આમળાં, શતાવરી, જેઠીમધ, ડોડી, ગળો વગેરે તથા વાયુ મટાડવા લસણ, આદું, દશમૂળ અને ટેંટુના મૂળની છાલ, મહુડાં; ચિત્રકનો ખાસ ઉપયોગ કરે છે. આ રીતે ધાતુની સામ્યતા રાખનાર આ છ રસો તેમના જીવન અને પ્રાણ સાથે જડાઈ ગયા છે. આ આત્રેય શાસનપદ્ધતિ છે. અને વૈદ્યના ગુરુ મહર્ષિ આત્રેયનું આ કેન્દ્રસ્થાન રહ્યું છે.

"पुत्राद् दशगुणम् द्रुमम्" એ સિદ્ધાંતે એ લોકોએ જંગલો સાચવ્યાં હતાં. તેનો અંગ્રેજોએ નાશ કર્યો છે. અને હાલના રાજકર્તાઓના હૃદયમાં આપણી વન્ય સંસ્કૃતિ પાછી આવે તો જ એ વૃક્ષો પાછાં આવે. આ લોકોમાં મોહ બિલકુલ નથી. અંગ્રેજો આવ્યા બાદ રાજ્યોના રાજાઓ, એ વાઈસરોય વગેરેને ખુશ કરવા માટે શિકારો રાખી, ઘણાં જ પ્રાણીઓના શિકાર કર્યા. પહેલાંના રાજા મૃગયા કરવા નીકળતા પણ વાઘ તેના બેડલામાં હોય, પાણી પીતો હોય, ઊંઘતો હોય ત્યારે શીકાર થાય નહીં.

તેવા તેઓ કડક નિયમ પાળતા. અહીંનાં પ્રાણીઓ પણ દૈવી છે. લાખેણા મંદિરમાં મને સંધ્યાકાળે એકવાર મોટું રીંછ મળ્યું. પણ એને મને ફાડી ખાધો નહીં. પરોસળાથી આગળ હરણાવના કાંઠે હું અને મારા મિત્ર શ્રી નરેન્દ્રભાઈ હાથીએ પાણી પીતો ચટાપટાવાળો મોટો વાઘ જોયો. તમે નહીં માનો તે વાઘે અમને કશું જ કર્યું નહીં. હું તો અડધો કલાક તેની સામે બેટરીની લાઈટ જેવી તેની ચમકતી આંખો સામે જ જોઈ રહ્યો. બીજો પ્રસંગ કંડલા કંપે થયો. બારણાનું ઠેકાણું હતું નહીં. બહાર ગમાણમાં વાછરડું બાંધેલું હતું. ત્યાં વાઘ આવી વાછરડાને પકડી લઈ ગયો. પણ અમને કશું જ કર્યું નહીં. આ વાઘો પણ માનવભક્ષક નથી. ખરેખર આ પ્રાણીઓએ મને અનેકવાર બચાવ્યો છે. એકવાર સંધ્યાકાળે વીરેશ્વરની ઊંચાઈએ હજાર ફૂટ ઉપરથી નીકળતા ઝરણા પાસે ૨૦ ફૂટ લાંબો ખૂબ જ મોટો મૂછોવાળો અજગર જોયો. નોળિયા તો ખૂબ જોયા. દેવચકલીઓ, ચાસપક્ષી, કાળી ગાયો જોઈ. જે ભીલ પાસે ગાયો વધુ, તે ધનવાન કહેવાય છે. ચિત્ર–વિચિત્રનો આ મેળો હોળી પછી પંદર દિવસે ભરાય છે. ચિત્ર–વિચિત્ર શાંતનુના પુત્ર હતા. પોતાની માતા ઉપર શંકા જવાથી માતાએ શાપ દીધો. અને તેઓ આ જગાએ રહ્યા. આજુબાજુ ૧૦૦ એકર સુધી કોઈ ખેતી કરતું નથી.

આ ભૂમિ કુમારિકા એટલે ખેડાણ ન કરવાની ભૂમિ કહેવાય છે તે સિદ્ધાંત આજે તોડચો છે. આ વાત સ્કંદપુરાણમાં છે. કંપાવાળાઓએ આ નિયમ બગાડી નાખ્યો છે. મેં એક બીજી વાત એ જોઈ કે દર ત્રણ વર્ષે અહીંના ગામના લોકો નવો દેવ લાવે છે. માટીનો ઘોડાના આકારનો આ દેવ માટીનો બનેલો છે. ઘોડાને ચાર પગ પણ ડોક ઘોડા કરતાં ઊંચી અને ઘણી લાંબી અને માણસ સાવ ઝીણો. મેં તે લોકોને પૂછ્યું, આમ કેમ ? તો કહે માણસ પૃથ્વીનો

છે અને ઘોડો દેવનો છે. આ અરવલ્લીનો ઘોડો ચેતક તેની સાક્ષાત્ સાક્ષી પૂરે છે. ૫૦ માઈલ દૂરથી ધામધૂમથી આ દેવને લાવે છે. તે દિવસે આખું ગામ જમાડે છે. તેઓ ખેતરમાં જે પાક થાય તે ડુંગર ઉપર પહેલો આ દેવને ધરાવે છે. દેવ ડુંગરી ઉપર આવા તેમના દેવ જોઈ હું નાચી ઊઠ્યો છું. આ દેવ ડુંગરી મામાના પીપળિયાથી આગળ આબુરોડ જતાં આવે છે. આંબા મહુડાના આશ્રમના પ્રદેશમાં હું સાત દિવસ રહ્યો અને રાત્રે બધી ભીલ બહેનોનું નૃત્ય જોયું.

ચિત્ર-વિચિત્રના મેળામાં સૂતક ઉતારતી વખતે માથે લોટિયું. નદીમાં સ્નાન, વગેરે જે ક્રિયા કરે છે તે પણ જોવા જેવી છે. આ લોકોમાં ઊંચનીચનો ભેદ છે નહીં, મોટો નાનો તો કોઈ સમજતું જ નથી. કરેલા ઉપકારનો બદલો તેઓ ભૂલતા નથી. તેમનામાં કૃતઘ્નીપણું સહેજ પણ નથી. પુરુષ-સ્ત્રી જોડા પહેરતાં જ નથી. તેથી આંખો સારી છે ભલે પછી તેઓ ૧૧૯ ડીગ્રી તાપમાં ચાલતાં હોય, કે કાંટાની પથારી જેવી જમીન ઉપર ચાલતાં હોય. આ જંગલોમાં હાથીઓ ખૂબ જ હતા. તેઓ વડ, ઉમરડા, પીપળો પીપળાની ડાળીઓ ખાતા. પણ મહંમદ બેગડાએ તેમનો શિકાર કરી નાંખ્યો.

એક વાર અગથિયાના ફૂલની તેમજ કડાના ફૂલની તે લોકોની કઢી મેં ખાધી. મને પરસેવો વળી તાવ ઊતરી ગયો. અને સ્ફૂર્તિ આવી, આ બહેનોનાં આપેલાં ટીંબરું, છાબડીઓ ભરીને ખાઈ ગયો છું. પીપળીને લાગેલાં ચણીબોર જેવાં નાનાં ફળ અને પિલુક વૃક્ષનાં ખટમીઠાં ફળો મને અમૃત જેવાં લાગ્યાં છે. કોસંબીની ખીણ તો મારાથી જિંદગીમાં ભૂલાશે નહીં. આ લોકો ઘરો મોટા ભાગે ડુંગરા ઉપર જ બાંધે છે.

તેઓ નૈસર્ગિક વાતાવરણના ભારે શોખીન છે. સુથારી-કામ, લુહારીકામ, ઘર બાંધવાનું તથા નહેર બાંધવાનું કામ

તથા ઘર બનાવવાનું પોતે જ, નહેર બનાવવાનું તેઓ બધું જાતે જ કરે છે.

માલપુરથી ત્રીસેક માઈલ દૂરના ડુંગરામાંથી સાંકળી નામની નાના વહેળા જેવી નદી નીકળે છે. મોડાસા જતાં તે નદી ઉપર આજથી સવાસો વર્ષ પહેલાં બાંધેલો ખૂબ જ નાનો પુલ છે. તે ચૂનાથી બનેલો છે. પણ તેની ઈંટોને આજે સહેજ પણ લૂણો લાગ્યો નથી. એક પારસી કોન્ટ્રાક્ટરે અંગ્રેજોના વખતમાં તે બાંધ્યો હતો. તેણે જોયું કે શામળાજી પાસે જે મેશ્વોનો જળાગાર બાંધ્યો છે, તેમાંથી મંદિર તથા કોઠી પણ નીકળી હતી તે ૨૫૦૦ વર્ષની જૂની હતી, તે તેના ઉપરના દટાયેલા નીકળેલા સિક્કાથી ખ્યાલ આવે છે. તેના ઉપર સહેજ પણ લૂણો લાગ્યો નથી. આદિવાસી-ઓને ભેગા કરી સ્પેશિયલ લાલ માટી ભેગી કરી તેની ઈંટો બનાવી આ પુલ બાંધ્યો છે. નવા પુલો પૂરમાં તણાઈ ગયા છે, છતાં આની કાંકરી પણ ખરી નથી. આવી આ પ્રજા જ કળા-કુશળવાળી છે તથા દીર્ઘદૃષ્ટિવાળી છે.

હે અરવલ્લી! આ રીતે તારું નિમિત્ત અને પ્રયોજન હું સમજી શક્યો છું. અને તેની ઝાંખી, જેવી થઈ છે તેવી જ અહીં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. કારણ કે આયુર્વેદ અનંત છે તેનો પાર આવે તેમ નથી. તેમ દર વખતે ડુંગરા ફરતાં ફરતાં નવી નવી વનસ્પતિ મળે છે. તથા શિયાળો, ઉનાળો અને ચોમાસુ તથા જુદી જુદી ઋતુમાં મેં અનેકવાર પ્રવાસ કર્યો છે. જે સમયે, જે સ્થળે, જે કાળે, જે સ્વરૂપે, જે હાલતમાં, જેવી વનસ્પતિ મેં જોઈ છે, તેને તેવા જ સ્વરૂપમાં આબેહૂબ તેને શબ્દચિત્ર આપવા પ્રયાસ કર્યો છે. હે અરવલ્લી! આ રીતે તારું આખું સાંસ્કૃતિક પાસું, આયુર્વેદિક પાસું અને રાજકીય પાસું આ લખાણમાં આબેહૂબ સચ્ચાઈથી ભરપૂર જે મૂક્યું છે તે અનેકના હૃદયમાં સચ્ચાઈની ઝાંખી કરાવ્યા વગર રહેશે નહિ.

હે અરવલ્લી ! તારું સત્વ એટલે સાબરનીર. સાબર પ્રાણી ઉપરથી તારું નામ પડ્યું છે. સાબરને સંસ્કૃતમાં શંબર કહે છે અને હિન્દીમાં સાંબર કહે છે.

આખી દુનિયામાં સાબર જ એક એવું પ્રાણી છે કે જે અહિંસક પ્રદેશમાં રહે છે. કારણ કે તેની જાત નરમ હોવાથી બીજાના તરફથી મારી નાંખવાનો ભય સતત રહે છે. તેથી તે વધુ બુદ્ધિશાળી રહી સાવધાની અને સાવચેતીથી પોતાનું જીવન ગુજારે છે. Most intelligent stag અને આ સાબરમતીનો પ્રદેશ અહિંસક હોવાથી અહીં સાબરનો વાસ રહ્યો. પણ જ્યારથી બહારથી યવનો આ પ્રદેશમાં આવ્યા ત્યારથી સાબરનાં શીંગડાં અહીંથી રેલવેમાં બહાર મોકલાયા કર્યાં. તેને બારાશૃંગ કહે છે. કારણ તેના બે શીંગડાને શાખા-પ્રશાખાઓ નીકળી છે. તે સીધા માર્ગ ઉપર ચાલનારું પ્રાણી છે.

હે અરવલ્લી ! તારું પ્રાણી સાબર અને તારો માણસ સીધા માર્ગે ચાલનારો છે. આ પ્રાણી કેવળ ઘાસની કૂણી કૂંપો જ ખાય છે. જે નદીના પટમાં-કિનારા ઉપર ઊગી નીકળે છે. જે નદીના કિનારે આ પ્રાણીના આહાર માટેનું આવું કૂણું ઘાસ થાય છે ત્યાં સાબર રહે છે તે નદીને સાબર નામ આપવામાં આવ્યું છે. સાબરનું શીંગડું આયુર્વેદનું નાક છે. કારણ તે શીંગડું ઘસીને ચોપડવાથી હૃદય પ્રદેશ અને આસપાસનો દુખાવો તુરત મટી જાય છે. શાર્ઙ્ગધરે પણ પોતાની સંહિતામાં હૃદયશૂળ ઉપર તેની ભસ્મ વાપરી છે. આ રીતે સાબરની ચિકિત્સા એટલે અહિંસક ચિકિત્સા અને હૃદય જે પ્રાણનું સ્થાન છે તેના વાયુને-પ્રાણને સવળો કરે છે, તેથી સાબરના ગુણ પ્રમાણે સાબરનાં પાણી અને ઔષધીના ગુણો છે. આ રીતે આખી દુનિયામાં આ એક માત્ર અહિંસક પ્રદેશ છે અને અહિંસક પ્રાણીથી છવાયેલો છે. તેથી મારો પ્રાણ પણ આ સાબરકાંઠા સાથે જડાયેલો છે. તાપી, નર્મદા, મહીસાગર, ગોદા-

વરી, કાવેરી, ગંગા એ બધી ઊંડી નદીઓ છે. જ્યારે સાબર જ છીછરી છે. અને સાબરનો પટ હંમેશાં પહોળો રહ્યો છે જેથી સાબર પ્રાણીને હરવા ફરવા માટે મોકળો પ્રદેશ રહ્યો છે. અહીંની પ્રજા આ સાબરનું પાણી અને ગુણ લઈને કોઈ પણ જાતની પકડ રાખતી નથી. મકાન–ઝૂંપડી એક રાતમાં પણ ખાલી કરી શકે છે. પૈસાના સંગ્રહમાં માનતી નથી. સ્ત્રી–પુત્રાદિકમાં પણ પકડ રાખતા નથી. ભર્તૃહરિ લખે છે કે જ્યાં પકડ છે, અધિકાર છે, કબજો છે ત્યાં રગડ છે, ઝઘડો છે ને ભય ને ભય જ છે. ભોગોની પકડમાં રોગનો ભય, કુળની પકડમાં ભ્રષ્ટ થવાનો ભય, ધનની પકડમાં રાજ્યનો ભય, માનની પકડમાં દીનતાનો ભય, બળની પકડમાં શત્રુનો ભય, રૂપ અને સૌંદર્યને વૃદ્ધાવસ્થાનો ભય, શાસ્ત્રમાં વાદવિવાદમાં હારી જવાનો ભય, ગુણમાં અપકીર્તિનો ભય અને શરીરમાં મૃત્યુનો ભય રહેલો છે. સારાંશ કે જ્યાંજ્યાં પકડ છે ત્યાં ત્યાં ભયની ભારે જકડ છે. કેવળ ત્યાગ અર્થાત્ વૈરાગ્ય જ અભયરૂપ છે. એમાં કોઈ તરફથી કશો ભય નથી. આ રીતે અહીંની ભીલ પ્રજા ઉપરની બાબતોમાં પકડ વગરની છે. અને સંપૂર્ણ વૈરાગ્ય-વાળી છે એટલે નિર્ભયતાથી જીવી શકે છે.

Thc poetry of Sabarkantha is never dead.



ફળ સાથે ઉભી ભોરીંગણી–બૃહતિ.

જીવતી જાગતી અરવલ્લીનો સતત વહેતો

આધ્યાત્મિક, આયુર્વેદિક અને રાજકીય પ્રવાહ

હે અરવલ્લી ! તારા પહાડો હિમાલયના અસંખ્ય પહાડો કરતાંય મને નિરાળા લાગ્યા છે. તારા કેટલાક પહાડો ઉપર મેં એવા વડલાઓ જોયા કે જેવા મામાના પીપળીયા ગામની આગળ, દેવડુંગરીની સામે તથા રાયગઢ જતાં અમે સાબરકાંઠાનાં અનેક સ્થળોએ જોયા છે. આવા પુરાણા વડલાની ટોચે ૯ થી ૧૦ ફૂટની છત્રી બાઝેલી હતી. વડલો ૧૦૦ વર્ષનો થાય ત્યારે તેની ટોચે આવી એક છત્રી આવે છે. પછી બીજાં ૧૦૦ વર્ષ થાય ત્યારે તેની બાજુમાં આવી બીજી છત્રી ફૂટે છે. એટલે ૧૫ થી ૨૦ છત્રી-વાળા વડલા મેં તારી ગોદમાં જોયા છે. જેમ બાપ ઘરડો થાય પછી દાંત જતા રહે, શક્તિ જતી રહે તથા પુત્ર ઉપર આધાર રાખે તેમ નવી વડવાઈઓવાળો નવો વડલો ફૂટી પેલો જૂનો વડલો ખવાઈ જાય. પરસોડાથી આંતરસુબા જતાં મેં આવો વડલો જોયો. એમ હજારો વર્ષના વડલાઓ મેં તારા પહાડના ખોળામાં જોયા છે અને તે વડલાની ગંભીરતા ખરેખર ભૂલાય તેમ નથી. તેના ટેટાને સૂકવી તેનું ચૂર્ણ આંતરડાંની નબળાઈમાં તથા ઠંડક માટે ૧-૧ ચમચી ફકાય છે. વાંસવાડા ભણી પંચમહાલમાં સપ્તતાડનાં વૃક્ષો થાય છે. તે જમીનથી સીધા જ સાત આઠ તાડો એક સામટા નીકળે છે. તે પણ મેં અરવલ્લીમાં જોયા છે. તેની ગોટલી અને કોપરું જુદાં જ લાગે છે. ઝીલડા જેવું નહીં. આ ઉપરાંત પાલ ઉપરનો રૂખડો, કોસંબી ઉપરનું પિલ્લક, સંગમેશ્વર

ઉપરનું કાંચનાર તથા મુચુકુન્દ અને આભાપુર પાસે કદંબનાં સેંકડો વર્ષ જૂનાં વૃક્ષો મેં તારી ગોદમાં જોયાં છે.

હે અરવલ્લી! તારી હારમાળાના પહાડોનાં બધાં નામો સંસ્કૃત ભાષામાં જોઈ મારું રોમે-રોમ પુલકિત થયું છે, જેમકે ગૌરી પહાડ, સોમગઢનો પહાડ. આ ઉપરાંત હળદરિયા લીલા રંગનાં થડ-ડાળીવાળા પીપળનો રંગ તો મને દૂર દૂરથી આકર્ષે છે. અને તેને બાઝેલા ટેટા તો મેં અસંખ્ય જોયા. એક ઝાડ ઉપર લાખો ફળ બાઝેલાં હોય છે.

ગણેર પાસે ૧૯૪૭માં મેં ધોળા કાળા આકડાનું વન જોયું હતું. આ આકડાની પાંચ પાંખડીની અંદર આડી ચોકડી નહીં પણ ઊભા પીરામીડ જેવો ફૂલનો વચ્ચેનો ભાગ હોય છે. આ આકડા સાદા આકડા કરતાં દસ ગણા વધારે પ્રભાવવાળા હોય છે. આવી એક બે ચોકડી અને ત્રણ-ચાર લવિંગ સાથે લેવાથી તે શરદીને ધરમૂળથી કાઢી નાખે છે. ખાસ કરીને લાખેણામાં એવાં શિવમંદિરો જોયાં કે જ્યાં અનેક કાળા ધંતૂરા હતા. પણ આમાં વિશિષ્ટતા એ હતી કે એક ફૂલની અંદર બીજું ફૂલ અને તેમાં ત્રીજું ફૂલ. એમ ડબ્બલ અને ત્રબ્બલ ફૂલવાળા કાળા આકડા ખાંસી અને દમમાં વપરાય છે. ડાભા ગામ પાસે ઝાંઝરીમાં ત્યાંના મહારાજ જલજમની નામની વનસ્પતિ વાપરે છે તેનો ફોટો હું પાંચમા ભાગમાં આપી ગયો છું.

એ વેલાનાં પાન એક ઇંચથી દોઢ ઇંચ જેટલાં લાંબાં અને જંગલી જુઈ જેવાં હોય છે. પણ જંગલી જુઈનાં પાન સામસામાં લાગે છે જ્યારે આનાં પાન આંતરે આવેલાં હોય છે. તેનાં પાનનો રસ કાઢીને પાણીમાં નાંખવાથી પાણી જામી જઈ તેનો બરફ થઈ જાય છે અને દહીંની જેમ જામી જાય છે અને ઠંડક માટે આ અકસીર ઈલાજ તરીકે વપરાય છે. આને પણ હું પહાડી જડીબુટ્ટી કહું છું.

હે અરવલ્લી ! તારી પહાડી ગોદમાંની ભીનાશમાં મેં સોનગઢના ડુંગરા ઉપર અને બીજે જોયેલા તેવા પાડાવેલના વેલાઓ જોયા. એનું મૂળ લીમડાની સળીથી ડબ્બલ જાડું, પાન ત્રણ પાંખડીમાં અને ચમેલી જેવાં પણ નાના, આંતરે આવેલાં, વેલો પાતળો, તેની શીંગ સાવ નાની પાપડી જેવી આવે છે. તેનું મૂળ ગળાના કેન્સરના રોગીઓ પણ ચાવે છે અને ગળાના બીજા વ્યાધિવાળાને પણ તરત ફાયદો થઈ જાય છે. ત્રણ ત્રણ પાનનાં ત્રખડામાં આવેલાં પાન પહોળાં, મથ.ળે હૃદયાકૃતિનાં અને નાનાં નાનાં હોય છે ફૂલ ઓછેવત્તે અંશે છત્રાકાર, રંગે પીળાં, હિંદીમા તેને **ખટ્ટીતીપત્તી** અને ગુજરાતીમાં **તીનપાનકી** કહે છે. હે અરવલ્લી ! તારી નદીઓના કાંઠે ચાંગેરીની જાત જોઈ.

હે અરવલ્લી ! તારા કેટલાય વહેળાઓની ધાંસ ઉપર પહાડોમાં નાની–મોટી ડુંગરીઓમાં નેપાળાના છોડ મેં જોયા. આ નેપાળાનું પાંદડું ચારે બાજુથી ભેદાયેલું હોય છે. એનું પાન એરંડાના આકારનું હોય છે, પણ એરંડાનું પાન મોટું હોય છે. જ્યારે આનું પાન નાનું હોય છે. તેને ૪ થી ૬ દિવેલીયો લાગેલી હોય છે તેનું ફળ નાનું હોય છે. ધીરે–ધીરે મોટું થાય છે. એરંડીને જેવું ફળ આવે છે તેવું જ આનું ફળ હોય છે.

આ નેપાળાનાં ઝાડ માણસ જેટલાં ઊંચા મેં જોયાં છે. આ લોકો તીવ્ર રેચ લેવો હોય તો એક દિવેલીને ફોડી નાંખી તેની બે ફાડ કરી તેમાંથી વચલી જીભ કાઢી તેમાંનું એક ફાડિયું ગોળ સાથે પીસી તેની ગોળી ગળી જાય છે તો બરોબર દસ ઝાડા થાય છે. હે અરવલ્લી ! આ ઉપરાંત આકળના ઉપરવાસના ડુંગરાઓમાં હરડે છે તથા બહેડાં અને આમળાંનાં (ત્રિફલાંનાં) જંગલોનાં જંગલો આવેલાં છે. આ સિવાય ગરમાળો, સોનામુખી, કાળી પાડ, જેમાં બટાકા જેવા નાના કંદ હોય છે. અને જે કોટેશ્વરથી આગળના ભાગમાં થાય છે તે તથા આ ઉપરાંત સુવેરનું

ધૂપ, વીકળો, કરિયાતું આટલી વસ્તુઓ અહીંના લોકો રેચ માટે વાપરે છે, તે તારી ગોદમાં જોતાં હું ધરાયો નથી, થાકયો નથી.

હે અરવલ્લી! તારા અનેક પહાડો વાંસનાં વનોથી ભરપૂર છે. તેમાં પોલી સોટી જેવો જે મેં વાંસળીનો વાંસ જોયો તે અંદરથી સાવ પોલો અને વાંસળી જેટલી જ જાડાઈ અને ઘાટવાળો હતો. કાળા ધંતૂરાનાં ફૂલ તથા દાંડલી પણ કાળી હોય છે. શિવમંદિર પાસે મેં અનેક રંગનાં ફૂલોવાળી કરેણો જોઈ. તેમાં એક જંગલમાં આસમાની ગુલાબી રંગની કરેણ જોઈ, અને સફેદ ફૂલની કરેણોનાં વનનાં વન મેં જોયાં. કાળીયા સરસનાં ફૂલ જાણે વરરાજાના તાજ ઉપર કલગી મૂકી હોય તેવાં ખાસ જોવાલાયક લાગ્યાં. તે કલગીમાં પણ બે રંગ જોયા.

હે અરવલ્લી! આવા તારા અનેક વેલા, વેલીઓ, છોડવા, વૃક્ષો વગેરે જોઈ હું ધરાયો નથી. તારા પહાડોની ગુફાઓમાં એક સંતની પાસે નાગદમની નામની વનસ્પતિની કુદરતી ઘોડી બગલમાં દબાવવાની " આશા " અથવા " ઘોડી " હતી. આ નાગદમનીના છોડના મૂળની જાડી નેતર જેવી સોટી જ્યાં પથ્થરો આવી ગયા હોય ત્યાંથી વળાંક લેતા આકારવાળી હોય છે તે જ ભાગ, સ્વરની નાડી બદલવા માટે બગલમાં દાબી શકાય છે, એને "આશા" કહે છે. તે પણ મેં જોઈ. આ દિવ્ય ઔષધિનું લાકડું ૪૦૦ વર્ષે પણ સડયું નથી કે તેને જીવજંતુ લાગ્યાં નથી. આવી નાગદમની પણ તારી ગોદમાં ઊગે છે. તારા પહાડોમાં થતી તુંબડીઓનાં તુંબડાં, તારા સાધુઓના હાથમાં મેં જોયાં અને કેટલાકના હાથમાં ભિક્ષા માગવા માટે મનુષ્યની ખોપરીના જેવાં તુંબડીનાં ખપ્પર પણ જોયાં. સંત હોય, સાધુ હોય કે ભીલ સ્ત્રી હોય પણ પગમાં જોડા પહેરે નહીં, તે મને ખૂબ અજાયબ લાગ્યું. હે! અરવલ્લી ઝુમસર જેવાં તારાં તળાવોમાંનાં કમળો શિવમંદિરોમાં પૂજામાં વપરાય છે, જેનાં નગારાં અને ઘંટનો રણકાર મને સમાધિસ્થ બનાવી દે છે. હે અરવલ્લી!

તાદી ગુફાઓની ગોદમાં સિદ્ધ પુરુષો પણ નિવાસ કરે છે. આ ભાગમાં થતાં પાતાળકોળાં કમર સુધીનો જમીનનો ભાગ ખોદી મહામહેનતે કાઢવામાં આવે છે. પણ જો વહેળા કે નદીની ધાંસ ઉપર હોય તો તે સહેલાઈથી મળી જાય છે. મેં અતેડીનું મૂળ આભાપૂર પાસે જોયું હતું અને તે સહેલાઈથી મેળવી શક્યો હતો. પાતાળકોળાના મૂળને છેડેથી બીજું પણ કોળું લાગે છે. એ રીતે સાત-સાત કોળાં લાગે છે.



પાતાળકોળું

મનાસા પહાડમાં પાતાળકોળું મોટા પ્રમાણમાં થાય છે પણ આ કોળું પાનેલ કંપા પાસેના કચ્છી કંપા પાસેથી ખોદીને કાઢ્યું છે. ચોમાસામાં ઇન્દ્રધનુષના બે છેડાઓ વચ્ચેની જગ્યામાં પાતાળકોળું ચોક્કસ મળી આવે છે, એમ વિદ્વાન વૈદ્યો અને સંન્યાસીઓ માને છે.


આ પાતાળકોળું અંદરથી પોલું હોય છે. ઉપરથી સોનેરી રંગનું હોય છે. નીચે એક ડીંટડું હોય છે, તે તેનું મૂળ હોય છે અને ઉપરથી તેનો વેલો ૫ થી ૬ ફૂટ જઈ બહાર નીકળે છે. તેનાં પાન કોળા જેવાં હોય છે. બહાર દસ ફેસેટ હોય છે. અંદરથી સફેદ ગર્ભનાં પડ નીકળે છે. વચલો ભાગ પોચો હોય છે. કાપતાં અંદરથી પોલાણ નીકળે છે. ખાવામાં કંઈ સ્વાદ લાગતો નથી. તેનાં બીયાં ખાસ માલૂમ પડતાં નથી. માવો બિલકુલ સફેદ હોય છે. આ કોળામાં લગભગ બધો માવો જ હોય છે. ઉપર ઠોકતાં નગારા જેવું પોલું બોલે છે. પેલા કોળા જેવું ગોળ નથી પણ કોણીકલ છે. તે નીચેના ચિત્ર ઉપરથી જોઈ શકશો.



પાતાળકોળું પાનોલ કંપાવાળા ઈશ્વરભાઈ પટેલના હાથમાં દેખાય છે.

ઉપર પાતાળકોળાને જે જગ્યાએથી પકડ્યું છે તે થડની નીચેનો ભાગ છે. નીચે આગળ મૂળની દિશાએ ખોદતાં બીજો કંદ મળી આવે છે. એમ સાત ગાંઠો બાઝે છે.

આ કોળું કાઢવા માટે અમારે ૬ ફૂટ ખોદવું પડયું. આબા મનાસા પહાડમાં આ પાતાળ કોળાં થતાં હોય છે. પણ જમીનમાંથી શોધી કાઢવાં ખૂબ જ મુશ્કેલ થઈ પડે છે. વિદારી કંદ જુઓ તો કુક્કર જેવો લાગે છે, જ્યારે આ પાતાળકોળું ઉપરથી બહુ ખરબચડું હોતું નથી રુંવાટી બિલકુલ નહીં, ગળપણ નહીં તથા પેલા કોળા જેવું લાલ કે પીળું પણ નહીં, તેમ ભૂરા-કોળા જેવું બી વાળું પણ નહીં, બધાંથી સાવ જુદું જ પડે છે.



પાતાળકોળું

જમીનમાં કેડ જેટલું ઊંડું થાય છે. તેની ઉપરનો વેલો ચાર ધાર વાળો અને મખમલ જેવી આછી રુંવાટીને લીધે લીસો લાગે છે. પાંદડાં ત્રણ ધારવાળાં અને એકાંતરે બે-ત્રણ પાન એકસાથે થાય છે.

આ પાતાળકોળાનો ગર્ભ સહેજ કડુચો લાગ્યો પણ પાકયા પછી ગળ્યું થઈ જાય છે. હે અરવલ્લી! તારા તારંગાના પહાડ ઉપર દેશી મેંદી ખૂબ જોઈ. ડમરા જેવી મેંદીની જાત પણ જોઈ જે ડમરા જેવી સુગંધીત હોય છે. આ વખતે ધોળવન–કાળવન શબ્દો કેમ વપરાયા છે, તેનો અનુભવ થયો. તેનાં ટીંબરું અને બહેડાનાં વનમાં પણ લાલ–પીળાં ફૂલવાળો અશોક જોયો ત્યારે થયું કે આ ટીંબરુ અને બહેડાનાં વનોનાં જે ધોળવન અને કાળવન નામ આપ્યાં છે તે સાર્થક છે. જેમ મીઠી ડોડી જોઈ તેમ કડવી દોડી પણ જોઈ. તેનાં પણ વનનાં વન છે. હે અરવલ્લી! તારી રેતીમાં કાલીગડાના વેલા જોયા સાથે કાળાં તડબૂચ જોયાં. અંદરથી લીલા ગર્ભવાળી સાકરટેટી જેને "કોહલી" કહે છે, તે મીઠી મધ જેવી લાગી. આ વખતે તો પીળો રગતરોહીડો પણ સારા પ્રમાણમાં જોયો. અડધો માઈલ દૂરથી પણ તે મને આકર્ષતો હતો. ગાયો નાની પણ રેશમ જેવા કાળા રંગની વધારે છે. જેનું દૂધ ત્રિદોષનો નાશ કરનારું છે.

ઊંબરડા જેવાં અંજીરનાં વૃક્ષ પણ મેં જોયાં છે. ચણીબોર જેવા ખટમીઠાં પિલ્લકનાં વૃક્ષને હું જિંદગી સુધી ભૂલી નહીં શકું. ખરેખર અરવલ્લી તું દૈવી છે. તારાં પ્રાણીઓ પણ દૈવી છે. તારાં વૃક્ષો દિવ્ય ઔષધિવાળાં, બહુ જ પ્રભાવવાળાં, શરીરના જ્ઞાનતંતુઓને મજબૂત કરનારાં, સ્ફૂર્તિ આપનારાં છે. નાદરીના પહાડ ઉપર મેં સહદેવી નામની વનસ્પતિ જોઈ. તે વખતે રેવાનંદ-તીર્થજી ત્યાં હાજર હતા. તેમણે મને બતાવી. તેનું મૂળ ખૂબ કષ્ટાતી સ્ત્રીને પ્રસવ સમયે માથે બાંધવાથી જલદી છૂટકારો થાય છે. ઢુમસરના મંદિરે સાપની કાંચળી અમને મળી. હે અરવલ્લી! આયુર્વેદની તું અમર જનની છે. તારાથી આયુર્વેદને જુદો પાડી શકાય તેમ નથી. આયુર્વેદના પિતામહ ભગવાન આત્રેયને જન્મ આપનાર તું જ છે. તારા ૫૬૦૦ ફીટ ઊંચા શિખરનું નામ આયુર્વેદના ગુરુ

આત્રેય ઉપરથી ગુરુના નામ ઉપરથી 'ગુરુશીખર' પડ્યું છે. તારી અર્બુદા દેવીની ગુફા હાલેચાલે નહીં તેવી ગોળ, આખા પહાડમાં મૂળવાળી અને ઝાડીઓથી વીંટળાયેલી પથ્થરિયા હોવાથી અમારે કેન્સરનું નામ પણ અર્બુદ પાડ્યું છે.

હે અરવલ્લી! આ બધા તારા પ્રભાવને લીધે તું મારા પ્રાણ સાથે જડાયેલી છે. તેથી હું તારાથી વિખૂટો પડી શકું તેમ નથી. તેથી આ સાતેય ભાગમાં તારી સંસ્કૃતિ સંગ્રહીત.




સાબર

બહુ જ સુંવાળી જાત છે. ખૂબ ચેતનમય અને ચપળ છે. એક એક શીંગડા ઉપરની શાખા-પ્રશાખાઓ ઉપર બંને બાજુ મળી સામાન્યતઃ બાર શીંગડાં ઊગેલાં હોય છે. આ સાબરઃ પ્રાણી ઉપરથી સાબરમતી નામ પડ્યું છે.

કરીને તારા ચરણોમાં ભેટ ધરું છું. ૧૨૦૦ માઈલનાં તારાં દર્શનથી તથા ૩૦ વર્ષના પ્રવાસથી હું કૃતકૃત્ય થયો છું. હે અરવલ્લી! તને કોટી–કોટી વંદન હો.

જેના ઉપરથી સાબર પડ્યું છે તે દૈવી પ્રાણી તમને દુનિયામાં સાબરકાંઠા સિવાય કોઈ જગ્યાએ નહિ મળે.

આવું સાબર કેવળ ઘાસ ઉપર રહેનારું અહિંસક અને લાંબા છીછરા પટમાં દોડાદોડ કરતું નરમ હોવાથી બીજા તેને મારી નાંખે નહિ તેથી બહુ જ બુદ્ધિશાળી અને ચપળ રીતે જીવતું આ પ્રાણીએ સાબરનું નામ યથાર્થ પ્રતિષ્ઠિત કર્યું છે. તેના ઉપરથી જ સાબર નામ પાડ્યું છે. ધન્ય છે જટાયુ જેવા પક્ષીના ગુણવાળા આ પ્રાણી સાબરને પણ કોટી વંદન હો!



હરણાં

હે હરણ! તું પણ કેવળ ઘાસની કૂંપો ઉપર જ જીવે છે. અને તારા નામ ઉપરથી હરણાવ નામ આપ્યું છે. અને તારા ઉપરથી જ "હરણાવ સંસ્કૃતિ" ચીની મુસાફર હ્યુ-એન-સંગ જેવાએ પણ કબૂલી છે. ધન્ય છે તારી કાયાને! તારા જીવનને!




સાબર

પોતાનું તથા બીજાઓનું પણ સુખ તથા કલ્યાણ પસંદ કરે છે, તેથી તેનું સાર્થક નામ શંબર-સાબર પડેલું છે. તેનું જ નિર્દોષ પ્રાણિ સાબર જેવી નિર્દોષ વનસ્પતિઓ છે. તેની વચ્ચે ઘણી વખત હું રાતવાસો રહ્યો છું. અને એથી હું પાવન બન્યો છું.

અત્યંત અહિંસક, ચપળ, કાર્યદક્ષ, હાજરસુઝવાળું, શાખા-પ્રશાખાવાળા શીંગડાની જાળ ધરાવતું ટૂંકા પૂંછડાવાળું, તેજસ્વી, કેવળ ઘાસની ડૂંખો ખાઈ જીવનારું, સાબરનાં લાંબા પટમાં દોડાદોડ કરતું તરસ્યું થાય ત્યારે સાબરનું પાણી પીનારું, અત્યંત બુદ્ધિશાળી, સ્થિર, ધીર, તેજસ્વી આંખવાળું આ પ્રાણી, અહિંસક

૨..૧૨૫/-

એવો પ્રદેશ સાબરકાંઠાનું પ્રિયપાત્ર પ્રાણી છે. તેના નામ ઉપરથી સાબરકાંઠો પડયો છે. અનેક સાબરો રાત્રે અને દિવસે સાબરનાં કાંઠે ભીનાશવાળી જગ્યામાં જ્યાં ભીનું ઘાસ હોય છે ત્યાં તેને જોઈ હું ધન્ય બન્યો છું. સાબરની સંસ્કૃતિ એટલે એગ્રેસીવ (હુમલો કરનાર) સંસ્કૃતિ નહીં પણ રક્ષણાત્મક સંસ્કૃતિ (પ્રોટેકટીવ) આ સાબરે સાબરકાંઠાને સૃષ્ટિભરમાં આ એક માત્ર જ દૈવી મુલક બતાવી આપ્યો છે.



બ્રાહ્મી

સાબર કિનારાનું-મગજ તર કરનાર ઔષધ.

હે સાબર! તને કોટી કોટી વંદન.

☆


[સમાપ્ત]

લેખકશ્રીના બેહદ કુદરત, ભાવપૂર્વકના સાથે શ્રદ્ધા લઈને વનોમાં પ્રકૃતિમાં ખીલેલા પ્રફુલ્લ પોતાનું અંતરતમ સ્વરૂપ પ્રગટ કરે છે પ્રતિભાશાળી



દૂધિયો વચ્છનાગ.

સાબરકાંઠાના જંગલોમાં અને વાડોમાં તથાં વાંસનાં જંગલોમાં જો કોઈ એકદમ સુંદર ફૂલે મને આકર્ષ્યો હોય તો તે વચ્છનાગ છે. ઓર પડતા વાર લાગતી હોય તો આ દૂધિયા વચ્છનાગનાં મૂળને ઘસીને હાથ–પગનાં તળીયે લગાવવામાં આવે છે. એનું સંસ્કૃત નામ લાંગલી છે.



ચાંગેરી

તીન પાનકી રૂખડી, જીસકે પીળા ફૂલ,
જીસકો વહ મીલ જાય, સંપત્તિ ભરપૂર.

ધંતુરાના ઝેરને ઊતારનાર આ ચાંગેરી સાબરકાંઠામાં ખુબ થાય છે. તેનો રસ અતિસાર, ગ્રહણી અર્શને મટાડનાર છે. તમો આ ખાટી ભાજી ખાવ

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૩૮૦૦૦૧



બસન્તી

આ વનસ્પતિ સાબરકાંઠામાં થાય છે, તેના ફૂલ પીળા રંગના થાય છે. તેની તાશીર ઠંડી છે. રક્તપીત્ત અને કફનાં રોગનો નાશ કરે છે. પ્યાસને બુઝાવે છે. પસીનાની બદબૂને દૂર કરે છે. ફૂલ પીસીને ૦ા તોલા જેટલું પીવાથી લોહી વિકારને મટાડે છે. હિન્દીમાં આને ડેંધુ કહે છે.